"વિવિધ ગ્રંથમાળા" વર્ષ ૨૯ મું, સંવત ૧૯૯૬, અંક ૩૩૬

महात्मा सरयुदासजी

ભૂધરભક્ત તથા મહારાજ જાનકીદાસ-
જીનાં ટૂંકાં ચરિત્રો ઈત્યાદિ

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक ने प्रकाशक–भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ પહેલી, પૃષ્ઠ ૨૫૬ પ્રત ૬૫૦૦, સંવત ૧૯૯૭
મૂલ્ય દશ આના

"વિવિધ ગ્રંથમાળા" વર્ષ ૨૮ મું, સંવત ૧૯૯૬, અંક ૩૩૬

महात्मा सरयुदासजी

ભૂધરભક્ત તથા મહારાજ જાનકીદાસ-જીનાં ટૂંકાં ચરિત્રો ઈત્યાદિ

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक ने प्रकाशक-भिक्षु अखंडानंद

અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ પહેલી, પૃષ્ઠ ૨૫૬, પ્રત ૧૫૦૦, સંવત ૧૯૯૭

મૂલ્ય દશ આના

અમદાવાદ-"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
—ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

प्रकाशकनुं निवेदन

આ પુસ્તક "વિવિધ ગ્રંથમાળા"ના ૨૯ મા વર્ષના અંક ૩૩૬ રૂપે પ્રસિદ્ધ થાય છે.

આમાં બે સંતો અને એક ભક્તનું મળીને ત્રણ ચરિત્રો તથા તે પછી કેટલાંક ભજનો ઇત્યાદિ અપાયું છે.

પ્રથમ ચરિત્ર **મહાત્મા સરયુદાસજીનું** છે. તેઓ ચાલુ સૈકામાંજ થઇ ગયા હોવા છતાં, તેમના જીવન સંબંધી પૂરી માહિતી મળી શકી નથી. ધોળકાનિવાસી શ્રીયુત ડાહ્યાભાઇ મનોરભાઇ પટેલને મહાત્મા સરયુદાસજી સાથે અંગત પરિચય થયેલો; તે સંબંધી તેમણે 'સરયુસંગમ' નામે લેખ લખ્યો હતો. તે વાંચવામાં આવતાં વિશેષ હકીકત મળે તો સારું, એમ વિચારી **અમદાવાદમાં પ્રેમદરવાજે** મહારાજ સરયુદાસજીના મોરલીધરના મંદિરમાં હાલરહેતા મહારાજ વૃંદાવનદાસજીને એ વિષે વાત કરી. તેમણે પોતાની યાદગીરીમાં હતી તેટલી વિગત લખી આપી. તે ઉપરાંત થોડી વિગત મહાત્મા સરયુદાસજીની કથામાં જતા એક વૃદ્ધ ભકતને પૂછીને ઉતારી લીધી હતી. એ રીતે એકઠી કરાયલી સર્વ હકીકત વ્યવસ્થિત રીતે ગોઠવીને અપાઇ છે.

બીજું ચરિત્ર **શ્રીભૂધર ભક્તનું** છે. તેઓ થોડાંજ વર્ષો ઉપર થઇ ગયેલા હોઇ ધોળકા તાલુકાના ચંડીસર ગામેથી ધંધાર્થે આવીને તેમણે અમદાવાદમાં નિવાસ કર્યો હતો. બાળપણથી પ્રભુ ઉપર સારી શ્રદ્ધા હતી; અને અમદાવાદ આવ્યા પછી એ શ્રદ્ધા દિવસે દિવસે વૃદ્ધિંગત

થતી ચાલી. જે કોઇ સંત મળે અથવા આવ્યા સાંભળે તેમની પ્રેમથી સુશ્રુષા કરતા અને તેમના ઉપદેશામૃતનું પાન કરવા પ્રયત્નશીલ રહેતા. નિષ્કામભાવે કરેલી પ્રભુભક્તિ એક સાધારણ માણસને કેટલી ઊંચી કોટિએ પહોંચાડીદે છે, તે માટે આ ચરિત્ર ઉમદા દૃષ્ટાંતરૂપ છે. આમાં આપેલી વિગત તેમના પુત્ર શ્રીયુત ઉત્તમભાઇ પંચાલ પાસેથી એકઠી કરીને અપાઈ છે.

તે પછી ત્રીજું **મહારાજ શ્રીજાનકીદાસજીનું** ચરિત્ર અપાયું છે. એમનું ચરિત્ર પંજાબનિવાસી કવિશ્રી પરમેશ્વરાનંદજીના હસ્તે લખાયું છે. એવું બનેલું કે, તેમને જાંઘમાં રસોળી થઇ હતી. તેનું ઓપરેશન કરાવવા નડિયાદ આવ્યા અને પ્રસંગોપાત્ત મહારાજ જાનકીદાસના સ્વર્ગસ્થ ભક્ત ગણપતભાઇ હરિભાઇ બારોટનો મેળાપ થયો. તેમણે સંતરામ મંદિરમાં રહેવાની તેમને સગવડ કરી આપી હતી. એક દિવસ કેટલાક ભક્તજનો સ્વામીજીનું જીવનચરિત્ર તૈયાર કરાવવા સંબંધી વિચાર કરતા હતા. તે વાત કવિશ્રીના કાને પડતાં પોતે એ ચરિત્ર લખવાનું માથે લીધું અને પછી હિન્દી તૈયાર કરી આપ્યું. તેના પરથી નડિયાદનિવાસી ભક્ત શ્રીયુત ગોકળદાસભાઇ મોતીલાલ સરૈયાએ ગુજરાતીમાં ભાષાંતર કરી આપતાં યથાયોગ્ય સંશોધન સહિત આમાં લેવાયું છે.

ઉપરનાં ત્રણે ચરિત્રોરૂપી ત્રિવેણીસંગમમાં શુદ્ધભાવે ડૂબકી માર્યા પછી શુદ્ધ થયેલા અંતકરણને પ્રભુમાં જોડવા ઇચ્છનાર વાચકબંધુ માટે છેવટે **કેટલાંક ભજનો, સાખીઓ, ધૂનો ઈત્યાદિ** આપેલાં છે.

આ આમાં આપેલાં ચરિત્રો તૈયાર કરવા–કરાવવામાં મહારાજ વૃંદાવનદાસજી, શ્રીયુત ઉત્તમભાઇ ભૂધરભાઇ પંચાલ, શ્રીયુત ગોકળદાસ મોતીલાલ અને કવિશ્રી પરમેશ્વરાનંદજીએ એક યા બીજા પ્રકારે ફાળો આપેલો છે; તેથી અત્રે તેમનો અત્યંત આભાર માનવામાં આવે છે.

જો કોઇ સજ્જન આમાં આપેલાં ચરિત્રો સંબંધી વિશેષ માહિતી લખી મોકલાવશે તો તે યોગ્ય જણાતાં નવી આવૃત્તિમાં ઉમેરી લેવાશે.

આ પુસ્તક સાથે સંસ્થાના ગ્રંથોનું નવું સૂચીપત્ર મોકલ્યું છે; તે તરફ વાચકબંધુઓનું ધ્યાન ખેંચવામાં આવે છે

આ પછીનાં પૃષ્ઠોમાં ચાલુ વરસનો "વિવિધ ગ્રંથમાળા"નો પુષ્પમેળ અને "વિવિધ ગ્રંથમાળા"નું ચાલુ વરસનું ધોરણ અપાયું છે.

તે પછી (૧) એક સંતનો અનુભવ, (૨) સંતોં કે જીવન સે સંકલિત, (૩) યજ્ઞાનામ્ જપયજ્ઞોઽસ્મિ, (૪) સાધુ કોણ કહેવાય? (૫) સંન્યાસીઓને હિંદમાતાની હાકલ, (૬) દાનનો પલટાતો પ્રવાહ, (૭) ગામડે જઈને, (૮) ગૃહસ્થોં કે લિયે સાધારણ નિયમ, (૯) ભગવાન કિસ પર પ્રસન્ન રહેતે હૈં, અને (૧૦) ગામડી ગીતા—એ લેખો અપાયા છે; એ તરફ વાચકબંધુઓનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

અંતે આમાં આપેલાં ચરિત્રો ઇત્યાદિ વાચકબંધુઓને ભક્તિ, વિવેક, વૈરાગ્ય, દયા આદિ સાધનો દૃઢીભૂત કરવામાં અને પરમશ્રેયના પંથે વળવામાં ઉપયોગી થાય એવી ભાવનાપૂર્વક **હરિઃ ૐ તત્સત્ ॥**

સંવત ૧૯૯૭,
મહા વદિ–૧૧

અગુણસાગર
—ભિક્ષુ અખંડાનંદ

“विविध ग्रंथमाळा”नो पृष्ठमेळ सं.१९९६

“વિવિધ ગ્રંથમાળા”ના સંવત ૧૯૯૬ના ઓગણત્રીસમા વર્ષનાં ૫×૭॥ના કદનાં અપાયેલાં પુસ્તકોનો પૃષ્ઠમેળ નીચે પ્રમાણે છેઃ—

ગ્રંથાંક	પુસ્તકનું નામ	પૃષ્ઠ	મૂલ્ય	ટપાલ-ખર્ચ
૩૨૫ થી ૩૨૭	સત્યાગ્રહ અને અસહયોગ	૪૯૬	૧।	૦।
૩૨૮ થી ૩૩૨	શ્રીતુકારામ ગાથા-ગ્રંથ ૨જો	૯૪૪	૨।	૦।=
૩૩૩ થી ૩૩૫	શુભસંગ્રહ ભાગ ૯ મો	૭૩૬	૨)	૦।=
૩૩૬	મ૦ સરયુદાસજી, ભુધરભક્ત મ૦ જાનકીદાસનાં ચરિત્રો	૨૦૮	૦॥=	૦।
		૨૩૮૪,	૬)=,	૧।,

ઉપર મુજબ ૮૪ પૃષ્ઠનું વધુ વાચન અપાયું છે, તે હવે પછીના સંવત ૧૯૯૭ના વર્ષમાં મજરે ગણી લેવાશે.

આમાંનું “**સત્યાગ્રહ અને અસહયોગ**” જપ્ત થયેલું છે; તેથી હવે તેને બદલે પૃષ્ઠ ૪૯૬નું તથા રૂપિયા ૧। ના મૂલ્યવાળું “**શ્રી બુદ્ધચરિત્ર ને અન્ય સંતપુરુષો**” પુસ્તક મળશે.

ચાલુ વરસ સંવત ૧૯૯૭ નું “વિવિધગ્રંથમાળા”નું ધોરણ નીચે છપાયું છે. પહેલું પુસ્તક **મનુસ્મૃતિ** છપાય છે. તે પછી ઈશ્વરેચ્છાતો ભક્તચરિત્ર ભાગ ૨ જો, આખ્યાનમાળા ગ્રંથ ૩ જો, પૂજાનાં ફૂલ, વૈદ્યક સંબંધી ગ્રંથો, મહાત્મા રામચંદ્ર દત્ત ઇત્યાદિમાંથી પસંદગી કરાઇને પ્રસિદ્ધ થશે.

“विविध ग्रंथमाळा”नुं हालनुं धोरण

૧—વાર્ષિક મૂલ્ય પાકા પૂઠાં સાથે રૂપિયા ૫) હોઇ ટપાલખર્ચ ચાલુ વર્ષનું માફ હોય છે. આફ્રિકા ઇત્યાદિ દેશાવર માટે વાર્ષિક મૂલ્ય રૂપિયા ૮ (અથવા શિલિંગ ૧૨) છે. ૨—પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં

કારતકથી પુસ્તકો અપાય છે. ૩—"પરબ્જા"ના ક્રમનાં **પૃષ્ઠ ૧૯૦૦ થી ૨૧૦૦ સુધાં** ત્રણથી ચાર પુસ્તકો દ્વારા અપાય છે. તેમાંનાં નીકળ્યાં હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાઈ, બાકીનાં નીકળે તેમ મોકલાય છે. ૪—કોઈ વાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદા પૂંઠાવાળુંજ બંધાશે અથવા બીજા પાકા પૂંઠાં-વાળા પુસ્તકના ભેગું બંધાવાશે. ૫—પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું વાર્ષિક મૂલ્ય મંગાવી લેવાશે; પણ બનતાં સુધી તે વિષે અગાઉથી ચેતવણી અપાઇ, જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે, તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે. ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. આવ્યે તે પાછું વાળશે તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક ગુમાવશે; પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઈ કારણથી પાછું વળ્યું હશે, તેઓ પોતાનું વાર્ષિક મૂલ્ય મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે; તથા વી. પી. પાછું વળ-વાથી ટપાલ આદિ ખર્ચ રદ ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. ૭—"વિવિધ ગ્રંથમાળા"નાં પુસ્તકો પૂરતી ચોકસી કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને મળે નહિ તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. ટપાલખાતા પર અરજી કરવા છતાં જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો ટપાલખાતા સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે તો બનતો વિચાર થશે. ૮—ગેરવલ્લે જાય નહિ તેટલા માટે દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય તેમણે તે ખર્ચના બાર આના વધુ મોકલવા. ૯—વાર્ષિક મૂલ્ય રૂબરૂમાં ભરનારને તેજ વખતે છાપેલી પાવતી અપાય છે તથા વી. પી. દ્વારા વાર્ષિકમૂલ્ય ભરનારે વી. પી. ઉપર જે સરનામું, ટપાલની છાપ વગેરે હોય છે, તેનેજ પાવતી તરીકે જાળવી રાખવાનું છે. ૧૦—મુંબઈના કાર્યાલયમાં "વિવિધ ગ્રંથમાળા"નું વાર્ષિક મૂલ્ય ભરનારે તે ભર્યા પછીનો સર્વ સંબંધ અમદાવાદનાજ કાર્યાલય સાથે સમજવાનો છે.

अनुक्रमणिका

શરૂનાં પૃષ્ઠોમાં અપાયલા પ્રકીર્ણ લેખો

एक संतनो अनुभव×

નિવેદન

કેટલાક દિવસો પહેલાં સાધુસમાગમનો લાભ લેવા હું હૃષીકેશ ગયો હતો. ત્યાં સ્વર્ગાશ્રમમાં 'શ્રીનારાયણ સ્વામીજી' નાં દર્શન થયાં. તેઓ ખાનદાન કુટુંબમાં જન્મી ઊંચી કેળવણી પામેલા એક પુરુષ છે. હમણાં તો તેઓ નિરંતર શ્રીનારાયણના નામનો જપ કરે છે. ચોવીસે કલાક મૌન સેવે છે. કેવળ બે કલાક નિદ્રા લે છે. પોતે કોઇ જાતનો સંગ્રહ કરતા નથી. ઓરડીમાં એક દોરી બાંધી રાખી છે, એની ઉપર કંતાનના કકડાનું કૌપીન મૂકવેલું હોય છે. ભગવાન અને ભગવત્પ્રેમીની વાતો થતાં એમનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા માંડે છે. હમણાં તેઓ રાતના 'વિનય પત્રિકા' સાંભળ્યા કરે છે. અમદાવાદના 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય'ના સ્વામી અખંડાનંદજી કહેતા હતા કે, જે વખતે એઓના ચહેરા પર પ્રેમના જે કાંઈ ભાવો પ્રગટ થાય છે, તે ઝાંખી કરવા લાયકજ હોય છે. અમે અનુરોધ કર્યો તેથી પોતે રાતના પોતાના માનસિક ભજનમાંથી સમય ફાજલ પાડી, પોતાના જીવનની કેટલીક વાતો ઉર્દૂમાં લખવાની કૃપા કરી. પોતે લખ્યા બાદ કહ્યું કે, આમાં જે કંઇ પણ સાધનો લખવામાં આવ્યાં છે, એ સાધનોનો અનુભવ હું મારા જીવનમાં કરી ચૂકયો છું અથવા તો કરી રહ્યો છું. એમાં એવી કોઇ પણ વાત નથી લખવામાં આવી કે જેનો મને પોતાનો અનુભવ ન હોય. હોશિયારપુરના એડવોકેટ લાલા અયોધ્યાપ્રસાદજી અને બુલંદ શહેરના પં. હરિપ્રસાદજીએ સ્વામીજીની સન્મુખ જ એઓના ઉર્દૂ-લેખને મને હિંદીમાં લખાવ્યો હતો. હિંદીમાં લખાવતી વેળાએ સ્વામીજીના ચહેરા પર પ્રેમભાવનો વિકાસ જોઈ સર્વેને ઘણો આનંદ થયો હતો.

—હનુમાનપ્રસાદ પોદ્દાર

× ગીતા પ્રેસ-ગોરખપુર તરફથી પ્રસિદ્ધ થયેલા **एक संतका अनुभव** નું ગુજરાતી ભાષાંતર.

मारो अनुभव

જેટલું જલદી બોલવામાં કહી શકાય છે એથી ઘણો વધુ સમય લખીને કહેવામાં થાય છે; પરંતુ શ્રીમાન ભગવદ્દ્ભક્ત શ્રીજયદયાળજી અને શ્રીમાન હનુમાનપ્રસાદ પોદ્દાર, સંપાદક-'કલ્યાણ' ની પ્રેરણાથી, આ પાપી જીવે ગૃહસ્થાશ્રમ અને ત્યાગી અવસ્થામાં ભજન અને બીજાં સાધનો દ્વારા જે કંઇ અનુભવ મેળવ્યો છે તે લખું છું. જે ભક્તજન હોય તે આ વાંચે, ભૂલી ન જાય, યાદ રાખે અને પ્રેમથી એનો અભ્યાસ કરે. આ દાસે રાતના સમયે પોતાનું ભજન બંધ કરી, આ લખવામાં પોતાનો એ અમૂલ્ય સમય ગાળ્યો છે.

કાયસ્થ માથુરકુલના ખાનદાન અને સમ્બ્રાના વંશમાં સન ૧૮૮૦ ના એપ્રિલની ૨૬ મી તારીખે અને ચૈત્રી પૂર્ણિમાએ મુરાદાબાદમાં આ શરીરનો જન્મ થયો હતો. આ વંશના પૂર્વજો બાદશાહને ત્યાં કોઈ એક પ્રાંતના દીવાન હતા. તીવ્ર વૈરાગ્ય થવાથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરતી વખતે એવો વિચાર આવ્યો કે, ભીખ કેમ મંગાશે? ઘણી શરમ લાગશે. બીજી વાત ગુરુ મળવા જોઇએ એ હતી.

એવા વિચારમાં હતો અને ભગવાને એક સાધુને મારી પાસે મોકલ્યા. એમણે કહ્યું: 'બદરીનારાયણથી આવ્યો છું.' મેં એમની સાથે વાતચીત કરી ત્યારે એમણે મને કહ્યું કે, 'મારી પાસે એક એવી જડીબુટ્ટી છે કે જેનું રોજ સેવન કરવાથી ભૂખ બિલકુલ લાગતી નથી. રોજ સવારના રાઈના દાણા જેટલી જીભ પર રાખી તેનો રસ ઉતારવો. એ ઘણી ગરમ છે અને બદરીનારાયણમાં પેદા થાય છે.' પછી એમણે કહ્યું: 'આ વાત કોઇને કહીશ નહિ. કહીશ તો એનું ફળ નહિ મળે.'

જડી લઇને હું ઘણો ખુશી થયો અને બીજે દિવસેજ નીકળી હું હરદ્વાર આવ્યો. પાસે જે સામાન હતો તે આપી દઇ, ત્યાગ કરી, હું હૃષીકેશ આવી ગયો. સાત દિવસ સુધી રોજ એજ જડી ખાવાની ચાલુ રાખી અને ભૂખ બિલકુલ લાગી નહિ; પરંતુ શરીર ઘણું કમજોર બની ગયું હતું. બેસવાઊઠવાની પણ શક્તિ રહી નહોતી અને ભજનમાં પણ વિક્ષેપ પડતો હતો; એટલા કારણસર એ છોડી

દઈ અને ભિક્ષા માગવી એ સાધુનો ધર્મ છે એવું સમજી, ક્ષેત્રમાં જઇ ભિક્ષા માગી આણતો અને ગંગાકિનારે બેસી ખાઇ લેતો.

એ વેળા બીજો એવો વિચાર આવ્યા કરતો હતો કે, ગુરુ માટે ઘણી તપાસ કરવા છતાં હજુ સુધી ગુરુ મળ્યા નથી તો પછી ગુરુ વિના સંન્યાસ કેવો? એટલા માટે મેં એવો નિશ્ચય કર્યો કે, સદેહે ગંગાજીમાં ઝંપલાવી દેહત્યાગ કરવો જોઇએ. આવા વિચારો કરતો હતો એવામાં એક દિવસે રાતના સ્વપ્નમાં જાણે હું એક પહાડ પર ઊભો છું; એજ વખતે ભગવાન સાધુના વેશમાં આવ્યા અને કહ્યું કે, 'શ્રીબદરીનારાયણ તમારા ગુરુ છે.' એક કૌપીન અને એક કામળી આપી મને કહ્યું કે, 'નારાયણ, નારાયણ કહો અને પરમહંસ બનો.' ત્યાર પછી મને કશુંય ન જણાયું. હું રાજી થયો અને હૃષીકેશથી ગંગોત્રી-કેદારનાથ થતો થતો બદરીનારાયણ પહોંચ્યો અને ત્યાં જઈ ગુરુમહારાજનાં દર્શન કર્યાં. પછી સ્વપ્નમાં આજ્ઞા થઇ કે, ચાર ધામની યાત્રા કરીને નર્મદાકિનારે જઇ ભજન કરો. ગુરુ મહારાજની આજ્ઞાનુસાર ચારે ધામની યાત્રા કરીને નર્મદાકિનારે પહોંચ્યો અને ધીમે ધીમે ભજનસંખ્યા વધારવા સાથે, જે સાધનો નીચે બતાવ્યાં છે, તે કરતો રહ્યો.

પૂર્વજીવન અથવા ગૃહસ્થાશ્રમની સ્થિતિ પરત્વે હવે મને તિરસ્કાર આવ્યો છે અને બીજાં પણ કેટલાંક કારણો છે કે, જેનો ઉલ્લેખ કરવો મને પસંદ નથી, એટલે ક્ષમા ચાહું છું. આજ મારું જીવનચરિત્ર છે અને ઉપદેશજ મારી ધારણા છે. પરમહંસનો ભેખ લીધાને આજ સુધીમાં સાત વર્ષ, બે માસ ને ચોવીસ દિવસ થયા છે.

ભગવાને શ્રીમદ્ ભાગવતમાં ધર્મના નીચે જણાવેલા ચાર પાયા બનાવ્યા છે. **૧-સત્ય, ૨-તપ, ૩-દયા અને ૪-દાન.**

(૧) સત્ય બોલવાનાં સાધનો

૧. મૌન ધારણ કરવું. ગૃહસ્થાશ્રમીને જો વધુ સમય ન મળે તો સવારના સ્નાન કર્યા પછી બે-ચાર કલાક તો પાદપૂજામાં અવશ્ય મૌન રાખવું જોઇએ.

૨. મિતભાષી થવું એટલે કે ઓછું બોલવું. આજકાલ તો નકામું

બોલવાનો ઘણો રિવાજ છે. એનો ત્યાગ કરવો જોઇએ. જરૂર જણાય ત્યારે વાત કરવી અથવા તો જ્યારે જ્ઞાનચર્ચા કરવી હોય ત્યારે બોલવું.

૩. એકાંત–સંબંધીઓ અથવા તો મિત્રો સાથે ઓછો મેળાપ રાખવો. ઘરમાં પણ અલગ ઓરડામાં બેસવું અને ધાર્મિક પુસ્તક અવલોકવું અથવા તો જગતની અસત્યતા પર વિચાર કરવો.

૪. કોઇ પણ દિવસ સમાચારપત્ર ન વાંચવું. દુનિયાભરની ખબરો જાણવાથી નકામી વાતોની સ્ફુરણા મનમાં વધે છે. અન્ય લોકોને એ વાતો સંભળાવવામાં કંઇક જૂઠું બોલવું પડે છે, એ રીતે નકામો વખત ખરાબ થાય છે. ધર્મચર્ચા કરતાં વૃત્તપત્રો અવલોકવામાં કશો વાંધો નથી.

૫. કોઇને પણ વચન આપતાં પહેલાં વિચાર કરવો અને તે બરાબર પાળવું. દાખલા તરીકે તમે કોઇને સાંજના પાંચ વાગે અમુક સ્થળે મળવાનું જણાવ્યું હોય તો અવશ્ય પાંચ વાગ્યા પહેલાં બે-ચાર મિનિટ અગાઉથીજ ત્યાં પહોંચી જવું જોઇએ.

૬. રાતના સૂતી વખતે એ વિચાર કરવો જોઇએ કે, આજે સવારથી અત્યાર સુધીમાં હું કયાં કયાં જૂઠું બોલ્યો અને મેં કયાં કયાં પાપો કર્યાં? સૂતી વખતે એ સારોય ઇતિહાસ મનમાં આણી આજે જે ખરાબ કામો થવા પામ્યાં છે, તે બીજે દિવસે કરવામાં ન આવે એ માટે મનને ઘણું સમજાવવું. આમ કરવાથી જૂઠું બોલવામાંથી અને ખરાબ કર્મ કરવાથી મન અટકશે. આમ કરવામાં ચાર–છ દિવસ તો આળસ જણાશે; પરંતુ પછીથી ટેવ પડી જવાથી ઘણો આનંદ અનુભવાશે. ઉપર કહેલાં સાધનો કરવાથી સાચું બોલવાનો મહાવરો ઘણો જલદીથી પડશે.

દરેક પૂનમે સત્યનારાયણની કથા અવશ્ય વંચાવવી જોઇએ. જે કથા વંચાવનાર હોય એણે ઉપવાસી રહેવું જોઇએ.

સત્ય એ શ્રીનારાયણનું સ્વરૂપ છે. જેઓ ભજનને સાધન માને છે, એમણે સહુથી પહેલું આ સાધન સિદ્ધ કરવું ઘટે. સાચું બોલવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. બાર વરસ સુધી સાચુંજ બોલવાથી વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાચું બોલવાથી દુષ્કૃત્ય કરવાના વલણનો

નાશ થાય છે, ચિંતા કમી થાય છે, શાસ્ત્રને અનુસરતીસઘળી કરણી અને નીતિ થાય છે, એવા માણસની જગતના લોકો ઘણી પ્રશંસા કરે છે અને એના કહ્યા પર વિશ્વાસ રાખે છે. વેપારમાં સાચું બોલવાથી ઘણો ફાયદો થાય છે. સાચું બોલનારા ઉપર પરમાત્મા ઘણા પ્રસન્ન રહે છે અને એને સહાય કરે છે.

સાચું બોલવાથી કદી કોઇ અવસરે નુકસાન અગર તકલીફ પણ સહન કરવી પડે તો એ સહી લેવી જોઇએ. કલિયુગ એ અસત્યનું સ્વરૂપ છે. એથી આજકાલ જૂઠાણું વધારે પ્રમાણમાં ફલદાયી નીવડતું જણાય છે, પરંતુ એનું પરિણામ ઘણું માઠું આવે છે.

જૂઠું બોલવાથી તો એટલી હદે બચી જવું જોઇએ કે, બાળકોને સુધ્ધાં ખોટી ખોટી ફોસલામણીઓથી રાજી કરવાં જોઇએ નહિ બલકે ઘરનાં સઘળાં માણસોને હરહંમેશ સાચુંજ બોલવાનો ઉપદેશ આપવો જોઇએ. મુજ સરખા પાપાત્માને તો સાચું બોલવાથી ઘણો લાભ થયો છે અને હરહંમેશ આ દાસ તો સત્યને સન્માનતોજ રહ્યો છે.

'**સાચું બોલો**' એ શબ્દો તો મોટા અક્ષરે કાગળ પર ચિતરાવીને સૂવા-ઉઠવા-બેસવાની અને નાહવાની તેમજ ખાવાની જગાઓમાં ચોંટાડવા જોઇએ. પરિણામે વારંવાર એના પર નજર પડવાથી એ વસ્તુ યાદ રહેતી થશે.

આ સાધન ઘણુંજ સારું છે. જો તેને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો ઘરનાં સઘળાં માણસો, નોકર-ચાકરો સુધ્ધાં સાચું બોલવા લાગશે.

(૨) તપ કરવાનાં સાધનો

તપ કરવાને માટે યોગાભ્યાસ અને ભજન એજ બે મુખ્ય સાધનો બતાવવામાં આવ્યાં છે અને બીજાં સાધનોનો એમાં સમાવેશ થઇ જાય છે.

યોગક્રિયાઃ–પ્રાણાયમ વગેરે સાધનો ઘણાં સારાં અને પ્રાચીન છે. મહાત્માઓ પરાપૂર્વથી કરતા આવ્યા છે, પરંતુ મેં તો આ પ્રકારની ક્રિયા ક્યારેય પણ કરી નથી. કારણ માત્ર એટલુંજ કે મને એનો કોઈ પણ અનુભવ ન હતો, પરંતુ મને એનો શોક પણ નથી. માત્ર

એટલુંજ જાણું છું કે, આ કળિયુગમાં આ સાધન કરવું ઘણું અઘરું છે અને ઘણાં વિઘ્નો વેઠવા છતાં તે સંપૂર્ણ સિદ્ધ થતું નથી.

ભજન—આ સાધન બે પ્રકારે સિદ્ધ થાય છે. એક તો માળા વડે જપ કરવાથી અને બીજું જપ કર્યા વગર જેને અજપા-જાપ ભગવદ્‌ગુણાનુવાદ કહે છે.

ભજન કરનારાઓ માટે જપ કરવાની માળા એ સૌથી પહેલું સાધન છે. મન મારવાનો એ એક ઉપાય છે. જ્યાં સુધી માળા ફરતી રહેશે ત્યાં સુધી ભજન ચાલુ રહેશે. ભજન કેટલી વાર કર્યું એની ગણતરી સુધ્ધાં માળાથી જણાઇ આવશે. મેં સાંભળ્યું છે કે, આમ તૌર પર લોકો સવારસાંજ દશ–વીસ માળાઓ પોતાના નિત્યનિયમ તરીકે ફેરવે છે. આ સંખ્યા ઘણી મામૂલી છે; કારણ કે જે ભજન કરવામાં આવે છે એમાં નીચે જણાવેલી વ્યક્તિએની પુણ્ય ભાગીદાર છે. (૧) ગુરુ, (૨) માબાપ, (૩) જેની હકુમતમાં આપણે વસીએ છીએ તે અને (૪) જેઓ આપણું અન્નવસ્ત્ર વગેરેથી પોષણ કરે છે તે.

એક અહોરાત્રના ૨૪ કલાકમાં ૨૧,૬૦૦ વખત માનવશરીર શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે એટલે વધુ નહિ તો ૨૧,૬૦૦ વાર તો ભગવન્નામનો જાપ તો થવોજ ઘટે. બસો વખત માળા ફેરવવાથી આ સંખ્યા પૂરી થાય છે અને ટેવાઇ જતાં મારા ધારવા પ્રમાણે ચાર કલાકમાં બસો માળાનો જાપ કરી શકાય. બે કલાક સવારના અને બે કલાક સાંજે–અગર જેને સમય અનુકૂળ હોય તે સમયે અને ગૃહસ્થાશ્રમીઓમાંના તો દરેકે એ સાધન કરવું જોઇએ.

બીજું સાધન એ છે કે, કાયમ માટે હાથમાં એક નાની માળા રાખવી જોઇએ; જેથી હરતાં–ફરતાં–ચાલતાં પણ ભજન થયા કરે. એથી કાંઈ શરમાવાની જરૂર નથી. આ તો માણસમાત્રનો ધર્મ છે. હરતાંફરતાં ધ્યાન ન રહે તો કશો વાંધો નથી, માત્ર સવાર-સાંજ પણ એટલું સાધન થાય તો ઘણું છે.

વસ્ત્રની ગૌમુખી બનાવરાવી એમાં માળા નાખી, હરસમય તેમાં હાથ રાખી, કાયમ માટે માળા ફેરવ્યા કરવી એ ત્રીજું સાધન છે. આ સાધન પણ ઘણું સારું છે અને મથુરાવૃંદાવન તરફ એનો વધુ પ્રમાણમાં પ્રચાર નજરે જોવામાં આવે છે.

અજપા-જાપ અથવા તો ભગવદ્ગુણાનુવાદ એ ચોથું સાધન છે. જે નીચે લખેલા ચાર પ્રકારે થાય છે. આ સાધન કરનારા માળા નથી રાખતા અને એમને એની આવશ્યકતા પણ નથી. એ ચારે પ્રકારો આ રહ્યાઃ (૧) જિહ્વા વડે નામનો ઉચ્ચાર થાય. થોડો અવાજ પણ નીકળે જેથી એકાએક સ્મરણ અટકે પણ નહિ અને એ સાથે ધ્યાન પણ ચાલુ રહેવું જોઇએજ. (૨) કંઠમાંથી અવિરત જાપ ચાલુ રહે, (૩) હૃદયમાં પણ એજ સ્થિતિ હોય અને (૪) નાભિમાંથી શ્વાસોચ્છવાસ સાથે સુધ્ધાં એ ક્રિયા ચાલુ રહે.

જિહ્વા વડે એક વર્ષ, કંઠથી બે વર્ષ, હૃદયથી બે વર્ષ અને નાભિદ્વારા સાત વર્ષ સુધી ભજન કરવાથી માનવ મોક્ષસ્વરૂપ બની જાય છે અને એને સાક્ષાત્કાર થાય છે. મતલબ કે, જાગ્રત અવસ્થામાં એને પોતાની સન્મુખ ભગવાનનું દર્શન થાય છે અને એના પગમાં સિદ્ધિઓ આળોટે છે.

અજપા-જાપમાં કઇ કઈ વસ્તુઓનું પાલન કરવું જોઇએ અને કઇ કઈ વસ્તુઓ તજવી જોઈએ તે વિષેઃ—

(૧) એક વખત ભોજન અને તે પણ અલ્પાહાર, (૨) સ્વલ્પ નિદ્રા, (૩) એકાંતવાસ, (૪) ગાદીતકિયાનો ત્યાગ, (૫) ચોવીસ કલાકનું મૌન અને (૬) તિજોરીમાં જેમ ધન અનામત રહે તેમ કાયમ માટે ભજનરૂપી ખજાનો થાપણ તરીકે અનામત રહેવો જોઇએ.

હવે વિસ્તારપૂર્વક એનું ક્રમવાર વર્ણન કરવામાં આવે છે.

(૧) ભોજન ઘણું સાત્વિક હોવું જોઇએ, દહીં, ભાત, તેલ, મરચું અને આમલી, મસાલા અને શિંગદાણા તેમજ કોબીજ વગેરે જેટલા પદાર્થો× વાયુ ઉત્પન્ન કરનારા છે એ સઘળા છોડી દેવા જોઇએ. એ ખાવાથી વધુ ઊંઘ આવે છે.

મગની દાળ, રોટલી, બટાટાનું શાક વગેરેનો આહાર, સર્વોત્તમ છે. એક વખત જમવું, દાળમાં ઘી વધુ લેવું અને રાતના અડધો શેર દૂધ પીવું એ પૂરતું છે. મીઠું અને ગળ્યું ઘણું થોડા પ્રમાણમાં ખાવું જોઇએ. રોટલીનો ખોરાક આમ જો કે ગુણદાયક છે.

×કાંદા, ડુંગળી અને લસણએ તો સર્વથા ત્યાજ્ય છે. શાસ્ત્રમાં લખ્યું છે કે, ડુંગળી ખાનારને પ્રેતયોનિ પ્રાપ્ત થાય છે.

(૨) ઊંઘ ઓછી કરવાનું સાધન એ છે કે, રાતના દસ વાગ્યા પછી દર મહિને એકેક કલાક વધુ ને વધુ જાગતા રહેવું. જેમકે પહેલે મહિને દસથી અગિયાર વાગતા સુધી વધુ જાગવું; બીજે મહિને બાર વાગ્યા સુધી, ત્રીજે મહિને એક વાગ્યા સુધી, ચોથે મહિને બે વાગ્યા સુધી, એ રીતે પાછલી રાતના ચાર વાગ્યા સુધી જાગતા રહેવાની ટેવ પાડવી અને પ્રાતઃકાળમાં ચાર વાગ્યાથી તે ૭ વાગ્યા સુધી એટલે બે કલાક સૂવું. એટલી ઊંઘ લેવાથી તંદુરસ્તી ખરાબ નહિ થાય. અગર જો એટલું ન બની શકે તો વધુમાં વધુ ચાર કલાકની ઊંઘ લેવી. મહિનાની શરૂઆત પૂનમથી કરવામાં સુગમતા પડશે. આમ વીસ કલાક અવશ્ય ભજન થવુંજ જોઇએ.

પહેલી ઊંઘમાં નિંદરનું ઘેન વધુ પ્રમાણમાં હોય છે. એટલે જે વખતે ઊંઘ આવતી જણાય કે તરતજ ઊભા થઇને ધીરે ધીરે ટહેલવું જોઇએ. સાધનની શરૂઆત કરવામાં આવે ત્યારે પહેલવહેલું કેટલાક દિવસો સુધી તો એવું પણ થાય છે કે, જ્યારે ઊંઘનો કેફ મગજ પર અસર કરે છે ત્યારે ચક્કર આવે છે અને શરીર જમીન પર પછડાય છે અને થોડુંક વાગે છે પણ ખરું; પરંતુ એની દરકાર ન કરવી અને સાધન છોડવું નહિ.

(૩) રાતની વેળાએ પોતાના ઓરડામાં બીજા કોઇનું અસ્તિત્વ ન હોવું ઘટે. સૂતેલા માણસને જોઇને શરીરમાં આળસ ઘર કરે છે અને ભજનમાં વિઘ્ન પડે છે.

(૪) રાતની વેળાએ ગાદીતકિયા પર બેસવાથી આરામ મળે, એટલે તો ઊંઘ વધુ જોર કરશે અને એ કારણસર તો ઊન અથવા દર્ભના આસન પર બેસવું સારું છે. દોરડાનો હીંચકો બનાવી એમાં એક ગોળ દાંડો આડો રાખવો અને જ્યારે વધારે ઊંઘ આવતી જણાય ત્યારે એના પર ઊભા રહીને દસથી પંદર મિનિટ સુધી ઊંઘ ઊડી જાય એ રીતે ઝૂલવું. રાતભર ઘણો મંદ પ્રકાશ રાખો.

(૫) ચોવીસ કલાક સુધી મૌન રાખવું જોઇએ. કેમકે તેલની ધારાવત એકધારા ચાલી રહેલા ભજનમાં બોલવાથી વિક્ષેપ પડશે.

(૬) ખજાનાને જેમ તિજોરીમાં જાળવી રાખવામાં આવે છે,

તેમ ભજનરૂપી ખજાનાની એટલીજ કાળજી રાખવી જોઇએ. કેમકે એ લૂંટી લેવાને ઘણા ચોરલૂંટારાઓ ફરતા રહે છે. એ માટે ગૃહસ્થે તો કોઇના ઘરનું રાંધ્યું ભોજન સુધ્ધાં જમવું જોઇએ નહિ. કોઇની કંઇ વસ્તુમાત્ર પણ ન લેવી જોઇએ અને પ્રમાણિકપણે ધન કમાઇને તે વાપરવું ઘટે.

જે મહાત્માઓ આ સાધન અને જાપ કરે છે, એમને માયા અતિશય દુઃખ આપે છે. દુનિયાના લોકો સઘળો ખજાનો લૂંટી લઈ જાય છે અને આજ એક ખાસ કારણ છે કે, જેથી એઓમાં કોઇ સિદ્ધિ હોતી નથી અથવા તો તેમને ભગવદ્પ્રાપ્તિ સુધ્ધાં નથી થતી. એઓ તો માયાજાળમાં લટકતા જ રહી જાય છે. એટલા માટે ભજનરૂપી ખજાનો ન વાપરતાં જે લૂખોસૂકો રોટલો મળે તે ખાઇ નિર્મળ ગંગાજળનું પાન કરી શરીરને ટકાવી રાખવું જોઇએ.

ગૃહસ્થોને માટે આ અજપા–જાપરૂપી સાધન ઘણું કઠણ છે. બે વરસ સુધી તો શરૂઆતમાં ખાસ અડચણ પડે છે. પરંતુ જેમ જેમ ભજનનો પ્રભાવ વધતો જાય છે તેમ તેમ નારાયણની કૃપા પણ વધતી જાય છે અને પછી તો પરમાનંદમાં જીવન વ્યતીત થાય છે.

મહાત્મા રામદાસજીએ પોતાના "દાસબોધ નામના ગ્રંથમાં લખ્યું છે કે, જ્યારે મનુષ્ય તેર અથવા ચૌદ કરોડ વખત નામસ્મરણરૂપી જપ કરે છે, ત્યારે પ્રભુ એને દર્શન આપે છે." આ મહાત્મા, ઘણા મોટા સિદ્ધપુરુષ હતા. એમનાં વચનામૃતો પર વિશ્વાસ રાખવો જોઇએ.

નામસ્મરણ–અજપા–જાપ કરવાથી ચાર વર્ષની અંદર આ સંખ્યા સંપૂર્ણ થાય છે.

મને તો એનો અનુભવ થઇ ચૂકયો છે. પરમદયાળુ પ્યારા નારાયણે આ દાસ બલ્કે ગુલામ પર કૃપા કરીને નર્મદા નદીને કિનારે ગુજરાતમાંના ચાંદોદ નામના સ્થાનમાં પ્રકટ દર્શન આપ્યાં હતાં. પહેલાં તો છમછમ અવાજ કાને પડ્યો. પછી વિમાન આવ્યું. જેને ચાર પાર્ષદોએ પકડ્યું હતું: ભગવાન એમાંથી ઊતરતાં કહેવા લાગ્યા: 'નારાયણ,' 'નારાયણ', એનો અર્થ એ છે કે, નારાયણ પધાર્યા છે. પછી એમણે કહ્યું કે, ' બદરીકાશ્રમ ચાલો અને ત્યાં ચાલ્યા બાદ ભજન

કરો, અહીંથી તમારું સ્થાનાન્તર થયું છે.' આ સાધન કરવા આ દાસને ત્રણ વર્ષ, ૭ માસ અને ચોવીસ દિવસો પછી ભગવાનનાં સાક્ષાત્ દર્શન થયાં હતાં.

અનન્ય ભક્તિનાં સાધનો

૧ અજપા–જપ, ૨ પ્રેમ, ૩ સાચું બોલવું, ૪ સમદર્શિત્વ, ૫ વાસનારહિત થવું.

એની ક્રમવાર વ્યાખ્યા

૧. અજપા–જાપ—નામસ્મરણ એ વસ્તુ એવી છે કે, જે ચોવીસે કલાક શ્વાસની સાથે સંકળાયેલ રહે છે. એના અભ્યાસથી રોમેરોમમાંથી 'નારાયણ' શબ્દનો સૂર નીકળે છે. અન્યાન્ય સાધન તો આગળ પર કહેવાઇ ગયાં છે.

૨. ભગવદ્‌ગુણાનુવાદ સાંભળીને વિરહવ્યથાથી અશ્રુધારા અવિરતપણે ચાલી જતી હોય અને એજ સ્થિતિ રાતના એકાંતવાસમાં એની ઉચ્ચ કોટિએ પહોંચે એજ એક પ્રેમનું સાધન છે. આ રીતે દિનપ્રતિદિન પ્રેમ વધનો જશે. ભક્તિનું આ એક અનિવાર્ય અંગ છે. મીરાંબાઈ આજ પ્રમાણે કરતી હતી.

૩. ભજનની સાથે સાચુંજ બોલવું એ અનિવાર્ય છે; એ સિવાયનાં સાધનો લખાઇ ચૂક્યાં છે.

૪. સમદર્શી થવું. ઘણી મુશ્કેલીથી આ સાધન સાધ્ય થાય છે. સારાય વિશ્વને નારાયણસ્વરૂપ જાણી હું નારાયણને નમસ્કાર કરું છું, એવો ભાવ હૃદયમાં દઢ કરી બેઉ હાથ જોડી, દીનતાપૂર્વક નમસ્કાર કરવા; જીવમાત્ર સાથે પ્રેમ કરવો, કોઈનું દિલ લેશ પણ ન દુભાવવું, કોઇને કટુવચન ન કહેવું અને કોઇની સાથે પણ વેર ન બાંધવું. અત્યાર સુધી હું આ સાધન આચરતો રહ્યો છું. સમગ્ર વેદોનો અને જ્ઞાનનો સાર માત્ર જો આ દાસને ક્યાંય પણ જણાયો હોય તો તે કેવળ આ સમદર્શીભાવમાંજ.

૫. ભક્તિમાં ભજન અને જ્ઞાનમાં સર્વત્ર નારાયણ—એ બેજ સાધનો આ જીવનમાં કર્યાં છે અને આચરતો રહ્યો છું.

ગૃહસ્થાશ્રમમાં અનન્યભક્તિ અતિ કઠણ છે. ચોથી અવસ્થામાં

ત્યાગ કરવોજ પડશે. અગર જો પ્રભુ સાથે પ્રેમ થયો છે અને જો પરમપદની વાંચ્છના છે, તો અનન્યભક્તિનું સાધન કરવુંજ પડશે.

આવા અનન્યભક્તોને માટેજ ભગવાન આજ્ઞા કરે છે કે, આવા ભક્તોની ચરણુરજ મારા મસ્તકે રહે એ માટે હું એમની પાછળ પાછળ ભમું છું. અહાહા ! પ્રભુની આ દયાળુતા અને પ્રેમને સંભારીને આ દાસને રડવું આવે છે અને મનમાં વિચાર કરું છું કે, 'હે મારા પ્યારા નારાયણ ! મુજ સરખા પાપી જીવને કયારે આવા દયાળુ પ્રભુનાં ચરણકમળોમાં શાશ્વત વાસ કરવાનો સમય આવશે ?"

(૩) દયા

જૈન મતમાં તો **अहिंसा परमो धर्मः** એ એકજ વસ્તુને સાધન માન્યું છે. (૧) જીવમાત્રનું રક્ષણ કરવું; (૨) નીચી દૃષ્ટિ કરીને ચાલવું; (૩) જ્યાં સુધી બને ત્યાં સુધી આ શરીરને માટે કોઇને પણ કોઇ પ્રકારનું દુઃખ ન થવા દેવું;(૪) કોઇને પણ દુઃખી જોઇને હૃદયમાં દયા લાવવી, બની શકે તો કોઇ પ્રકારની એને સહાયતા કરવી; (૫) બને ત્યાં સુધી કોઇ પણ જીવની હત્યા ન કરવી. ગોસ્વામીજીએ કહ્યું છે કે, "તુલસીહાય ગરીબ કી, કબુ ન ખાલી જાય.'

આ માટે એ સાધન બતાવ્યું છે કે, જે ગરીબ લોકો મજૂરી વગેરેનું કામ કરે છે, એમની પાસે કામ કરાવવામાં આવે તો એમને ઠરાવેલી મજૂરી કરતાં કંઇક વિશેષ દામ આપવાં, જેથી એમનું મન દુભાય નહિ; તેમ ગરીબ લોકોને તો કયારેય પણ ન સતાવવા ગૃહસ્થો આ સાધન ઘણું સરળતાથી કરી શકે છે."

(૪) દાન

(૧) દાન આપતી વખતે સુપાત્ર–કુપાત્રનો વિચાર મનમાં ન આણતાં ગૃહસ્થનો ધર્મ સમજીને સાધુ, બ્રાહ્મણ, ગરીબ, અતિથિ અને અનાથને દાન આપવું. વળી વિદ્યાદાનને સર્વોત્તમ માન્યું છે, એટલે વિદ્યાસહાયતા કરવી જોઇએ.

(૨) સર્વાત્મભાવથી માછલી, કૂતરાં, કાગડા. ગાય, વાંદરાં, ઘરમાં રહેતી ચકલીઓ અને કબૂતર વગેરે બીજાં પક્ષીઓને અવશ્ય

દાણા નાખવા. એમને ખવડાવવાથી ઘણું પુણ્ય થાય છે. આમ દાન કરવાથી આ દાસને ઘણો લાભ થયો છે અને પૂરો અનુભવ થયો છે.

બીજા પ્રકારના અન્નદાનથી ભગવાને પ્રસન્ન થઇને આ પાપી જીવને 'સમદર્શિભાવ' નું દાન કર્યું છે. વાહ! વાહ! પ્રભુ, ધન્ય છે તારી લીલાને અને તને!

વિવિધ પ્રકારનાં નીચે લખેલાં સાધનોનો અનુભવ

(૧) **મન**–(૧) ધ્યાન કરતી વખતે મનને ફેરવી ફેરવીને ભગવાનનાં દર્શન માટે ઉત્સુક બનાવવું. ભગવાને જે સાધન ગીતામાં બતાવ્યું છે એજ આ સાધન છે. આ સાધનથી મનમાં ઘણી થોડી સ્ફુરણા થાય છે; પરંતુ એ માટે ઘણા વખત સુધી આ સાધન કરવું જોઇએ.

(૨) સાચું બોલવાથી મનની મલિનતા દૂર થાય છે અને મનરૂપી આરીસો એકદમ નિર્મળ બની જઈ, એમાં ભગવાનના સ્વરૂપના સ્વચ્છ પ્રતિબિંબની ઝાંખી થાય છે.

(૩) વાસનારહિત બનવું. જેમ જેમ મનમાં વાસનાઓ ઉદ્ભવતી જાય તેમ તેમ એજ વખતે એનો નાશ કરતા જવું. એક વખત મહાવરો પડી જવાથી વાસનાઓનું ઉદ્ભવપ્રમાણ ઘણું ઓછું થશે; અને એથી મનની આવી સ્ફુરણાઓ ઘણી ઓછી થશે અને એકાગ્રચિત્તે ધ્યાન આદરવામાં ઘણી સહાયતા મળશે, પરંતુ આ સાધન એટલું સહેલું નથી. (૪) ભજન કરવાથી મનને શાંતિ મળે છે. (૫) પ્રેમથી જેટલું મન વશ થાય છે એટલું બીજાં કોઇ અન્ય સાધનોથી નથી થતું. પ્રેમ વધે એ માટે તો નારાયણની કૃપાની ઘણી જરૂર છે. એ માટે તો આ દાસે ઘણા સમય સુધી પ્રેમના સંવર્ધન માટે પ્રભુની પ્રાર્થના કરી હતી, ત્યારેજ નારાયણે કંઇક કૃપાનું દાન કર્યું. જ્યાં સુધી આંખોમાંથી અશ્રુધારાઓની રેલ રેલાય નહિ, ત્યાં સુધી પ્રેમ થયો છે એમ કહેવાય નહિ. પ્રેમાર્દ્રતા પણ ભક્તિનું એક મુખ્ય અંગ છે.

(૨) **જિહ્વા**–આ ઘણી પ્રબળ ઇંદ્રિય છે. મન પછી એનું સ્થાન બીજું છે. એનું સાધન એ રીતે સાધ્ય થઇ શકે કે, રોજ સાંજે બજારમાં

જવું અને ફળ મીઠાઇ વગેરે ભાતભાતની વસ્તુઓ અવલોકવી; પરંતુ ખરીદ કરવી નહિ. ભલે પછી મન ચાહે એટલું લલચાય. ઘેર સુધ્ધાં ઘરનાં માણસો મન ફાવે એટલી વસ્તુઓ મંગાવી રાખે, પરંતુ એ ખાવીજ નહિ–તેનો ત્યાગ કરવો. ઘણું મામૂલી પ્રકારનું સાત્વિક ભોજન કરવું. જીભને મીઠાઇ–ફરસાણનો કાંઇ સ્વાદ કરાવવો નહિ એવી ટેવ પાડતાં પાડતાં જિહ્વાઇન્દ્રિય વશ થઇ જાય છે. આ સાધન જો કે મુશ્કેલ છે; પરંતુ જેઓ મન પર લે છે તેમને માટે મુશ્કેલ નથી. આ સાધન તો આ દાસે ગૃહસ્થાશ્રમમાંજ ધીમે ધીમે સાધી લીધેલું.

(૩) **સમય**–નિયમસર વખતનો વ્યય થાય એ માટે ચોવીસ કલાકનો એક કાર્યક્રમ ઘડી કાઢવો અને એ મુજબ સમય વ્યતીત કરવો. કોઇ એક પુસ્તકમાં મેં વાંચ્યું હતું કે, યુરોપના એક અક્કલમંદ અમીરે પોતાના મરણ વખતે, વસિયતનામું કર્યું હતું અને એમાં સૂચવ્યું હતું કે, એ હું જે કાંઇ ધન કમાયો છું અને આબરૂ મેળવવા પામ્યો છું, તેનું ખરું કારણ તો એ હતું કે, મેં મારી જિંદગીમાં વખતની ઘણીજ કદર કરી છે. માટે "દુનિયામાં સમય એજ સંપત્તિ છે." એ શબ્દો મારી કબર ઉપર આલેખવા.

જ્યારથી આ વાત જાણી ત્યારથી આ દાસ સમયની ઘણી કદર કરવા લાગ્યો અને આજે પણ તે સમયની ઘણી કદર કરતો રહ્યો છે. વખતનો નિયમસર વ્યય થતો રહે એવી ગોઠવણ કરવાથી આ લોક અને પરલોકનું કાર્ય સરળતાથી ચાલ્યા કરે છે. પોતાના જીવનની એક ક્ષણ સુધ્ધાં નકામી ગાળવી જોઇએ નહિ.

(૪) **સત્ય**–તુલસીદાસજી મહારાજનો એક જાણીતો દોહો છે કેઃ—

सत्य वचन आधीनता परस्त्री मातसमान ।
इतनेसे हरि ना मिले ताे तुलसीदास जमान ॥

ઘણા પ્રેમથી આ દોહાનો અનુભવ કર્યો છે. સત્યનું સાધન તો પાછળથી કહી ચૂક્યો છું.

લખનૌમાં આઠ કે નવ માસ રહ્યો ત્યારેજ આધીનતાનું સાધન આ દાસે સિદ્ધ કર્યું હતું. ગોમતીકિનારે જઇને ભજન કર્યા બાદ ઘાટ ઉપર જે કોઈ હિંદુ–મુસલમાન હોય એ સર્વના ચરણસ્પર્શ કરતો કરતો આ દાસ મુકામ પર પાછો ફરતો હતો.

બાઇબલમાં ઇસામિહ ખ્રિસ્ત લખે છે કે, ' અગર જો કોઇ ઇસમ તમને એક ગાલ પર તમાચો લગાવે, તો તમે બીજો ગાલ ધરજો.' દાસ તો એમ કહે છે કે, એની સમક્ષ માથું નમાવીને પ્રાર્થના કરો કે, હે નારાયણ પ્યારે! તમારા પગનાં પગરખાં કાઢી આ મસ્તકને ખૂબ ઝૂડો, કે જેથી મારું કલ્યાણ થાય અને હું આપને ભૂલું નહિ.

પરસ્ત્રીને ઊંચી નજરે કદી ન જોવી. એવે સમયે આપણી સમક્ષ મળમૂત્ર, હાડમાંસાદિભરિત એક કલ્પનાચિત્રને તત્કાળ કલ્પવું. એવી રીતે મહાવરો પડવાથી ઘૃણા ઉત્પન્ન થાય છે અને પરિણામ ઘણું લાભદાયક નીવડે છે.

(૫) નિયમ–જે કંઇ પણ કામ કરવામાં આવે તે નિયમથી થવું જોઇએ. કેટલાક દિવસ સુધી કરવું, પછી છોડી દેવું એથી કાંઇ લાભ નથી થતો. નિયમપૂર્વક ભજન વગેરે કરવાથી ઘણો લાભ થયા કરે છે.

(૬) ભગવદ્દઇચ્છામાં પ્રસન્નતા–ભગવાનની જેવી ઇચ્છા હોય તેમ થવા દો. ભગવાન જે કરે છે તે સારુંજ કરે છે. આ વિચાર કરતા રહેવાથી ગૃહસ્થોની ચિંતા દૂર થઇ જાય છે.

(૭) ભગવાનની કૃપા–તુલસીદાસજી મહારાજનું વચન છે કે,
जापर कृपा रामकी होई । तापर कृपा करहि सब कोई ॥
આ દાસને આ વચનનો પૂરો અનુભવ થઇ ચૂક્યો છે.

(૮) પુરુષાર્થ–વસિષ્ઠમુનિએ યોગવાસિષ્ઠમાં પુરુષાર્થને પરમ દૈવત ગણાવ્યું છે. આ દાસના અનુભવમાં એવું આવ્યું છે કે, પ્રારબ્ધ વિના પુરુષાર્થ કંઇ ફળ આપતું નથી; પરંતુ એથી એમ કહેવાનો આશય નથી કે પુરુષાર્થ છોડી દેવામાં આવે. ના, હરગીજ નહિ. **પુરુષાર્થનો તો અવશ્ય મેળ કરવો જોઇએ; પરંતુ પ્રારબ્ધ પર એનું ફળ છોડી દેવું જોઈએ. આ વસ્તુ સાંસારિક વિષયની પ્રાપ્તિ માટે છે. પરમાર્થમાં તો ભગવત્કૃપા કરતાં પુરુષાર્થજ મુખ્ય છે.**

(૯) દ્વૈતભાવ–જ્યારે નામરૂપ એ સઘળું નારાયણનુંજ છે, તો પછી ભગવાનનો દ્વેષ કઇ રીતે થઇ શકે એમ છે? એક દેવને પોતાના ઇષ્ટદેવ સ્વીકારીને અન્ય દેવતાઓનાં મંદિરમાં જઇને પણ તેમને પ્રણામ કરવા જોઇએ અને સનાતન ધર્મની મર્યાદાને કાયમ રાખવી જોઇએ.

મને તો વહાલા નારાયણ સિવાય બીજું કોઇ નજરે નથી આવતું. 'નારાયણ' શબ્દ વિના કોની સાથે વાત કરું ?

(૧૦) **ઉપવાસ**–વૈષ્ણવો એકાદશીનો ઉપવાસ તો કરેજ છે; પરંતુ અમાસ અને પૂર્ણિમાના દિવસો પણ ઘણા પવિત્ર મનાયા છે. આ બેઉ વ્રતો પણ કરવાં જોઇએ. ગુરુ દત્તાત્રેયે પોતાના કોઇ એક ગ્રંથમાં લખ્યું છે કે, ધર્માદાનું અન્ન ખાવાથી અમાંસને દિવસે એક મહિનાનું અને પૂનમને દિવસે પંદર દિવસનું ભજનનું ફળ, જેઓ અન્નદાન આપે છે તેમને ફાળે જાય છે. જ્યારથી આ દાસને એ બાબતની જાણ થઇ, ત્યારથી તે પણ આ બેઉ દિવસોએ ઉપવાસ કરે છે. જેઓ ધર્માદાનું અન્ન ખાય છે, એમણે તો આ બેઉ વ્રતો અવશ્ય કરવાં ઘટે.

(૧૧) **સંતોષ**—ત્યાગ કરવાથી સંતોષ પ્રાપ્ત થાય છે.

(૧૨) **શાંતિ**—જ્ઞાન અને ભજનથી શાંતિ મળે છે.

(૧૩) **માનસિક પૂજા**–મૂર્તિપૂજા કરતાં માનસિક પૂજાને વધુ ઉત્તમ માનવામાં આવી છે. આ દાસને અનુભવ થાય છે કે, માનસિક સેવા કરતી વખતે મન ઘણું ઓછું ચંચળ થયું છે. કયારેક એ ચંચળ બન્યું છે, પણ એને પાછું સ્થિર થવું પડયું છે; કેમકે મનની એકાગ્રતા વિના માનસિક ક્રિયા થઇ શકતી નથી. દાસને તો આ સાધન ઘણું પસંદ છે.

(૧૪) **ભક્તિ-જ્ઞાનનું દ્વંદ્વ**–કેવળ ભક્તિથી કે કેવળ જ્ઞાનથી ઈશ્વરપ્રાપ્તિ થતી નથી આ ઉભયનું દ્વંદ્વ છે. એ બેઉ એકસાથે ન હોય તો મારા ધારવા પ્રમાણે કશું કાર્ય સિદ્ધ થાય નહિ. જેવી રીતે એક પગ પર આ શરીર ટકી શકે નહિ તેમ.

(૧૫) **દોષોનું દમન**–કામ, ક્રોધ, લોભ અને મોહનું દમન કરવાનાં સાધનો ગૃહસ્થાશ્રમમાં સરળતાથી કર્યાં છે.

(૧૬) **ગુરુકૃપા**–ગુરુની કૃપાથીજ સાધનો સધાતાં થયાં છે અને થતાં રહ્યાં છે. તેઓ સદાસર્વદા અંતરસ્થ સર્વાત્મરૂપથી અનુભવ કરાવતા રહે છે. આ દાસના કઠોર હૃદયને માખણચોરે કૃપા કરીને માખણરૂપ બનાવી દીધું છે.

આજકાલ તો આ દાસ ભગવત્કૃપાથી ગોસ્વામી શ્રીતુલસીદાસ-જીના નીચે લખેલા દુહાની સાધના કરી રહ્યો છે; અને આશા રાખે

છે કે, પ્યારા નારાયણ અંતે પૂરી કરશે. આ દેહ દયાળુ ભગવાનનાં ચરણકમળોમાં અર્પણ થઇ ચૂકયો છે, માટે દાસ જાણીને જરૂર કૃપા કરશે.

तीन टूंक कौपीन के अरु भाजी बिन लौन ।
रघुबर जाके उर बसे, ईन्द्र बापुरो कौन ॥

(૧૭) તપ કરી કયા વરદાનની ઇચ્છા છે? ન તો મોક્ષની ઇચ્છા, ન તો ચૌદ લોકના રાજ્યની મનીષા છે. નથી જ્ઞાન માગતો, નથી ભક્તિ. આ દાસ કેવળ નારાયણના ચતુર્ભુજ સ્વરૂપનો આશક છે. કેવળ એટલું જ એ ઇચ્છે છે કે,

'तुम मुझे देखा करो। मैं तुम्हें देखा करुं'॥

બોલો "નારાયણ"

સ્વર્ગાશ્રમ–હૃષીકેશ,
ચૈત્ર વદ ૧૦, સંવત ૧૯૮૬

સહુ કોઇનો શુભચિંતક,
નારાયણદાસ પરમહંસ

संतों के जीवन से संकलित

(૧) સંત કી અસહિષ્ણુતા

એક સંત નૌકા મેં બૈઠકર નદી પાર કર રહે થે. શામ કા વક્ત થા. આખિરી નાવ થી, ઇસસે ઉસમેં બહુત ભીડ થી. સંત એક કિનારે અપની મસ્તી મેં બૈઠે થે. દો–તીન મનચલે આદમિયોંને સંત કા મજાક ઊડાના શુરુ કિયા. સંત અપની મૌજ મેં થે, ઉનકા ઈધર ધ્યાન હી નહીં થા. ઉન લોગોંને સંત કા ધ્યાન ખીંચને કે લિયે ઉનકે સમીપ જાકર પહલે તો શોર મચાના ઔર ગાલિયાં બકના આરમ્ભ કિયા. જબ ઇસપર ભી સંત કી દૃષ્ટિ નાસિકા કે અગ્રભાગ સે ન હટી, તબ વે સંત કો ધીરે–ધીરે ધકેલને લગે. પાસ હી કુછ ભલે આદમી બૈઠે થે, ઉન્હોંને ઉન બદમાશોં કે ડાંટા ઔર સંત સે કહા:—

"મહારાજ! ઇતની સહનશીલતા અચ્છી નહીં હૈ, આપ કે શરીર મેં ભી કાફી બલ હૈ, આપ ઇનિ બદમાશોં કો જરા સા ડાઁટ દેંગે તો યે અભી સીધે હો જાયઁગે." અબ સંત કી દૃષ્ટિ ઉધર ગયી. ઉન્હોંને કહા—"ભૈયા! સહનશીલતા કહાઁ હૈ, મૈં તો અસહિષ્ણુ હૂં, સહને કી શક્તિ તો અભી મુઝ મેં આયી હી નહીં હૈ. હાઁ, મૈં ઇસકા પ્રતિકાર અપને ઢંગ સે કર રહા થા. મૈં ભગવાન સે પ્રાથના કરતા થા કિ વે કૃપા કર ઇનકી બુદ્ધિ કો સુધાર દેં, જિસસે ઇનકા હૃદય નિર્મલ હો જાય." સંત કી ઓર ઉન ભલે આદમિયોં કી બાત સૂનકર બદમાશોં કે ક્રોધ કા પારા બહુત ઊપર ચઢ ગયા. વે સંત કો ઉઠાકર નદી મેં ફેંકને કો તૈયાર હો ગયે. ઇતને મેં હી આકાશવાણી હુઈ—"હે સંતશિરોમણિ! યે બદમાશ તુમ્હેં નદી કે અથાહ જલ મેં ડાલકર ડુબો દેના ચાહતે હૈં, તુમ કહો કિ ઇનકો અભી ભસ્મ કર દિયા જાય." આકાશવાણી સુનકર બદમાશોં કે હોશ ઉડ ગયે ઓર સંત રોને લગે. સંત કો રોતે હુએ દેખકર બદમાશોંને નિશ્ચિત સમઝ લિયા કિ અબ યહ હમ લોગોં કો ભસ્મ કરને કે લિયે કહનેવાલા હૈ. વે કાઁપને લગે, ઇસ બીચ મેં સંતને કહા,—એસા ન કરેં સ્વામી! મુઝ તુચ્છ જીવ કે લિયે ઇન કઇ જીવો કે પ્રાણ ન લિયે જાયઁ. પ્રભો! યદિ આપ મુઝપર પ્રસન્ન હૈં ઓર યદિ મેરે મન મેં ઇનકે વિનાશ કી નહીં, પરન્તુ ઇનકે સુધાર કી સચ્ચી આકાંક્ષા હૈ, તો આપ ઇનકો ભસ્મ ન કરકે ઇનકે મન મેં બસે હુએ કુવિચારોં ઓર કુભાવનાઓં કો, ઇનકે દોષોં ઓર દુર્ગુણોં કો તથા ઇનકે પાપોં ઓર તાપોં કો ભસ્મ કરકે ઇન્હેં નિર્મલહૃદય બના દીજિયે. આકાશવાણીને કહા—"સંતશિરોમણિ! એસા હી હોગા. તુમ્હારા ભાવ બહુત ઊંચા હૈ. તુમ મુઝ કો અત્યંત પ્યારે હો, તુમ્હેં ધન્ય હૈ." બસ, બદમાશ પરમ સાધુ બન ગયે ઓર સંત કે ચરણોં પર ગિર પડે.

(૨) શિવાજી કો પત્ર

સંત તુકારામજી લોહગાઁવ મેં થે. છત્રપતિ શિવાજીને અપને ખાસ આદમિયોં કે સાથ બહુત-સી મશાલેં, ઘોડે તથા બહુમૂલ્ય જવાહિરાત ભેજે ઔર ઉનસે પૂના પધારને કે લિયે પ્રાર્થના કી; વિરક્ત-હૃદય તુકારામજી ને ઉનકી ભેજી હુઈ ચીજેં કો છુઆતક નહીં. ઉન્હોંને સબ ચીજેં લૌટા દીં ઔર નૌ અભંગોં મેં ઉનકો નીચે લિખા પત્ર લિખ ભેજા:—

"મશાલ, છત્ર ઔર ઘોડોં કો લેકર મૈં ક્યા કરૂઁ? યહ સબ મેરે લિયે શુભ નહીં હૈ. હે પુણ્ઢરીનાથ! અબ મુઝે ઇસ પ્રપંચ મેં ક્યોં ડાલતે હો? માન ઔર દમ્ભ કા કોઈ ભી કામ મેરે લિયે શૂકરી-વિષ્ઠા હી હૈ. આપ દૌડ કર આઇયે ઔર ઈસસે મુઝે બચાઇયે."

"મેરા ચિત જિસકો નહીં ચાહતા, વહી તુમ મુઝ કો દિયા કરતે હો, ક્યોં મુઝે ઇતના તંગ કર રહે હો?"

"મૈં સંસાર સે અલગ રહના ચાહતા હૂં, વિષય કા સંગ ચાહતા હી નહીં. મૈં ચાહતા હૂં—એકાન્ત મેં રહૂં ઔર કિસસે કુછ ભી ન બોલું. મન ચાહતા હૈ કિ સબ વિષયોં કો વમન કે સમાન ત્યાજ્ય સમઝૂં. મૈં તો યહ ચાહતા હૂં, પરન્તુ હે નાથ! કરને-ધરનેવાલે તો તુમ્હીં હો."

"મૈં ક્યા ચાહતા હૂં સબ તુમ્હેં પતા હૈ! પરન્તુ જાનકર ભી તુમ ટાલ દેતે હો. યહ તો તુમ્હેં આદત હી પડ ગયી હૈ કિ જો ભી તુમ્હેં ચાહતા હૈ, તુમ ઉસકે સામને એસી-એસી ચીજેં લાકર રખતે હો કિ જિસસે વહ ઉનમેં ફૂઁસકર તુમ્હેં ભૂલ જાય. પરન્તુ હે નાથ! તુકાને તો તુમ્હારે ચરણોં કો જોર સે પકડ લિયા હૈ. દેખૂં તો સહી, તુમ ઈન્હેં કૈસે છુડાતે હે!"

(ભગવાન સે ઇતના કહકર અબ તુકારામજી છત્રપતિ શિવાજી સે કહતે હં—)

"ચીંટી ઔર સમ્રાટ દોનોં હી મેરે લિયે એક-સે હૈં મોહ

ઔર આશા તો કલિકાલ કી ફાંસિયાં હૈં. મૈં ઇનસે છૂટ ગયાં હૂં. મેરે લિયે અબ સોના ઔર મિટ્ટી દોનોં બરાબર હૈં. સારા વૈકુણ્ઠ ઘર બૈઠે હી મેરે યહાં આ ગયા હૈ. મુઝે કિસ બાત કી કમી હૈ?"

"મૈં તો તીનોં લોકોં કે સારે વૈભવ કા ધની બન ગયા હૂં. સબ કે સ્વામી ભગવાન મેરે માતા-પિતા મુઝકો મિલ ગયે હૈં, અબ મુઝે ઔર ક્યા ચાહિયે? ત્રિભુવન કા સારા બલ તો મેરે હી અંદર આ ગયા. અબ તો સારી સત્તા મેરી હી હૈ!"

"ફિર, આપ મુઝે દે હી ક્યા સકતે હૈં? મૈં તો વિઠ્ઠલ કો ચાહતા હૂં. હાં, આપ ઉદાર હૈં. ચકમક પત્થર દેકર પારસ લેના ચાહતે હૈં; પ્રાણ ભી દેં, તો ભી ભગવાન કી એક બાત કી ભી બરાબરી નહીં હો સકેગી. ધન ક્યા દેતે હૈં? ધન તો તુકા કે લિયે ગોમાંસ કે સમાન હૈ. (યદિ કુછ દેના હી ચાહતે હૈં તો બસ યહ દીજિયે-)મૈં ઇસી સે સુખી હોઉંગા. મુખ સે 'વિઠ્ઠલ' 'વિઠ્ઠલ' કહિયે. ગલે મેં તુલસી કી કણ્ઠી પહનિયે. એકાદશી કા વ્રત કીજિયે ઔર હરિ કે દાસ કહલાઇએ. બસ, તુકા કી આપ સે યહી આશા હૈ."

"બડે-બડે પર્વત સોને કે બનાયે જા સકતે હૈં, બન કે તમામ પેડોં કો કલ્પતરુ બનાયા જા સકતા હૈ, નદિયોં ઔર સમુદ્રોં કો અમૃતસે ભરા જા સકતા હૈ, મૃત્યુ કો રોકા જા સકતા હૈ. સિદ્ધિયાં પ્રાપ્ત કી જા સકતી હૈં. યહ સબ હો સકતા હૈ, પરંતુ પ્રભુ કે ચરણોં કા પ્રેમ પ્રાપ્ત કરના પરમદુર્લભ હૈ. ઇન સબ સિદ્ધિયોં સે ભગવચ્ચરણોં કા લાભ નહીં હોતા. શ્રીવિઠ્ઠલ કે ઐસે પરમદુર્લભ, પરમપાવન, પરમાનન્દ દેનેવાલે શ્રીચરણ બડે ભાગ્ય સે મુઝ કો મિલ ગયે હૈં; ઇનકે સામને અબ મૈં ઇન મશાલોં, છત્રોં ઔર ઘોડોં કો અપને હૃદય મેં કહાં જગહ દૂં?"

"આપને બડે-બડે બલવાનોં કો અપના મિત્ર બનાયા હૈ, પરન્તુ યાદ રખિયે-અન્ત સમય યે કોઇ ભી કામ નહીં આવેંગે

પહલે રામ-નામ લીજિયે; ઇસ ઉત્તમ 'સમ' કો અપને અંદર ભર લીજિયે, યહ પરિવાર, લોક, ધન, સૈન્ય કિસી કામ નહીં આવેંગે. જબતક કાલ સિર પર સવાર નહીં હોતા તભી તક આપ કા યહ બલ હૈ. તુકા કહેતા હૈ-પ્યારે! લખચોરાસી કે ચક્કર સે બચિયે!"

(૩) પિતરોં કા આગમન

સંત એકનાથજી કે પિતા કા શ્રાદ્ધ થા. ઘર મેં શ્રાદ્ધકી રસોઈ બન રહી થી. હલવા પકને લગતા હૈ તબ ઉસ કી સુન્દર સુગન્ધ દૂરતક ફૈલ જાતી હૈ. અતએવ ઇનકે ભી ઘર કે બાહરતક સુગન્ધ છા રહી થી. ઇસી સમય કુછ મહાર સપરિવાર ઉધર સે જા રહે થે. સુગન્ધ ઉનકે નાકોં મેં ભી ગયી. મહાર કે એક બચ્ચેને કહા-'માઁ! કૈસી મીઠી મહક હૈ! કૈસે બઢિયા પકવાન્ન બને હોંગે!' માઁને ઉદાસ હોકર કહા-'બેટા! હમ લોગોં કે નસીબ મેં યે ચીજેં કહાં રકખી હૈં. હમ અભાગોં કો તો ઇસકી ગન્ધ ભી દુર્લભ હૈ.' સંત એકનાથજીને ઉનકી યહ બાત સુન લી. ઉનકા હૃદય દ્રવિત હો ગયા. ઉન્હોંને સોચા—'સબ શરીર ભગવાન કે હી તો મન્દિર હૈં—ઇન મહારોં કે દ્વારા ભી તો ભગવાન હી ભોગ લગાયેંગે.' ઉન્હોંને તુરત મહારો કો બુલાયા ઔર અપની પત્ની ગિરિજાબાઇ સે કહા કિ યહ રસોઇ ઇનકો દે દો. ગિરિજાબાઈ કા ભાવ ઔર ભી સુન્દર થા, ઉન્હોંને કહા—'અન્ન તો બહુત હૈ, ઈનકો સબ બાલ-બચ્ચોં ઔર સ્ત્રિયોં સહિત બુલવા લીજીયે, સબકો અચ્છી તરહ પરોસકર જિમાયા જાય. ભગવાન સર્વત્ર હૈં, સબ પ્રાણિયોં મેં હૈં, આજ ભગવાનને હી ઇનકે દ્વારા યહ અન્ન ચાહા હૈ. અતએવ આજ ઇન્હીં કો તૃપ્ત કરકે ભગવાન કી સેવા કરની ચાહિયે.' સબકો બુલાયા ગયા. રાસ્તે પર પત્તલેં રકખી ગયીં ઔર બડે આદરસત્કાર કે સાથ સબ પકવાન્ન બાહર લાકર ઉનકો ભોજન કરાયા ગયા. જિસકી ગન્ધ ભી કભી નસીબ નહીં હોતી, ઉન ચીજોં કો ભરપેટ ખાકર મહાર

ઔર ઉસકે સ્ત્રી-બચ્ચોં કો કિતના આનન્દ હુઆ, ઇસકા અનુમાન હમ નહીં લગા સકતે. ઇસ ભોજન સે તો ઉનકો અપરિમિત પ્રસન્નતા હુઇ હી, ઇસસે ભી અધિક સુખ મિલા ઉનકો સંત એકનાથ ઔર સાધ્વી ગિરિજાબાઈ કે પ્રેમપૂર્ણ નમ્ર વ્યવહારસે. ઉન કે અંગઅંગ એકનાથજી કો મૂક આશીર્વાદ દેને લગે! ગિરિજાબાઇને પાન-સુપારી દે કર ઉન્હેં વિદા કિયા. તદનન્તર વર્ણાશ્રમધર્મ કો માનનેવાલે એકનાથ ઔર ગિરિજાબાઇ ને ઘર-આંગન ધોયા, બર્તન સાફ કિયા, નયા શુદ્ધ જલ મંગવાયા ઔર ફિર સે શ્રાદ્ધ કી રસોઇ બનવાયી. પરન્તુ જબ નિમન્ત્રિત બ્રાહ્મણોંને સબ હાલ સુના તો ઉન્હોંને ભોજન કરને સે ઇન્કાર કર દિયા. એકનાથજીને હાથ જોડકર ઉનસે પ્રાર્થના કી—"પૂજનીય બ્રાહ્મણગણ! પહલી રસોઈ બની તો થી આપ લોગોં કે લિયે હી, પરન્તુ જબ ઉસકી ગન્ધ અન્ત્યજ પરિવાર કે નાકોં મેં પહુંચ ગયી, તબ વહ ઉચ્છિષ્ટ અન્ન આપ કો કૈસે પરોસા જાતા? વહ અન્ન ઉન લોગોં કો ખિલા દિયા ગયા ઔર ફિર સે સારી સામગ્રી ઈકઠી કરકે આપ કે લિયે નયી રસોઇ બનાયી ગયી. આપ લોગ હમેં ક્ષમા કરકે ઇસે ગ્રહણ કીજિયે." બહુત અનુનય-વિનય કી, પરન્તુ બ્રાહ્મણોં કો ઉનકી બાત નહીં જંચી. એકનાથજીકો ચિન્તા હુઇ. ઉનકે યહાં શ્રીખંડિયા * તો રહતા હી થા. શ્રીખંડિયાને ઉનસે કહા-"નાથજી! આપને રસોઈ પિતરોં કે લિયે બનાયી હૈ ન? ફિર ચિન્તા ક્યોં કરતે હૈં? પત્તલેં પરોસકર પિતરોં કો બુલાઇયે. વે સ્વયં આકર ભોજન ક્યોં નહીં કરેંગે?" એકનાથજીને ઐસા હી કિયા. પત્તલેં લગા દી ગયીં ઔર 'આગતમ્' કહતે હી સૂર્યનારાયણ, ચક્રપાણિ ઔર ભાનુદાસ તીનોં

---

*સ્વયં શ્રીભગવાનને શ્રીખંડિયા કે નામ સે બરસોંતક એકનાથજી કે ઘર નોકરી કી થી.

પિતર આકર અપને-અપને આસનોંપર બૈઠ ગયે. એકનાથજીને બડે ભક્તિભાવ સે ઉનકા પૂજન કિયા ઔર ભોજન પરોસકર ઉન્હેં જિમાયા. તીનોં પિતર તૃપ્ત હોકર, આશીર્વાદ દેકર અન્તર્ધાન હો ગયે. જબ બ્રાહ્મણોં કો યહ સબ હાલ માલૂમ હુઆ તબ ઉન્હોંને એકનાથજી કા મહત્ત્વ સમઝા ઔર અપની કરનીપર પશ્ચાત્તાપ કિયા! ("કલ્યાણ" માસિક ના એક અંકમાંથી)

यज्ञानां जपयज्ञोऽस्मि

(લેખકઃ-સ્વામી શ્રીરામાનંદજી સંન્યાસી)

મહાભારતનો ઘોર સંગ્રામ સમાપ્ત થઈ ગયો છે. વિજેતા પક્ષમાં આનંદમંગળ વરતાઇ રહ્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ મહારાજ યુધિષ્ઠિરને રાજસિંહાસન ઉપર બેસવાની પ્રાર્થના કરી; તે સાંભળીને મહારાજ યુધિષ્ઠિરે હૃદયનો શોક પ્રગટ કરતાં કહ્યું: "હે શ્રીકૃષ્ણચંદ્ર! મારી હવે રાજ્ય કરવાની ઇચ્છા નથી. આ રાજ્ય માટે કેટલો અનર્થ થઇ ચૂક્યો! અનેક ભલાંભોળાં બાળકોના પિતાઓ, મંગળ ચાહનારી બહેનોના ભાઇઓ અને સતીસાધ્વી સ્ત્રીઓના પતિઓને આ સંગ્રામમાં મરાવી નાખીને, હુંજ તેમના પ્રકાશવાન ઘરના દીપકોને ઓલવવાનું મુખ્ય કારણ બન્યો છું. એવી મહાઘોર હિંસાનો ભાર મારા માથા ઉપર છે. એટલા માટે હું હવે નિર્જન વનમાં જઈ તપસ્યા કરીને આ દેહને સૂકવી નાખીશ. હું રાજ્ય કરીશ નહિ, એવી મારી ઈચ્છા છે."

યુધિષ્ઠિરની આ વાત સાંભળીને શ્રીકૃષ્ણજી હસીને કહેવા લાગ્યા: "હે ધર્મરાજ! હવે તો તમે કેટલાક વખતને માટે રાજ્યજ કરો. આ ભયંકર યુદ્ધમાં ઘણા મોટા મોટા પ્રબંધક-શાસકો-માર્યા ગયા છે. જો તમે રાજ્યસત્તા તમારા હાથમાં નહિ લ્યો, તો સમાજમાં અવ્યવસ્થા ફેલાઇ જશે. વળી એ પણ ખરું કે, કળિયુગ નજીક આવી રહ્યો છે અને તમે રાજ્ય નહિ કરો તો તમારા મનની વાસનાઓ

કાયમ રહી જશે. એટલા માટે તમે તુરતજ રાજ્યસિંહાસન ઉપર બેસી જાઓ, પછી તમારાં પાપની નિવૃત્તિ માટે હું એક સરળ ઉપાય તમને બતાવી દઉં છું. જુઓ, તમે પ્રભુનું નામસ્મરણ કરતા રહો. કળિયુગમાં એક નામજ માત્ર મનુષ્યને માટે સાધન થશે; નામના મહત્ત્વ સંબંધી તમે કશી શંકા ન કરો."

ભગવાનનો ઉપદેશ સાંભળી યુધિષ્ઠિર અને સર્વ પાંડવ વિશેષ આશ્ચર્યચકિત થઇને કહેવા લાગ્યા: "ભગવન્! અમે કેવી રીતે સમજી લઇએ કે કળિયુગમાં નામનું આટલું માહાત્મ્ય રહેશે?"

ભગવાને કહ્યું: "જો તમારે એની પરીક્ષા કરવી હોય તો એક કામ કરો. આજ પાંચે ભાઇઓ જુદી જુદી દિશાઓમાં ફરવા માટે ચાલ્યા જાઓ અને ત્યાં તમે જે કાંઇ આશ્ચર્યજનક કાર્ય જુઓ તે સાંજે આવીને મને કહેજો. જ્યારે તમે તેનું તાત્પર્ય સમજી લેશો ત્યારે તમારો સંદેહ દૂર થઇ જશે."

આ સાંભળી પાંચે ભાઇઓ શસ્ત્રાસ્ત્ર લઇને જુદી જુદી દિશાઓમાં નીકળી પડ્યા. આખો દિવસ જંગલો, નગરો, નદીઓ અને મેદાનોમાં ફરતા રહ્યા અને સાંજે રાજધાનીમાં પાછા આવી, દિવસે જે બનાવો જોયા હતા તે સંભળાવવા માટે ભગવાનની પાસે જઇને બેઠા.

શ્રીકૃષ્ણજીના પૂછવાથી સૌથી પ્રથમ મહારાજ યુધિષ્ઠિરે કહ્યું: "ભગવન્! મેં જંગલમાં એક ઘણોજ મોટો હાથી જોયો. તેમાં નવાઇ એ હતી કે, તેને બે સૂંઢો હતી, બે પગ હતા, રંગે સફેદ અને તેને ચાર કાન હતા. આંખ એકજ હતી અને તે પણ પાછળના ભાગમાં પૂંછડાની પાસે અને તદ્દન નકામી જેવીજ. પણ તે દોડતો એટલા વેગથી કે જાણે તેને હજારો આંખો હોય. મેં આવો હાથી કદી જોયો નથી. એમાં કંઇ ખાસ જાણવાજેવું હોય તો કૃપા કરીને બતાવો."

ભગવાને કહ્યું: "જુઓ, આજ જે દેખાવ તમે જોયો છે તે આવનારા કળિયુગનું ભવિષ્યનું ચિત્રપટ છે. અર્થાત્ નજીક આવતા કળિયુગનું એ સૂચક છે. વાત એમ છે કે, તે હાથીની જે બે સૂંઢો છે તેમાંની એક માત્ર દેખાવની છે અને બીજી ઉપયોગી છે. તે સૂંઢો એ સૂચિત કરતી હતી કે, કળિયુગના મનુષ્ય પણ એવાજ દંભી થશે.

સંસારને બતાવશે કંઇક અને કરશે કંઇક. બે પગનું પ્રયોજન એ એ છે કે, કળિયુગના લોક ચાર પદાર્થોમાંના ધર્મ અને મોક્ષનો ત્યાગ કરશે તથા અર્થ અને કામનેજ ગ્રહણ કરશે. તે હાથી ઉપરથીજ સફેદ હતો, અંદર તો તે કાળોજ હતો. એવી રીતે કળિયુગના લોકો પણ ઉપર ઉપરથી સુઘડ રહેશે પણ અંદર વિચાર ઘણાજ અપવિત્ર હશે. તે હાથીને આગળ આંખ નહોતી પણ બધાં કામ આંખવાળાના જેવાં કરતો હતો, તેમ કળિયુગના માણસો સાંભળીને બધું જાણવાનો પ્રયત્ન કરશે, જોશે નહિ કે આ વાત સાચી છે કે જૂઠી, કોઇ ગમે તેવું ઊલટુંસૂલટું કહી દેશે તે ખરુંજ માની લેશે. હા, કામ બગડશે ત્યારે પાછળથી કંઇક વિચાર કરશે. પણ કામ બગડ્યા પછી તો "ફિર પછતાયે હોત કા જબ ચિડિયા ચુગ ગઇ ખેત!"

તે પછી ભગવાને ભીમસેનને પૂછ્યું કે, "તમે શું જોયું તે કહો."

ભીમસેને કહ્યું: "પ્રભો! મેં એક ગામની પાસેના નિર્જન મેદાનમાં જોયું કે, એક ગાયને વાછરડું અવતર્યું છે, પરંતુ તે વાછરડાને ચાટતાં ચાટતાં તે તેનું લોહી પણ પી રહી છે. મેં પોતાના વાછરડાનું લોહી પીતી હોય એવી ગાય કદીય જોઈ નથી. આપ એ નવાઇ જેવી ઘટનાનું રહસ્ય કહો."

આ સાંભળીને શ્રીકૃષ્ણ બોલ્યા: "ભાઇ! એની મતલબ એ છે કે, કળિયુગમાં મનુષ્ય પોતાનાં પુત્રપુત્રીઓનું વેચાણ કરીને તેમનાંજ લોહીમાંસના બદલામાં ધન પ્રાપ્ત કરી પોતાનું પેટ ભરશે."

પછી શ્રીકૃષ્ણના પૂછવાથી અર્જુને કહ્યું કે, "મહારાજ! ફરતો ફરતો હું એક ઘણા મોટા જંગલના વિશાળ મેદાનમાં જઇ પહોંચ્યો. ત્યાં મેં એક મનુષ્યનું મડદું જોયું; તે મડદાને ચારે તરફથી ઘેરીને મોટાં મોટાં પક્ષીઓ તથા પશુઓ તેને ચીરીફાડીને ખાઇ રહ્યાં છે. છતાં આશ્ચર્યની વાત તો એ હતી કે, તે પક્ષીઓની પાંખો ઉપર અનેક પ્રકારના વેદમંત્રો લખેલા હતા અને પેલાં પશુઓ પ્રસન્નચિત્તે તે ધર્મશાસ્ત્રોના શ્લોક બોલી રહ્યાં હતાં. આ વિચિત્ર ઘટનાનું રહસ્ય મને સમજાવવાની કૃપા કરો."

ભગવાને જવાબ આપ્યો: "કળિયુગમાં ઘણાય મનુષ્ય એવા

થશે કે, જેમની પાસે બધાં શાસ્ત્રાનો સંગ્રહ હશે અને તેમનાં મુખમાંથી સદાય મંત્રોચ્ચાર નીકળતા રહેશે; પણ મૃતકનું ધન, અન્યાયોપાર્જિત સંપત્તિ અને નીચ વ્યક્તિઓનાંદાન લઇને ઉદરપોષણ કર્યા કરશે."

હવે ભગવાને નકુળને કહ્યું કે, "તમે પણ તમારી વાત કહો." તેણે કહ્યું: "સ્વામિન્! મેં એક સ્થાનમાં ત્રણ કુંડ સાથે સાથે સ્થપાયલા જોયા. આશ્ચર્ય તો એ હતું કે, પહેલા કુંડમાંથી પાણી ત્રીજા કુંડમાં જતું હોવા છતાં બીજો-વચલો કુંડ તો ખાલીજ રહેતો, તેમાં જરાય પાણી દેખાતું નહોતું. એમાં શો ભેદ હશે તે હું આપના દ્વારા જાણવા ચાહું છું."

ભગવાને એ સાંભળીને આ પ્રમાણે કહેવાનું શરૂ કર્યું: "ભાઇ! કળિયુગના શેઠશાહુકાર, રાજામહારાજા, પોતાના દેશ તથા જાતિના ગરીબ પ્રજાજનોને ભૂખે મરતા જોવા છતાં પણ તેના ઉપર ધ્યાન આપશે નહિ. પરંતુ પરદેશી, અન્યધર્મીઓ જેમને અન્યત્ર બીજાઓ પાસેથી પણ ઘણુંય મળી શકે છે-મળે છે, એવા મનુષ્યોનું પોષણ કરવા માટે અઢળક ધન ખર્ચશે. જેમને વધુ ખાવાથી અજીર્ણની પીડા ભોગવવી પડે તેમને કાલાવાલા કરીને ખવડાવશે અને જેમના ભૂખને લીધે પ્રાણ જવાના બાકી રહ્યા હશે તેમને કકડા રોટલા માટે ધુતકારી કાઢશે."

છેવટે સહદેવને પૂછ્યું, એટલે તેણે કહ્યું: "દયાળુ! હું વિધવિધ પ્રકારનાં દશ્યો જોતો પહાડની ખીણોમાં ચાલી રહ્યો હતો; એકાએક મારી નજર તે પહાડના શિખર ઉપર પડી. જોયું તો એક ઘણો મોટો પથ્થર તે શિખર ઉપરથી પડ્યો. તે મોટાં મોટાં વૃક્ષોને ભાંગતો તોડતો આગળ વધનાં એક નાનાસરખા ઘાસના સૂકા તણખલા ઉપર અટકી ગયો. આ આશ્ચર્યનો ભેદ હું આપની પાસેથી સાંભળવા ચાહું છું."

ભગવાને જવાબ આપ્યો: "ભાઇ! એનું તાત્પર્ય ઊંડું છે. કળિયુગમાં ધર્મ પોતાના ઉચ્ચ સ્થાનેથી નીચે ગબડી પડશે અને તપ, યજ્ઞ, ધ્યાન તથા જ્ઞાનરૂપ મોટાં મોટાં વૃક્ષો અને તેમની ડાળો ઉપર અટકી ગયા સિવાય અર્થાત્ તેમને તોડીફોડીને 'નામસ્મરણ'રૂપ તણખલા ઉપર આવીને અટકી જશે."

નામસ્મરણને તૃણ અર્થાત્ તણખલું એટલા માટે કહ્યું કે, એ

તૃણવત્ સર્વ કોઇને સુલભ છે. એમાં અધિકારી અનધિકારી, દેશ, કાળ, પાત્ર વગેરે કશાની અપેક્ષા નથી અને વળી જાગતાંસૂતાં, ખાતાંપીતાં, રડતાંહસતાં સર્વ અવસ્થામાં થઇ શકે એવું કાર્ય છે.

સૌને સંતોષ પમાડીને ભગવાન ફરીથી યુધિષ્ઠિર તરફ ફર્યા અને બધાં દશ્યોનો સારાંશ બતાવતાં તેમણે કહ્યું કે, "હે યુધિષ્ઠિર! તમે રાજ્ય કરતા રહીને નામસ્મરણ કર્યા કરો તેથી તમને રાજ્યનો સંગદોષ વ્યાપશે નહિ. મનુષ્ય ભલે સંસારમાં બધુંય કરે તેથી કંઇ હરકત નથી; પણ નામસ્મરણને ન છોડે–ભગવાનનું નામચિંતન કરનારો કદી પણ કુમાર્ગે ચડશે નહિ. ઊલટો તે કુમાર્ગે ચડેલાને પણ સુમાર્ગે લાવવામાં ફળીભૂત થઇ શકે છે. નામથી નામીનો સાક્ષાત્કાર થશે. તેનાં ચરિત્ર અને ઉપદેશ હૃદયંગમ થશે અને પછી તે ચરિત્ર તથા ઉપદેશ તેના જીવનને સફળ બનાવવામાં પૂર્ણ સહાયક થઇ શકશે. બસ પછી જોઇએજ શું?

"**जन्मसाफल्यान्नूनं सौख्यार्णवावगाहनम् ।**"

એટલા માટે બધાં શાસ્ત્રો અને સંતોના મત અનુસાર સર્વોત્તમ પદાર્થના વિષયમાં પૂછવામાં આવે, તો સર્વ સંમતિથી એજ એક માત્ર ઉત્તર મળશે કે, નામસ્મરણાર્થક પ્રભુની સાક્ષાત્ વાણી છે. "**यज्ञानां जपयज्ञोऽस्मि ।**" ઇતિ. ("ગીતાધર્મ"ના એક અંકમાંથી)

साधु कोण कहेवाय ?

(લેખકઃ–સ્વામીશ્રી શિવાનંદજી)

આબુના પહાડ ઉપર દત્ત ટેકરીવાળી ઊંચી ટેકરી ઉપર પીપળાના ઝાડ નીચે એક ઘણી મોટી પથ્થરની શિલા ઉપર બેસીને કેટલાક સિદ્ધ મહાત્માઓ વાર્તાલાપ કરી રહ્યા હતા. તેઓમાં કોઇ મૂંડેલા માથાના પરમહંસ સંન્યાસી, કોઇ મોટી જટાવાળા, કોઇ તદ્દન નાગા-દિગંબર, કોઇ કુંડલવાળા અને કોઇ બ્રહ્મચારી હતા. સર્વ પ્રસન્નવદન,

તેજસ્વી અને શાસ્ત્ર તથા દેશકાળના જાણનારા જણાતા હતા. હું પણ ફરતો ફરતો ત્યાં જઇ પહોંચ્યો અને સૌને નમસ્કાર કરી એક ખૂણામાં ચૂપચાપ બેસીને તેમનો સદુપદેશ સાંભળવા લાગ્યો.

ત્યાં ઘણી ઘણી વાતોની ચર્ચા થઇ. ચર્ચા કરવાની રીત ઘણીજ ઉત્તમ હતી. એક કહેતા હતા અને તેને યુક્તિયુક્ત કરતા હતા. તેમના સમાપ્ત કર્યા પછીજ બીજો પોતાના પ્રતિપાદ્ય વિષયને તેવીજ રીતે પ્રતિપાદન કરતો હતો. તેમના શબ્દપ્રયોગ પુષ્પવૃષ્ટિ જેવા હતા. હું તે મારા હૃદયમાં એકઠા કરી રહ્યો હતો.

થોડી વાર પછી એ પ્રશ્ન આવ્યો કે, "સાધુ કોણ કહેવાય?" મહાત્માઓએ કહ્યું કે, "એક સાધુજ એવી વ્યક્તિ છે કે જે પ્રાણીમાત્રની નિઃસ્વાર્થભાવે સેવા, સહાયતા, શુશ્રૂષા, કલ્યાણ તથા ઉપકાર કરી શકે છે; તેથી આવા પ્રસંગે એવી વિભૂતિનું નિર્વાચન થઇ જાય તો બહુજ ઠીક પડે." આવું સાંભળીને તેઓમાંના એક મહાત્માએ કહ્યું:—

"જે સંસારનો ત્યાગ કરી, એકાન્ત પહાડોમાં અંધારી ગુફાઓમાં સમાધિસ્થ રહે, ભગવાનનું આરાધન કરે, તે સાધુ કહેવાય. સાધુએ સંસારનો તદ્દન ત્યાગ કરી દેવો જોઇએ. જગતમાં રહીને તેના સારાખોટા પ્રભાવના સંસ્કાર તેના હૃદય ઉપર પડ્યા વગર રહી શકતા નથી. સંસારમાં રહીને સાધન બની શકતાં નથી. કાજળની કોટડીમાં પ્રવેશ કરનાર સાવધાન પુરુષને પણ કંઇ ને કંઇ કાળો ડાઘ લાગ્યા વગર રહેતો નથી. વિશ્વામિત્ર, પરાશર વગેરે અનેક ઋષિઓને સંસારના ચક્કરમાં ફસાવું પડ્યું. સંસારનાં દશ્યો જોવાથી તેના સંસ્કાર જેવા હૃદય ઉપર પડે છે તેવા તેને નહિ જોવાથી પડતા નથી. રાત્રિના સમયે જોયેલાં સિનેમા ઇત્યાદિનાં દશ્યો જોનારાની નજર સામે આખો દિવસ આવ્યાજ કરે છે. એટલા માટે એકાન્ત પર્વતની ગુફાનો આશ્રય લઇને ભજન કરનારો સાધુ છે. "કૂતરો જોશે નહિ તો ભસશે નહિ." એવીજ રીતે સંસારના રગડાઝઘડા નહિ જુએ તો તેનું સ્મરણ થવાથી ચિત્તવૃત્તિમાં ચંચળતા આવશે નહિ. મારી સમજમાં તો તેજ સાધુ છે, કે જે એકાન્તવાસ કરીને આત્મબળનો સંગ્રહ કરી પોતાનો અને સંસારનો

ઉપકાર કરે અને તેજ દુનિયાને નર્કનું સ્વર્ગ બનાવી શકે છે."

આ સાંભળીને બીજા મહાત્મા બોલ્યા: "એકાન્તનિવાસ કરનારજ સાધુ કહેવાય છે એમ નથી. અંધારી ગુફાઓમાં સાપ, વીંછી, સિંહ, શિયાળ ઇત્યાદિ અને પશુપક્ષીઓ પણ રહે છે. કોળી, ભીલ, આદિ જાતિના લોકો હંમેશાં જંગલમાંજ રહે છે અને તેઓ પોતાના વિશ્વાસ પ્રમાણે કોઇ ને કોઇ દેવતાના રૂપમાં ઈશ્વરનું આરાધન પણ કરેજ છે; પણ તે સાધુ કહેવાતા નથી. સાધુ તો ભ્રમણ કરે અને નિઃસંગ રહે. જે એકજ જગ્યાએ રહે છે, તે ચાહે ત્યાં રહે તો પણ તેને સંગદોષ લાગ્યા વગર રહેતો નથી. જુઓ—

मुनेरपि वनस्थस्य स्वानि कर्माणि कुर्वतः।
उत्पद्यन्ते त्रयः पक्षा मित्रोदासीनशत्रवः॥

"મનનશીલ અને આત્મચિંતનપરાયણ સાધુ જે પોતાના કામમાંજ રત છે તે બીજાના કોઇ કામમાં દાખલ કરતો નથી; તેમાં પણ ત્રણ જાતના પક્ષપાતી મળી આવે છે. કોઇ તેને સારો કહે છે તો તેની સાથે તે મિત્રતાનો વ્યવહાર કરે છે. કોઈ તેને સારોય નથી કહેતો ખોટોય નથી કહેતો, તો તેની સાથે તે ઉદાસીન ભાવથી વર્તે છે અને કોઇ વગરકારણે તેની ઇર્ષ્યા કરે છે તો તે તેનો શત્રુ બની જાય છે. મતલબ કે, સાધુએ કોઇ પણ એક સ્થળે નિવાસ કરવો જોઇએ નહિ. સાધુજન અનુભવી હોય છે. તે ચાહે ત્યાં જઇ શકે છે. તે ગરીબોની ઝૂંપડીમાં રહી શકે છે અને ઓઝલ-પડદે રહેનારી રાજરાણીઓથી પરિપૂર્ણ રાજમહેલમાં પણ રહી શકે છે. તે ચાહે તો આગળ ને આગળ ચાલ્યા જાય-પાછળ ફરીને જુએ પણ નહિ. જેની આવી અવ્યાહત ગતિ હોય, તે જ્યાં જેવી આવશ્યકતા જણાય તેની પૂર્તિ ત્યાં જઇને અથવા તે પ્રદેશમાં ભ્રમણ કરીને કરી શકે છે. ભગવાન શંકરાચાર્ય આદિ મહાપુરુષોએ જ્યાં ત્યાં ભ્રમણ કરીનેજ વૈદિક ધર્મની ફરીથી સ્થાપના કરી હતી. આજકાલ પણ મિશનરીના પાદરીઓ દુર્ગમ ધનઘોર જંગલો અને સમૃદ્ધ નગરોમાં ફરી ફરીને પોતાના ધર્મનો પ્રચાર કરી રહ્યા છે. જે સાધુ છે તેજ સત્યનો પ્રચાર અને અન્યાયનો વિરોધ કરી શકે છે; કેમકે તેને

કોઇ અંગત સ્વાર્થ હોતો નથી. સૌના સ્વાર્થમાં, સૌના લાભમાં તેનો લાભ સમાયલો હોય છે. રાજશક્તિનાં શસ્ત્રાસ્ત્ર અને કાયદા તે કામ કરી શકતાં નથી, જે સાધુના ઉપદેશના પ્રભાવથી થઇ જાય છે. રાજશાસન ભયથી માનવામાં આવે છે એટલે એની અસર અસ્થાયી હોય છે. પરંતુ સાધુનો ઉપદેશ હૃદયથી ગ્રહણ થાય છે તેથી તેનું ફળ સ્થિર રહે છે. જેમ કોઇ જળાશયમાં અથાગ જળ ભરેલું છે, તેને જે તે પ્રકારના યત્ન અને યુક્તિથી ખેતરો અને બાગબગીચાઓમાં પહોંચાડવામાં આવે છે. **જેમ કાશી વિદ્યાનો ભંડાર અવશ્ય છે, વૃંદાવનમાં ભકિતની ખાણ ભરપૂર છે, હરદ્વારમાં વેદાન્ત વિદ્યાની મંદાકિની વહી રહી છે, નૈમિશારણ્યમાં પશુપક્ષી પણ પૌરાણિક ગાથાઓ ગાયા કરે છે, નદિયામાં હરિકીર્તનની ધૂન મચેલીજ રહે છે, અયોધ્યામાં રામનામના ધ્વનિથી ચારે દિશાઓ ગાજી રહેલી હોય છે, પંઢરપુરમાં વિઠ્ઠલના નામ ઉપર નાચરંગ થયા કરે છે,** બીજાં પણ ઘણાં ખાસ ખાસ તીર્થો, સ્થાનો અને આશ્રમો આદિમાં તત્તત્ પ્રભુ સંબંધી અલૌકિક વાતો, જે સર્વસાધારણના કલ્યાણને માટે હોઇ શકે, તે થયા કરે છે. પરંતુ તે દૂર દેશના અસમર્થ સાધારણ લોકોમાં કેવી રીતે પહોચી શકે ? ઉપર જણાવેલી વિશેષતાઓ તો સાધુસંતોજ લોકોમાં પહોંચાડી શકે છે; કેમકે તેમની પાસે સમય છે, પ્રભુભક્ત હોવાને લીધે તેમની પાસે સામર્થ્ય પણ છે. જો તે સાધુસંતો અંધારી ગુફાઓમાં જડ અને મૂંગા જેવા બેસી જાય તો પોતાનું કલ્યાણ ભલે કરી લે પણ બીજાનું શી રીતે કરી શકાય ? જગતમાં જેટલાં દુઃખ છે, તે અધર્મને લીધે છે. સંસારી લોક અજ્ઞાન છે તે ભલે જ્ઞાનીનો દેખાવ કરીને થોડીવારને માટે સ્મશાનજ્ઞાન ધારણ કરી લે; પરંતુ જરા જેટલા કૌટુંબિક ક્લેશથી તેમના હોશ ઠેકાણે આવી જાય છે. એટલા માટે જે ફરી ફરીને જ્યાં અને જ્યારે જે ધર્મ અથવા નીતિના પ્રચારની આવશ્યકતા હોય ત્યાં તેનો ઉપદેશ આપે અને લોકોનાં હૃદયમાં શાંતિ સ્થાપે તેનેજ સાધુ કહી શકાય છે. જુદા જુદા મતના સાધુ જો પરસ્પર વિરોધી પ્રચાર પણ કરે તો પણ જનતામાં વિચારવા—સમજવાનું

ક્ષેત્ર તો તે તૈયાર કરી જ શકે છે. છેવટે જે સાચો દેશકાળોપયોગી અને લાભદાયક ઉપદેશ હશે તેને જગત માનશે. કેમકે—

સચ્ચાઇ છિપ નહીં સકતી, બનાવટ કે અસૂલોં સે;
ખુશબૂ આ નહીં સકતી, કભી કાગજ કે ફૂલોં સે.

અમારા ઉપર કરેલા કથનથી તે પ્રશ્નનો આજ વાસ્તવિક ઉત્તર જણાય છે. જે આપ લોકોની સભામાં આ પ્રકારે કરવામાં આવ્યો હતો કે, "સાધુ કોણ કહેવાય?"

આ સંતના કથન પછી એક ત્રીજા મહાત્મા આ પ્રમાણે કહેવા લાગ્યા: "સાધુએ પરોપકારી તો અવશ્ય થવુંજ જોઇએ. પણ જ્યારે સંસારનો ત્યાગજ કર્યો તો પછી તેની તેને ચિંતા શા માટે? સંસાર તો કોયલો છે, તેને સંસારભરના ઉપદેશરૂપી સાબૂ ઘોઇને કદી પણ સફેદ કરી શકશે નહિ. સંસારી લોકો જાણે છે તો બધુંય પણ તે જોવા છતાંય જોતા નથી. હજારો મહાપુરુષોએ એની ભલાઈ કરવા, એને સન્માર્ગે ચડાવવા, ઉપદેશ આપી આપીને પોતાનાં જીવન સમાપ્ત કર્યાં, પણ એના ઉપર કશીય અસર થઇ નહિ. તેજ પાપાચાર, તેજ દુરાચાર, પ્રથમની જેમ ચાલી રહ્યા છે બલ્કે વધતા જાય છે. **રામના આદર્શ, કૃષ્ણની ગીતા, શંકરનું વિજ્ઞાન, બુદ્ધની દયા, મહાવીરની અહિંસા, ઈશુની ક્ષમા અને મહમ્મદનો ભ્રાતૃભાવ આજ કયાંય જોવામાં આવતાં નથી.** જોવામાં આવે તો તે નામ માત્રનાંજ. એક મચ્છર આકાશમાં કેટલો ઊડશે? એવીજ રીતે આ વિશાળ વિશ્વમાં એક આદમી કયાં કયાં ઉપદેશ આપતો ફરશે? બધા તો સાધુ થઈ શકતા નથી. ભર્તૃહરિએ રાજ્ય તજીને મુક્ત ભોગી થવાને કારણે લોકોને સમજાવ્યું હતું કે—

"હે મનુષ્ય! તું કઇ વાતનું અભિમાન કરે છે? જો—પ્રથમ હરિશ્ચંદ્રાદિ ઉદારબુદ્ધિ સાર્વભૌમ રાજાઓએ આ ભૂમંડલને બનાવ્યું અર્થાત્ ધર્માચરણથી સ્થાપિત કર્યું. પછી યયાતિ ઇત્યાદિ બળવાન રાજાઓએ એનું પાલન કર્યું. તે પછી બલિ આદિ ધર્માત્મા ભૂપાલો એ એને શત્રુઓ પાસેથી જીતીને પોતાને કબજે કરી, તણખલાની પેઠે યાચકોને અર્પણ કરી દીધું. બીજા પણ ઘણાય ધૈર્યશાલી રાજાઓ ચૌદ

ભુવનનો ઉપભોગ કરી ગયા છે. તો પછી ઘણી નવાઇની વાત છે કે બેચાર અથવા પાંચસાત ગામોના અધિપતિ થઇને આટલું અભિમાન કેમ કરવામાં આવે છે? પહેલાંના રાજાઓનાં ચારિત્ર્યનું સ્મરણ કરીને શરમાવું જોઇએ, ન કે ઉન્મત્ત બનવું જોઇએ." પરંતુ મનુષ્યો ઉપર એ કથનની જરાય અસર થઇ નહિ. તે પોતપોતાની ઢોલકીમાં પોતપોતાના રાગ અલગજ આલાપી રહ્યા છે. એટલા માટે એવા સંસારને સમજાવવો વ્યર્થ છે. હાં, જો સંસાર પર ઉપકાર કરવોજ છે તો ઇશ્વરને પ્રાર્થના કરો કે તે પોતાની શક્તિથી પ્રાણીમાત્રની બુદ્ધિને શુદ્ધ કરશે. વેદના સારભૂત ગાયત્રી મંત્રમાં પણ '**धि यो यो नः प्रचोदयात्**'ની પ્રાર્થના કરવામાં આવી છે. આ કામ તેજ સાધુસંત કરી શકે છે, કે જે વાચારમ્ભણ વિકારનો ત્યાગ કરી શાન્તિપૂર્વક બેસીને ઇશ્વરને પ્રાર્થના કરે કે—

सर्वस्तरतु दुर्गाणि सर्वे भद्राणि पश्यतु ।
सर्वः सद्बुद्धिमाप्नोतु सर्वः सर्वत्र नन्दतु ॥

"જે એકાન્તમાં બેસીને લોકોની સામે આદર્શ બનીને ભગવાનને જગતના કલ્યાણ અર્થે પ્રાર્થના કરે, તેજ સાધુ છે. અમારું આ કથન એ પ્રશ્નનો ઉત્તર છે કે, 'સાધુ કોણ કહેવાય?'"

પછી ચોથા સંતે કહ્યું કે, "સાધુ તેજ હોઇ શકે છે કે, જે મોટા વિદ્વાન હોય, નીરક્ષીરવિવેકી હંસની માફક જે સંસારના સારાસારનો ભેદ ઓળખે અને બીજાઓને ઓળખાવી શકે, જે યુક્તિ અને તર્ક દ્વારા બીજાઓની શંકાનું બરાબર સમાધાન કરી શકે, જે વિદ્યાવિહીન પશુને સદ્વિદ્યા દ્વારા દેવ બનાવી શકે."

પાંચમાએ કહ્યું—સાધુ થઇને જે રિદ્ધિસિદ્ધિનો ભંડાર ન મેળવી ચૂકયો તે સાધુ શાનો? સિદ્ધ સાધુજ પોતાના પ્રભાવથી મોટા મોટા ઘોર નાસ્તિકો અને પાપાત્માઓને રસ્તા ઉપર ચડાવી શકે છે. સજ્જનોનું લોહી પીનારા નીચ જનોને સજ્જનોના પરસેવાને બદલે પોતાનું લોહી વહેવડાવનારા બનાવી દેવાની શક્તિ સિદ્ધ સાધુઓમાંજ હોય છે. સંસારમાં સારી ચીજો ઘણી ઓછી હોય છે, તેવીજ રીતે દુનિયામાં સજ્જન ઓછા છે. દુર્જનજ ઘણા છે. તેમને

માટે સિદ્ધ સાધુના '**दण्डेन गो गर्द्धभौ**' વાળો સિદ્ધાંત કામમાં આવે છે. "ભય બિનુ હોહિં ન પ્રીત" ની વાત સિદ્ધ મહાત્માને માટે યથાર્થ નીવડે છે. એટલા માટે જેનામાં કરામત છે તેજ સાધુ છે.

છઠ્ઠાએ ગુરુભક્તને સાધુ બતાવ્યો. ગુરુએ બતાવેલા અથવા આપેલા વેષ, દંડ, કમંડલુ, તિલક, માળા, ભસ્મ, આદિને જે વિધિ પ્રમાણે ધારણ કરીને એકનિષ્ઠાથી ગુરુમંત્રનો જપ કરતો રહે તે સાધુ છે. કેમકે સાધુના કાષાયામ્બર અથવા દિગંબર આદિ વેષ પણ સાધુતાના સંરક્ષક થઇ શકે છે. જેમ મદિરા આદિની દુકાન ઉપર અથવા વેશ્યા આદિનાં નૃત્ય જે સર્વસાધારણને જોવા માટે થઇ રહ્યાં છે અને ત્યાં સાધુ જવા ચાહે તો તેનો વેષ તેને ત્યાં જતો અટકાવશે, તેને અંતરાત્માની પ્રેરણા થશે કે, જો તું આ વેષ ધારણ કરીને ત્યાં જઇશ તો લોકો શું કહેશે? જો અંતર્યામીની પ્રેરણા અવગણીને તે ત્યાં ચાલ્યો ગયો તો લોકો કહેશે કે, જુઓ, સાધુ થઇને પણ અહીં આવવાનું મન થાય છે, ત્યારે આ વેષ નકામો શા માટે ધારણ કર્યો છે? આમ વેશભૂષા પણ કુમાર્ગગમનમાં બાધક થાય છે. અને તેથી ગુરુપ્રસાદસ્વરૂપ વેષભૂષા ધારણ કરનારોજ સાધુ છે.

સાતમાએ કહ્યું—જે પ્રત્યેક શ્વાસનિઃશ્વાસમાં ભગવાનના નામનો જપ કરતો હોય તેજ સાધુ છે. '**यज्ञानां जपयज्ञोऽस्मि**'ના સિદ્ધાંત મુજબ તે આ મુખ્ય યજ્ઞનો કર્તા છે. શાસ્ત્રોમાં યજ્ઞોનું ઘણું માહાત્મ્યવર્ણન આવે છે. યજ્ઞથી જ '**अन्नाद् भवन्ति भूतानि**' '**यज्ञाद् भवति पर्जन्यो**' આદિ સર્વ કંઇ સંભવિત થઇ જાય છે. તો પછી ભગવાનના નામસ્મરણ-યજ્ઞથી તો શું નથી થઈ શકતું? તેથી કરીને જે હંમેશાં ભજન કરતો રહે છે તેજ સાધુ છે.

આ પ્રમાણે કેટલાક મહાત્માઓએ મહાભારત, ભાગવત ઇત્યાદિ ગ્રંથોમાં વર્ણવેલાં સાધુઓનાં લક્ષણ અને સ્વરૂપ આદિનું ઘણુંજ ઉત્તમપ્રકારે પ્રતિપાદન કર્યું.

છેવટે એક પરમહંસ સંન્યાસીએ કહ્યું—મહાપુરુષો! આ જે સાધુ સંબંધી આપ લોકોએ કહ્યું અને સાંભળ્યું તે બધું તેમના બહારના સ્વરૂપનું વર્ણન છે. સાધુ વિષે જે કંઇ આપ લોકોએ કહ્યું

તેના યોગ્ય પાત્ર તો સાધુ છેજ. પરંતુ મારી સંમતિ પ્રમાણે તો સંત તેજ કહેવાય—" જે સ્વયં કોઇથી ડરે નહિ અને ન કોઇ તેનાથી ડરે " કેમકે, '**द्वितादू वं भयं भवति**' સાધુ સૌને પોતાનું સ્વરૂપ સમજે છે. તેને કોઇ ડરાવી શકતો નથી. વળી સાધુ તો સૌનો આત્મા છે એટલે તેનાથી પણ કોઇને શાનો ડર હોય? સિંહ, સાપ, વીંછી આદિ ભયાનક જંતુઓની સાથે રહીને પણ સાધુ તેમનાથી અને તેઓ સાધુથી ડરતા નથી. સૌ પોતપોતાનું ભલું ચાહે છે. એટલા માટે સંત પણ સૌમાં પોતાનો આત્મા હોવાને લીધે સૌનું ભલું ચાહે છે.—

એવી વૃત્તિ તેમનીજ હોઇ શકે છે કે, જેઓ નીડર છે અને તેને લીધેજ સાધુ '**अभयं सर्वभूतेभ्यो मत्तः स्वाहा**' આવી પ્રતિજ્ઞા સાથે સંસારમાં વિચરે છે. પછી જોઇએ તો તે એક જગ્યાએ રહે અથવા ફરતો રહે, માળા ફેરવે. પંડિતાઈ કરે, પૂજા–કથા કંઇ પણ કરે તેજ સાધુ છે, તે બીજાઓનો તથા પોતાનો ઉપકાર અવશ્ય કરી શકે છે, એમાં સંદેહ નથી. જે ડરતો રહેશે તે શું કરી શકશે? સંસારમાં જેણે જેણે મોટાં મોટાં કામ સંપાદન કર્યાં છે, તે સૌ નીડર હતા. મારા કહેવાને આપ લોકો પેલા પ્રશ્નના ઉત્તર તરીકે સમજી ગયા હશો કે, જે આ પ્રમાણે કરવામાં આવ્યો હતો કે, "**સાધુ કોણ કહેવાય ?**" ("ગીતાધર્મ"માસિકના એક અંકમાથી)

संन्यासीओने हिन्दमातानी हाकल

(લેખકઃ–શ્રી. પ્રભાશંકર જીવરામ યાજ્ઞિક)

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते॥

ભરતખંડમાં ઉત્પન્ન થયેલા હે ભારતભૂમિના પુત્રો અને સંસારનો ત્યાગ કરનાર સંન્યાસીઓ! તમે ભગવદ્ગીતા દ્વારા થયેલી આજ્ઞાનો અનાદર કરી શું મોક્ષ મેળવવા ઇચ્છા રાખો છો? શું દેહધારી મનુષ્ય આ કર્મભૂમિમાં જન્મ પામ્યા પછી કદી પણ

કર્મનો ત્યાગ કરી શકે ખરો? શું સંસારહિતના કર્મનો ત્યાગ કરવાથી તમે સર્વ કર્મથી મુક્ત રહી શકો છો? શું ખાવુંપીવું, પહેરવું-ઓઢવું એ કર્મો તમને લાગેલાં નથી? છતાં જો ક્ષુદ્ર દેહ પર મમત્વ હોવાનાં કારણે-દેશ, ધર્મ અને સમાજહિતાર્થે પરોપકારી કર્મનો ત્યાગ કરવામાંજ સંન્યાસની મહત્તા માનતા હો, તો તે સંન્યાસ મુક્તિ માટે નથી, પરંતુ જગતના ઋણી બની મહાપાપના ભોક્તા બનવા માટે મિથ્યા વેષજ સમજવો. તમે વિચાર કરી જોશો તો તમને ખુલ્લું સમજાશે કે, જેમ સરોવરમાં ઉત્પન્ન થયેલી પ્રથમ લહરી જળમાં લય પામે તે પહેલાં તેનો શેષ ભાગ નવી લહરીને જન્મ આપ્યા પછીજ સર્વથા જળમાં સમાય છે; તેવી રીતે પૂર્વકર્મ સંસ્કારફળનો ભોક્તા સર્વથા નાશ પામે તે પહેલાં મનુષ્યના જાણવામાં ન આવે તેમ વર્તમાન કર્મને વલણ આપવારૂપ અધિકાર ચલાવે છે, તેવા પૂર્વના મલિન સંસ્કારોને ભૂંસી નાખી શાસ્ત્ર-આજ્ઞા પ્રમાણે નવા શુભ સંસ્કાર પાડવા પ્રયત્ન કરવો અર્થાત્ કટિબદ્ધ રહેવું તેનુંજ નામ પુરુષાર્થ અને તેવા પ્રયાસનેજ સત્યકર્મ અને માનવધર્મ તરીકે ઓળખી શકાય અને તેજ પ્રયત્ન કેવળ ઉન્નતિ અને મુક્તિનું પ્રથમ અને શ્રેષ્ઠ સાધન છે; પરંતુ કેવળ લોકહિતાર્થ કર્મના ત્યાગથી કિંવા અગ્નિના બહિષ્કારથીજ મોક્ષમાર્ગ સિદ્ધ થઈ શકતો નથી.

અવશ્ય એટલું વિચારવું જરૂરનું છે કે, વિષયાસક્તિને પૂર્ણ કરવા જે સકામ કર્મો ધારણ કરવામાં આવે છે, તે તો પુનર્જન્મના કારણભૂત બને છેજ અને તેમ હોવાથી યોગીપુરુષો કોઇ કર્મનો ઇચ્છાપૂર્વક આદર કરતા નથી, પરંતુ સત્કર્મ કે જે તેની સન્મુખ જણાય તેમાં મળતા લાભ કિંવા હાનિનો વિચાર નહિ કરતાં, કેવળ ફરજ સમજી લોકહિતાર્થે અવશ્ય ધારણ કરે છે. તેવી વેદઆજ્ઞા ગીતા દ્વારા થયેલી છે.

આવી રીતે કર્મના પરિણામ વિષે ઊપજતી ચિન્તા અને નવા કર્મના આરંભ માટે ઊપજતો સંકલ્પ-આટલીજ વસ્તુનો જ્યાં ત્યાગ કરવામાં આવે છે, ત્યાં ચિન્તાના અભાવે અખંડ સુખ અને સંકલ્પના અભાવે પરમશાંતિ આપોઆપ છવાઈ રહે છે; તો પછી નિરપેક્ષપણે કર્મને ધારણ કરવામાં દોષ શી રીતે માની શકાય?

આ ઉપરથી સમજવાનું એજ કે, નિષ્કામ કર્મને ધારણ કરી ગૃહસ્થાશ્રમમાં રહેનારો કર્મયોગી હો-કિંવા જ્ઞાનયોગને ધારણ કરી વનમાં એકાકી વિચરનારો યતિ હો; પરંતુ જે મનુષ્ય ફલાસક્તિના ત્યાગપૂર્વક સમય પર પ્રાપ્ત થનારા કર્મને કેવળ ફરજરૂપ સમજી ધારણ કરે છે, તેજ મનુષ્ય યોગી કિંવા સંન્યાસી કહેવાય છે. પરંતુ લોકહિતાર્થે પ્રાપ્ત થનારા સત્કર્મ અને અગ્નિનો ત્યાગ કરનાર કેવળ માતૃભૂમિને ભારરૂપ ગણાય છે.

આમ હોવાથી હે ભારતભૂમિના આર્યપુત્રો તથા ધર્મને માન આપનારા યતિ-સંન્યાસીઓ! હવે તમે ધર્મના નામે ધારણ કરેલો ઢોંગ છોડી દઇ તમારા વેદધર્મનો, કહો કે ડૂબતા હિંદુ સમાજનો કે હિંદુત્વનો ઉદ્ધાર કરવા અર્થાત્ દુઃખદરિયામાં સપડાયેલા તમારા બંધુઓને તારી લેવા બહાર આવો અને શાસ્ત્રઆજ્ઞાથી અજ્ઞાન રહેલી પ્રજાને માનવધર્મનું ખરું ભાન કરાવી ઉન્નતિના માર્ગ પર લાવવા તત્પર થાઓ; તે તમારી પ્રથમ અને શ્રેષ્ઠ ફરજ છે. કારણ કે જ્યાં અનેક ધર્મપંથ, જુદા જુદા સંપ્રદાય અને મતમતાંતરો હિંદુજાતિમાં ઘૂસી ગયેલા છે, ત્યાં કામી મનુષ્યોને તમારી છિન્નભિન્ન થયેલી હિંદુજાતિ પર તરાપ મારતાં જરા પણ સંકોચ રહેતો નથી. અને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા જેમ છૂટીછવાઇ ચરતી ભેંસો વચ્ચે વાઘ એકાદ ભેંસનો શિકાર કરી જાય, તેવી રીતે સંપ્રદાય-ભેદે છૂટી પડેલી હિન્દુજાતિ અત્યાચારી મનુષ્યોના અત્યાચાર તળે ચગદાઇ રહી છે. તેવા સમયે તમારા માનવધર્મને એક બાજુ મૂકી કેવળ પેટ ભરી પડયા રહેવું, તે શું વેદધર્મના શુરવીર અનુયાયી-ઓને શરમભર્યું નહિ ગણાય? × × × ×

અરે! અત્યારે તો હિંદુજાતિમાં પથરાયલી ધર્મની અંધશ્રદ્ધા કહો કે અંધાધૂંધી દૂર કરી કેવળ એકતાનોજ પાયો રોપવાની જરૂર છે. કારણ કે એકાદ ભેંસને વાઘ સહેજે મારી શકે છે, પરંતુ ચાર વગડાઉ ભેંસો એકત્રિત થતાં વાઘને જીવ બચાવવો પણ ભારે પડે છે! અરે, એકાદ લાકડીને તો મનુષ્ય સહેલથી ભાંગી શકે, પરંતુ લાકડીના ભારાને ઊંચકવો પણ ભારે પડે છે. અરે, શું

કહ્યું ? એકાદ તંતુને સૌ કોઇ સહેલાઇથી તોડી શકે છે, પરંતુ તંતુના સમૂહથી બનેલું દોરડું સિંહને પણ વશ કરે છે. માટે આત્મપરાયણ રહેનારા હે યતિ-સંન્યાસીઓ! શું તમે હિંદુજાતિનું લૂણ ખાઇ ઋણી બનતા નથી? તે ઋણ ફિટાડવાનો ફક્ત એકજ ઉપાય છે કે, બસ તમારી ગુફામાંથી યોગનિદ્રાનો ત્યાગ કરી બહાર આવો અને પડકાર કરીને અન્ય કોમી મનુષ્યોને ખુલ્લું સંભળાવો કે, વેદધર્મ અનાદિ કાળથી છે, તેના પર તરાપ મારનાર કે તેને નિર્મૂળ કરનાર છે કોણ? કોઇ ઉત્પન્ન થયું નથી અને થવાનું નથી. એટલું બોલી બતાવવાથીજ બસ નથી, પરંતુ હિંદુજાતિને સિંહરૂપ બનાવવાની જવાબદારી પણ તમારે શિર રહેલી છે. તે જવાબદારી તમને કર્મ કરવા પ્રેરે છે અને તેમ છતાં જો કર્મનો ત્યાગ કરશો તો તમે જન્મભૂમિના બલ્કે હિંદુજાતિના પૂરા ઋણી ગણાશો કે જે ઋણ તમારી તપશ્ચર્યા કરતાં પાપનીજ વૃદ્ધિ કરવામાં વિશેષ સમર્થ બને છે તેમ ચોક્કસ સમજજો; કારણ કે **धर्मो रक्षति रक्षितः।**

("આર્યપ્રકાશ" તા. ૨૬-૫-૪૧ના અંકમાંથી)

दाननो पलटातो प्रवाह

(લેખક:-શ્રી. વ્રજલાલ ધ. મેઘાણી)

"ચોખેજી! ધર્મના ઇજારદારો મારફત પુણ્ય કમાવા માટે મારે હવે દાન નથી કરવું. મૃત્યુ પછી પરલોકમાં સુંદર પદની પ્રાપ્તિ માટે પણ મારે હવે દાન નથી કરવું. તમારી રીતે ભગવાનને રીઝવવા કે ધર્મનો ઉદ્યોત કરવાયે દાન નથી કરવું અને મોટા દાનેશ્વરી તરીકે જગત મને ઓળખે અને વાહવાહથી નવાજે એટલા માટે પણ નથી કરવું. અનેક અનુભવો પછી દાનના આ બધા પ્રકારોમાંથી મારી શ્રદ્ધા ઊઠી ગઇ છે અને દાનની યથાર્થ દિશા મને સમજાઈ છે.

"માનવસમાજમાંથી રળ્યો છું તો તેના ઉપયોગ માટે થોડું-ઘણું આપીને હવે તો ઋણમુક્ત થવું છે. એક માનવી તરીકે મારા માનવબંધુઓને ઉપયોગી થવું છે. દાનનો આ સાચો અર્થ લાંબા

અનુભવે મને સમજાયો છે. એટલે હવે ખુલ્લી આંખે સમાજમાં અને ગામમાં ફરીને ક્યાં ક્યાં મારો અને મારા દ્રવ્યનો ઉપયોગ થઇ શકે તે જોઇને જાતેજ નિર્ણય અને જાતેજ દાન કરવાનું મેં નક્કી કર્યું છે. દાન એટલે એક બાંધવ તરીકે સમજપૂર્વક ખરા ઉપયોગ માટે આપી છૂટવું તે. આ વસ્તુ મનેહવે સમજાઇ હોવાથી શ્રીનાથજીની ભેટમા મારાથી કંઇ નહિ આપી શકાય તમારે ત્યાં ઉપયોગ કરતાં ઉપભોગ કે આડંબર વધારે છે. આ લોક કરતાં પરલોકનો ખ્યાલ અને લાલચ વધારે છે. હાજરાહજૂર જનતા જનાર્દન કરતાં પરલોકમાં કે આકાશમાં વસી રહેલા પ્રભુની પૂજા વધારે કરે છે. જ્યારે મને તો પરમપિતાનાબાળક જેવા માનવીઓ માટે—એ જીવતા જીવો માટે કંઇક કરી છૂટવાનું ગમે છે. લાંબા વિચાર અને અનુભવ પછી લાગ્યું છે કે, માનવસેવા એજ સાચી પ્રભુસેવા—પ્રભુ સુધી સેવા પહોંચાડવાનો સાચો માર્ગ માનવસેવાજ છે. જગતના દિલદાઝયા માનવીઓને જો રીઝવી શકું, પરમપિતાનાં એ બાળકોને જો રીઝવી શકું, તો વિશ્વપિતા પ્રભુ પણ રીઝશેજ એવી મને ખાતરી છે."

"પણ શેઠજી! ધર્મસંસ્થાઓ ક્યાં જશે? તમારા જેવા શેઠિયાઓ જો આમ કરશે તો ધર્મ કેમ ટકશે?"

"ભગવાન જાણે કેમ ટકશે! હું શું જાણું? ધર્મ ટકાવવાની તમારી ઇચ્છા હશે તો ટકશે. પણ તમે તો ધર્મને કાઢી ધર્માડંબર રાખવા માગો છો. તમારે તો ભીખની ગાદી ટકાવવી છે અને અમને હથિયાર તરીકે વાપરવા છે. છપ્પનભોગ, હિંડોલ અને પ્રસાદોદ્વારા સમાજમાં કેટલાં સુખ, શાંતિ અને માણસાઇ તમે વધાર્યાં કે વિકસાવ્યાં? ખરી રીતે તો તમારાં અંગત સુખ–સગવડ અને સાહ્યબી માટે ધર્મના નામે અમને લૂંટયા છે. હવે તો છોડો! કૃપા કરીને સિધાવો અને આ નિમિત્તે ફરીને હવે મારી પાસે આવશો નહિ. હવે હું તમારી જમાતનો નથી રહ્યો, તમારી ચોપાટનું સોગઠું નથી રહ્યો."

મથુરાથી આવેલા ચોબાજીને આવો જવાબ આપીને શેઠે વળાવ્યો. આસપાસ બેઠેલાં સૌને નવાઇ લાગી કે, શેઠ કેમ પલટયા? આવી સુબુદ્ધિ શેઠને ક્યારથી સૂઝી?

શેઠ દિલના શાહુકાર હતા તેથી કે ધનિક હતા તેથી લોકો તેમને શાહુકાર કહેતા એ તો પ્રભુ જાણે! પણ લોકો તેમને શંભુ શાહુકારના નામથી ઓળખતા. નાના, મોટાં અને ભણેલાં, અભણ સૌ તેમને 'શંભુ શાહુકાર' કહેતાં. મૂળે તો ઘણાજ ગરીબ. બાપના મૃત્યુ પછી માતાની મજૂરીથી નજીવું ભણીને પરદેશ ગયેલા. ત્યાં મહેનત અને ભાગ્યથી રળી શકયા. ઠીક ઠીક સ્થિતિ પ્રાપ્ત થઇ ત્યારે વહાલું વતન યાદ આવ્યું. માતાએ મજૂરી કરી કઇ આશાએ ઉછેર્યો હતો એ યાદ આવ્યું અને સાચી ધર્મપ્રીતિ તથા માનવપ્રીતિના પ્રતાપેજ જીવન જીવવા જેવું રહ્યું હતું તે પણ યાદ આવ્યું. આ બધા ઉપરાંત પોતાની ભૂતકાળની ગરીબી પરથી દુઃખીની દુનિયા યાદ આવી અને કંઇક કરી છૂટવાની વૃત્તિ જાગી.

દાનની બાબતમાં લાંબા તર્કવિતર્ક ન કરતાં આંખ મીંચીને આપવું. તેમાંથી કોઇ પાત્ર નીકળી આવશે તોય કલ્યાણ થઇ જશે. આવી પ્રચલિત માન્યતાને લીધે આંખ મીંચીને તેમણે યથાશક્તિ દાન આપવું ચાલુ રાખ્યું. શરૂઆતમાં ધાર્મિક બાબતો તરફ તેમનું વલણ અને વૃત્તિ હતાં. તેથી ધર્મકાર્યમાંજ તેમણે માનવસમાજની શાંતિ અને સુખ જોયાં અને ધર્મની સંસ્થામાં આપેલું જ દાનગણાય તેમ માન્યું. પોતે વૈષ્ણવ હતા તેથી ગુસાંઇજી દ્વારા પોતાના દાનનો ઉપયોગ કરાવ્યો. બ્રાહ્મણો, ગુંસાઇઓ અને બાવા–સાધુઓને ધરવ્યા; ફૂલહિંડોળા કરાવ્યા, દેવમૂર્તિને વસ્ત્રાભૂષણોની ભેટ કરી, અન્નકૂટ ભરાવ્યા અને હવેલીઓમાં નગદ ભેટો પણ આપી. તે શ્રીનાથજીમાય વારંવા ભેટો મોકલતા.

પણ એક દિવસ આંખ ખૂલી ગઇ! પોતાના દાનને પ્રતાપે તાગડધિન્ના કરતા મહાનુભાવોને ઓળખ્યા. મથુરા ગયેલા ત્યાં ધર્મશાળામાં પડેલા એક બીમારને મદદ કરવી તો રહી, પણ તેના સંચાલકોએ ઊલટો બહાર કાઢ્યો અને રસ્તા પર તેનું મૃત્યુ થયું. મંદિરના અધિકારીને શેઠે આ વાત પહોંચાડેલી; પણ 'ધર્મના દ્રવ્યનો ઉપયોગ એમાં કેમ થાય?' એવો ટૂંકો જવાબ મળ્યો.

આ ઉપરાંત એક બીજો પ્રસંગ પણ તેજ દિવસે બન્યો. ખુલ્લા મેદાનમાં મંદિરની ગાયોને ઘાસ નાખવામાં આવેલું. તેમાં બહારની

એ ગાયો ખાવા આવી ચડી. મંદિરના રખેવાળોએ તે ગાયોને માર મારી ડબામાં પુરાવી, જ્યાં તે એક દિવસ ને રાત ભૂખી રહી. બીજે દિવસે તેનો છૂટકો થયો. આ વાત પણ અધિકારીને જણાવી. પણ તેણે ઉદ્ધત જવાબ આપ્યો કે, 'એમ પારકી ગાયોને ચરવા કેમ દેવાય ?' જો કે એ ઘાસ તો ગાયો માટે કોઇ દાનેશ્વરીએજ આપેલું, પણ પોતાની માલિકી સિવાયની બીજી ગાયોને કેમ ખાવા દેવાય ?

બ્રહ્મભોજન ચાલુ હતું. રસ્તા બાંધી લીધા હતા. લાડુઓ ઝડપથી ભૂદેવોનાં જઠરમાં ગોઠવાતા હતા. બહાર એકઠું થયેલું ભૂખ્યાઓનું ટોળું માર ખાઇ રહ્યું હતું. બ્રાહ્મણોનાં મુખારવિંદમાંથી ગલીચ ભાષાનો પ્રવાહ વહી રહ્યો હતો. શંભુ શાહુકારે આ બધું જોયું. તેમનું દિલ દ્રવી ઊઠયું. મંદિરમાં અને તેના અધિકારમાં માલિકીહક્કની બૂરી બદબો આવી. ધર્મને બદલે ધર્માંધપણું દેખાયું, પોતાના જેવા ધાર્મિકવૃત્તિવાળાઓ તેના હથિયાર જેવા લાગ્યા–આમાં પ્રજાનું કેટલું કલ્યાણ ? માનવજાતનું કેટલું કલ્યાણ ? પ્રજાની કઇ જરૂરિયાત આમાં પૂરી પડી ? પ્રજામાં સુખશાંતિ કેટલા પ્રમાણમાં વધ્યાં ? મનમાં ઊઠેલા આ બધા પ્રશ્નોએ તેમને વિહ્વળ કરી મૂકયા. તેમને થયું કે, મેં મહેનત કરી, હું રળ્યો, મારી મહેનતના એ દ્રવ્યનું મેં દાન કર્યું અને મારા જેવા અનેકે આમ કર્યું––પણ તેનો આ ઉપયોગ ? આ ઉપરાંત તેમણે વારસા–હક્કના ઝગડાઓમાં ધાર્મિક જનતાનું પરસેવાનું ધન કોર્ટે વેડફાતું દીઠું, ગાદીપતિ બનવાની દોડધામ દેખી, ભોળિયો શાહુકાર ચોંકી ઊઠયો. તેનું દિલ ઊઠી ગયું તે પાછું ફરી વખત તે બાજુ ન વળ્યું તે નજ વળ્યું.

નાનાં નિર્દોષ બાળકો માટે કંઇ કરવામાં આવે તો ઠીક એમ તેમને પોતાના વિસરાયેલા અને દુઃખથી વિતાવેલા બાળજીવન પરથી લાગ્યું. ગરીબોનાં બાળકોને કોણ પંપાળે ? કોણ લાડ લડાવે ? તેને વાપરવા પૈસોટકો કે ખાવાનું આપી તેમનાં દિલમાં સાલતું ગરીબીનું દુઃખ કોણ ભુલાવે ? તેમનાં દિલના આનંદની કોને પડી છે ? પ્રજાનું માનસ ઘડવા માટે, સ્થિતિભેદનાં વેરઝેર કાઢવાની જરૂર છે અને એ તો તેને અપનાવવામાં આવે તોજ નીકળે. આ વિચારે દરરોજ

ખિસ્સામાં છૂટા પૈસા અને થેલીમાં ખાવાનું રાખી જે કોઇ બાળક મળે તેને વહેંચવાનું ચાલુ રાખ્યું. રોજના બેચાર રૂપિયાના પૈસા આ રીતે વહેંચી આપે. આ રીતે બાળકોનાં ખૂબ પ્રિય થઈ પડેલા હોવાથી બાળકો તેમની આસપાસ ટોળે મળતાં. ટોળે મળેલાં એ બાળકોને નીતિની, શૌર્યની અને દેશની વાતો કરે, ચાલુ દેશ-કાળની સ્થિતિ સમજાવે, દેશનેતાઓની ટૂંકી ઓળખાણ આપે અને તેમના આત્મભોગની રોમાંચક વાતો કહે.

આ પ્રવૃત્તિથી અલબત્ત તેમના દિલને થોડો સંતોષ થયો; પરંતુ મનનું સંપૂર્ણ સમાધાન ન થયું. ગામને શાની જરૂરિયાત છે, કઇ બાબતમાં તે બીજાની સહાયની અપેક્ષા રાખે છે? એ શોધવા તેમણે પ્રયત્ન કરવા માંડયો. આ અરસામાં કઠેડા વગરના કૂવે પાણી સિંચતાં એક બાઇ કૂવામાં પડી જઇને મરી જવાનો પ્રસંગ બન્યો. શંભુ શેઠના દિલને આઘાત લાગ્યો. બીજે દિવસેજ ગામનાં જીર્ણ જળાશયો શોધી કાઢયાં, ભરવસ્તીથી નજીકમાં નજીકનાં જળાશય કયાં છે તે શોધી કાઢયાં અને ગામના લગભગ બધા કૂવાઓ એક વખત સાફ કરાવી સમરાવ્યા અને પાણી ભરનારી બહેનોને અંદર પડી જવાની બીતિમાંથી ઉગારી લીધી. જ્યાં જ્યાં જળાશય દૂર હોય ત્યાં ત્યાં ગામની નજીક નવાં જળાશયો બંધાવી આપ્યાં. આ સેવા ખૂબ ઉપયોગી થઇ પડી એમ તેમને લાગ્યું અને તેમની ધૂન પણ વધી. તેમને થયું કે પ્રજા પાસેથી રળેલો પૈસો હવે ખરા ઉપયોગમાં આવી શકયો.

તેમનું ગામ બહુ મોટું શહેર પણ નહિ અને ગામડું પણ નહિ, એવું લગભગ પંદર હજારની વસ્તીવાળું હતું. ગામમાં ગંદકી ઘણી રહેતી. ઠેર ઠેર ઉકરડા હોયજ. જ્યાં બૈરાંઓ અને બાળકો સવાર-સાંજ અસભ્યપણે કુદરતી હાજતે બેઠાં હોય! ગંદકીમાં દિવસેદિવસે વૃદ્ધિ થતીજ જાય! બૈરાંઓને કુદરતી હાજતે જવા માટે બીજી કોઇ સગવડ નથી. કુદરતના કોપે થોર બળી જતાં આખું ગામ તદ્દન ઉઘાડું પડી ગયું છે એટલે મર્યાદા સાચવવા આડ નથી. નરમ-ગરમ તબિયતે કે જુલાબ લે ત્યારે માણસોએ કાં તો શરમ છોડીને જ્યાં ત્યાં બેસી જવું કે કાં તો ગામબહાર કોઇની વાડીએ પગ્યા

રહેવું, એ સિવાય બીજો કોઇ ઉપાય નથી. ચોમાસું આવતાં કચરાના આ ઢગલાઓ ગંધાઇ ઊઠ્યા અને રોગ વધ્યો. ઘેરઘેર ખાટલા નંખાયા. કેટલાક વેવલા લોકોએ શોધી કાઢયું કે, ભંગિયાએ જળ-જાત્રામાં વચ્ચે આવી કંઇક મેલા મંતરજંતર ભણ્યા તેનું આ પરિણામ છે. અજ્ઞાન લોકોનું ગાડું ટોળું ઊપડયું અને ગામની સફાઇના કરવૈયા એ ભંગીઓને માર મારી તેમની ઘરવખરી તોડી-ફોડી નાખી. કેટલાકે વળી ગામમાં સાદ પડાવીને ઘરેઘરે નૈવેદ કરાવ્યાં પણ રોગનો ઉપદ્રવ મટ્યો નહિ. થોડાક સમજુ માણસોને ગાંદગીનું ખરું કારણ ગંદકી અને ગંદકીથી બગડેલું કૂવાનું પાણી છે એમ લાગ્યું. દેશી રાજ્યની મ્યુનિસિપાલિટી-શહેર સુધરાઇનું તો પૂછવું-જ શું ? આવાં કાર્યો માટે કદાચ બજેટ મંજૂર થાય તોયે તે નાણું બીજી રીતે બગડી જાય! રિપોર્ટ લખાઇ જાય પણ ખરું કામ રહી જાય. ગામની આ ગંદકી, માંદગી અને કુદરતી હાજત માટે ગામની બહેનોની વિટંબણા જોઇને શંભુ શેઠને ખૂબ લાગી આવ્યું અને કંઇક કરી છૂટવાની વૃત્તિ થઇ.

માનવીએ મંદિરો, કૂવાઓ, ધર્મશાળાઓ, દવાશાળાઓ આરો-ગ્યમંદિરો પાંજરાપોળો વગેરે બાંધવામાં ઘણું ધન આપ્યું છે. અન્નક્ષેત્રો અને પાઠશાળાઓ નિભાવેલ છે, અખાડાઓ સ્થાપ્યા છે અને તેમાં સાધનો વસાવી આપ્યાં છે, લોકોને વસવા સસ્તા ભાડાની ચાલીઓ બંધાવી છે, પણ સૌ જે કામને ભૂલી જાય છે તે કામ હું કરું તો ઠીક એમ શંભુ શેઠને થયું. બહેનોની મર્યાદા સચવાય અને ગામની ગંદકી દૂર થઇને ગામનું આરોગ્ય જળવાય તે અર્થે 'કુદરતી હાજતગૃહ' ગામને ચારે ઝાપે બાંધવાની, એવા દરેક ગૃહમાં ત્રીશ ત્રીશ પાયખાનાં બાંધવાની, ત્યાંજ પાણીની વ્યવસ્થા અને કાયમ સાફસૂફ કરનાર માણસો રાખવાની પોતાની ઇચ્છા હોવાનું શંભુ શાહુકારે જાહેર કર્યું. તેમને લાગ્યું કે, મારા ગામની આ મોટામાં મોટી જરૂરિયાત છે અને તે પૂરી પાડું તો મારા દ્રવ્યનો ખરો ઉપયોગ થાય તેમ મને લાગે છે. આ વિષે લોકોની સલાહ પણ માગી કે, બોલો તમારો શો મત છે ? મારા સંબંધીઓ

તો કહે છે કે, કોઇ આરોગ્યમંદિર કે એવું કંઈ બંધાવો તો નામ અમર રહે, પાયખાનાં બંધાવવામાં શું બળ્યું છે? લોકો ઊલટા હાંસી કરશે! પણ એ લોકોને ક્યાં ખબર છે કે નામ અમર કરવાની ઇચ્છા કરતાં ખરી જરૂરિયાત પૂરી પાડવાની ઇચ્છા વધારે આવકારદાયક છે. મારું કયું નામ થોડુંજ અમર થવાનું છે? મારી ભાવના અને વિચારશ્રેણીને લોકો જો સમજશે, પલટાતા દાનના પ્રવાહને જો ઝીલશે તો નામ અમરજ છે. દરેક વસ્તુની યથાસ્થાને અને યથાસમયે જરૂર છે. દાનનો પ્રવાહ એક કાળે જુદી દિશાએ ચાલતો હશે, પણ પ્રજાજીવનના સંજોગો પલટાતાં દાનનો પ્રવાહ પણ પલટાય તો નવાઇ શી? ઉપયોગિતા અને આવશ્યકતાનો વિચાર નજર સામે હોય તો કંઇક કરી છૂટવાની વૃત્તિવાળાને ધન ક્યાં ખર્ચવું તે જરૂર સમજાય.

આપણી રૂઢ માન્યતામાં દાનની પાછળ જે ભાવના છે તેનો ખરો મર્મ સમજ્યા વગર આવતા ભવના કલ્યાણની કામનાજ કાયમ દૃષ્ટિ સમક્ષ રહે છે. આ દૃષ્ટિ ભલે ખોટી ન હોય, પણ આ જીવનમાં અન્યને ખરા ઉપયોગી બનવામાં જે આત્મસમાધાન અને શાંતિ રહેલાં છે, તે જો સમજાય તો આવતા ભવનાં સુખ, શાંતિ કે કલ્યાણનો વાયદો કે વીમો આ ભવમાંજ ફળે છે. પણ વધુ વિચારવા લાયક વાત તો એ છે કે, કલ્યાણની આ કામના સેવનારને અમુક પ્રકારનું સમાજમાં સ્થાન મળે છે અને એ સ્થાન મેળવવાના લોભમાં પ્રજાના ખરા ઉપયોગ કે જરૂરિયાતની તરફ નજર પણ જતી નથી.

ધાર્મિક કાર્યો એટલે કે પ્રભુમંદિરોની પાછળ ખર્ચાતું નાણું, ધાર્મિક ઉત્સવોની પાછળ વેડફાતું દ્રવ્ય કે નવા નવા પ્રભુઓ ઠેકાણે ઠેકાણે પધરાવવામાં ખર્ચાઈ જતું ધનજ માત્ર કલ્યાણ કરનારું છે, દ્રવ્યનો આ સિવાયનો બીજો ઉપયોગ તો આ લોક પૂરતોજ છે. આવી માન્યતાને વશ થઇ પ્રજાકીય જરૂરિયાતોનીજ ભયંકર અવહેલના કે ઉપેક્ષા કરવાથીજ પ્રજા ઘણી બાબતોમાં જરૂરિયાતોથી વંચિત રહે છે. આ વંચિત પ્રજામાં જાગતો અસંતોષ કોઇ નવા જીવનરાહ તરફ લઇ જાય છે અને તેના પરિણામે ધર્મભાવના ભાંગતી જાય છે. જ્યાં સુધી ધનનો ઉપયોગ પ્રજા માટે થતો હતો, ત્યાં સુધી

સામ્યવાદ કે સમાજવાદની કલ્પના પણ નહોતી. મૂડીવાદ સામે પ્રજાની આંખમાં ઝેર વરસ્યું નહોતું. ધર્મનું નિરર્થકપણું કે પોકળપણું હૈયામાં વસ્યું નહોતું. આજે દરેક બાબતમાં પછી તે દાનના ઉપયોગની હોય કે પ્રજાના વિકાસ અને પ્રગતિની હોય, સામાજિક પુનર્જીવનની હોય કે જીવનરાહનાં નવાં નિર્માણો વિચારવાની હોય; ધર્મ આડે ને આડે આવે છે, એટલે પ્રજા કંટાળે છે અને દૂર દૂર ભાગે છે.

ધન આપનારા દરેક સમયે અને દરેક યુગમાં પાકે છે અને જો તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે નહિ તો પ્રજાકલ્યાણ સાધવું જરાય અઘરું ન રહે. પણ દુર્ભાગ્યે આપણે ત્યાં જેટલું દ્રવ્ય માત્ર ધાર્મિક જલસાઓ અને આડંબરો પાછળ ખર્ચાય છે. તેનો સોમો ભાગ પણ યોગ્ય રીતે ખર્ચાતો નથી.

રાજા અને શ્રીમાનો–દાનીઓ પ્રજાના ખરા ટ્રસ્ટીઓ છે તે ભૂલવા જેવું નથી. પ્રજાની સામાન્ય જરૂરિયાતોની નિશદિન સંભાળ રાખી તે દિશામાં દાન કરનારજ પ્રજાની સેવા સાધી શકે છે અને અમર નામના મેળવે છે.

પ્રજાની સામુદાયિક જરૂરિયાતો, એક નાના બાળકથી માંડીને વૃદ્ધ સુધી કે જન્મથી માંડીને મૃત્યુ સુધી શું હોય છે અને તેમાં કેટલી પૂરી પડે છે અને કેટલી પૂરી પાડવાની છે તે ગણતરી હંમેશાં દાનવીરોએ રાખવી રહે છે–જો દાન પ્રજાના ઉપયોગ માટે કરવાનું હોય તો. દાન સર્વ સ્થળે અને સર્વ કાળે એકજ સ્વરૂપનું યોગ્ય હોય એમ બનતું નથી. દુષ્કાળ વખતે તે દિશામાં, રોગચાળા વખતે તે દિશામાં, આકસ્મિક આસ્માની સુલતાની વખતે તે સ્વરૂપમાં અને રાષ્ટ્રીય ચળવળ વખતે તે દિશામાં દાનનો પ્રવાહ વહેવો ઘટે. કેટલાંએક કાર્યો કાયમ કરવાનાં હોય છે, તો કેટલાંક પ્રસંગોપાત્ત ઊભાં થાય છે. માનવીની સંસ્કારશાળા, આરોગ્યમંદિર, સુખાકારીવર્ધક સ્થળો, આનંદદાયક સંસ્થાઓ, દીન–દર્દીને રાહત આપનારી સંસ્થાઓ વગેરે પ્રજાજીવનનું ઘડતર કરનારી સંસ્થાઓ પડતી મૂકીને ધાર્મિક જલસાઓ અને રંગરાગ પાછળ વેડફાતું દ્રવ્ય પ્રજાજીવનને જરા પણ આગળ વધારતું નથી. એથી સાચી ધર્મપ્રીતિ નથી જાગતી પણ આડંબર-

પ્રીતિ જન્મે છે કે જે ધર્મથી ઘણી દૂર છે.

આટલું નાનકડું સત્ય જો દાનવીરો સમજશે તો માનવજીવનમાં સાચો ભ્રાતૃભાવ પ્રગટશે.........કોઇ કહેશો ક્યારે ?

("સેવાધર્મ" માસિકના ઓક્ટોબર-૧૯૪૦ ના અંકમાંથી)

गामडे जईने

(લેખકઃ—એક વિદ્યાર્થી)

હવે તો ગામમાં હું થોડોક પરિચિત થયો છું. મારું નામ તો ઘણા જાણતા નથી પણ મને 'ગાંધી મહાત્માના માણસ' તરીકે ઓળખે છે. તમને પણ હસવું આવશે કે, આ ભોળી પ્રજા બધાને ગાંધીના માણસજ ગણે છે. બાકી હું કેટલા અંશે મહાત્માનો માણસ છું તે તો આપ અને હું વધારે જાણીએ છીએ. કેટલાક ભાઇઓ રાત્રે મંદિરમાં આવે છે. એ વિશાળ ચોકમાં હું એમની સાથે વર્તમાન પ્રવાહોની હળવી ભાષામાં વાતો કરું છું. આ ટૂંકા અનુભવમાં મને એમ લાગે છે કે, આ ભોળી ગ્રામજનતાને સમજાવવી બહુ મુશ્કેલ નથી અને એટલું પણ સાચું કે જેમ આ લોકો અમુક વિચારથી જલદી બદલાઇ જાય છે, તેમ એથી વિરોધી વિચારોથી પણ સહેલાઇથી ફેરવાઇ જાય છે. તેમનામાં વિવેકશક્તિનો અભાવ લાગે છે. તેઓ કોઇ પણ વસ્તુનો ઝીણવટથી કે સમતોલપણાથી વિચાર કરી શકતા નથી. જે કહીએ તે તેમને ગળે ઊતરતું હોય એમ લાગે છે, પણ એ ગળે ઊતરે છે એટલુંજ, વર્તનમાં તેઓ મૂકી શકતા નથી. આ વસ્તુ માત્ર એમનેજ લાગુ પડે છે એવું ક્યાં છે ? ભણેલા વર્ગમાં પણ આ વિવેકશક્તિનો અભાવ ક્યાં જોવા મળતો નથી ? એવું ન હોય તો તેઓ આવું માનવદ્રોહી વર્તન કરીજ કેમ શકે ? આના વિશે તો આપ મારા કરતાં વધુ જાણો છો એટલે હું વધુ નહિ લખું.

હું બીજા ગામમાં જાઉં તે પહેલાં તો અહીં નવા અનુભવોની પરંપરા વધતી જાય છે. હું તો આશ્ચર્યમુગ્ધ થઇ ગયો છું કે, ગામ-

ડામાં કેટલું કેટલું નવું જોવાનું છે? સૂર્ય ઊગે અને આથમે એ દરમિયાન તો મને કંઇક નવું જોવાવિચારવાનું મળ્યુંજ હોય. ગામડાંઓ સાચેજ અભ્યાસ કરવા જેવાં છે. ઘણા વ્યાસપીઠ પર ચડી "ગામડાં ગરીબ છે, ગામડાં ચુસાઇ રહ્યાં છે, તેમની પુનર્ઘટના કરવી જોઇએ." એમ ભાષણ કરે છે. મને શંકા રહે છે કે તેઓને ખબર હશે કે ગામડાં આર્થિક રીતે ગરીબ છે કે પછી માનસિક રીતે? અને તેમની પુનર્ઘટના કરવી છે તે શહેરી રીતે કે પછી ગામડાનીજ રીતે? આ બધા માટે અનેક ગામડાંઓનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઇએ.

× × × ×

આકાશમાં ચાંદની વરસી રહી હતી. તેના શીતળ પ્રકાશમાં અમે સૌ બેઠા હતા. જુવાનો મને અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા હતા અને હું તેમને સમજાય તેવી રીતે જવાબ આપતો હતો. એ પ્રશ્નોત્તરી ઘણી અગત્યની ન હતી એટલે અહીં ઉતારતો નથી. એનો આસ્વાદ કોઇક બીજા પત્રમાં કરાવીશ. પણ આજે તો હું તમને એક મારો નવો વિચાર જણાવવા માગું છું. સૌ જવાનો 'જય જય બોલો, નિરંજનભાઇ' કહી ચાલ્યા ગયા. હું એકલો પડ્યો. આકાશના ઘુમ્મટ નીચે મારી પથારીમાં આડો થયો. ચંદ્ર સાથે મીટ માંડી. કેટલો સુંદર, સૌમ્ય અને પ્રકાશિત! પણ મારા હૃદયમાં તો વિચારોની ભરતી આવી હતી. ચંદ્રનાં કિરણોથી ખેંચાઇ જેમ સમુદ્રમાં ભરતી જાગે છે, તેમ મને ગામડાના અજ્ઞાતના પ્રશ્નોથી હૃદયમાં ભરતી જાગી હોય એવું લાગ્યું. આવી ઘોર અજ્ઞાનતાને હટાવવા માટે જરૂર કંઇક કરી શકાય.

આપણી યુનિવર્સિટીઓ એક એવો નિયમ કરે કે, નવા ગ્રેજ્યુએટ ઉપાધિ મેળવ્યા પહેલાં ગામડાંઓમાં છ માસ ગાળવા જોઇએ. ગામડાંઓમાં જઇ નિરક્ષરતા નાબૂદ કરવા, ગામડાની સ્થિતિનો અભ્યાસ કરવા તેમજ તેમની આર્થિક તપાસ કરવાનો કાર્યક્રમ ઘડાવો જોઇએ. જે ગ્રેજ્યુએટ એ કાર્ય કરે તેનેજ ઉપાધિ મળે. જો આમ થાય તો થોડાં વર્ષોમાં કેળવણીનો બહોળો ફેલાવો થાય અને હિંદની નૂતન ઘટના કરી શકાય. સ્વરાજ્ય માટે પણ લોકોને તૈયાર કરી

શકાય. એટલુંજ કેમ, ધાર્યું કામ કરાવી શકાય. કેમ આપને આ યોજના કેવી લાગે છે? અભ્યાસ કરવામાં જેમ વર્ષો ખર્ચીએ છીએ તેમ આ ૭ માસ વધારે—આ ૭ માસ પણ અભ્યાસ તરીકેજ ગણાવા જોઇએ. આ વિષે આપ વધુ વિચાર કરી મને પત્રમાં જણાવશો, મને પોતાને તો વિચાર સુંદર લાગે છે. અને આ વિચારને વાગોળતો વાગોળતો હું ઊંઘી ગયો. આશ્ચર્યની વચ્ચે સવારે કાન ફોડી નાખે તેવા શંખનાદથી હું જાગ્યો. ઊઠીને તપાસ કરું છું તો માલૂમ પડયું કે, ગામને પાદરે નાગાબાવાની જમાત આવી હતી. હું લોટો લઈ બહાર નીકળ્યો ને જોયું તો તળાવને કિનારે કેટલીયે રાવટીઓની વચ્ચે મોટો તંબૂ રોપાઇ ગયો હતો. ધુમાડો આકાશમાં ભળી જતો હતો. હાથીઓ સૂંઢ હલાવતા હલાવતા ઊભા હતા. ઘોડાઓ ને ઊંટની કતાર જામી હતી. એક મોટા જટાધારી શરીરે ભભૂતી લગાવેલ મહંત બેઠા હતા. તેમની સામે લાકડાં બળતાં હતાં. રાખમાં એકબે મોટા ચીપિયા રોપેલા હતા. ઊભી ચલમો બાજુમાં પડી હતી. મહંતની બાજુમાં તેમનાજ જેવા બીજા જટાધારીઓ બેઠા હતા. તેમાંનો એક હાથમાં ગાંજો લઇ ઘોતો હતો. હું નજદીક ગયો એટલે મહંત બોલ્યોઃ 'આઇએ બચ્ચા.' અને આ બચ્ચાએ જ્યારે નમન પણ ન કર્યાં ત્યારે તેમની લાલ આંખ મારા તરફ ટાંપી રહી. હું તો કૂવા પર નહાવાધોવા ચાલતો થયો; પણ પાછળથી મને અવાજ સંભળાયોઃ 'કૈસે લોક પૈદા હોતે હૈ?' અને બધા ખડખડાટ હસી પડયા.

સાંજે ગામમાં બૂમો આવવા લાગી કે, બાવાઓ તેમની તાપણી માટે જ્યાંત્યાંથી લાકડાં ઉપાડી જાય છે. એક ભાઇ મંદિરમાં આવી મને કહેવા લાગ્યાઃ "અરે તમને શું વાત કરું? આ નાગાઓએ તો જુલમ કર્યો. પેલી ગંગાડોસીનાં લાકડાં ઉપાડી ગયા. પેલા મુખીના ભાઇનો સમાર લઈ ગયા. અરે નિશાળની આગળ લાકડાં હતાં તે પણ ઉપાડી ગયા. હું તો કહું છું કે, તમારે પહેલાં આનો સુધારો કરવો જોઇએ. મારા બેટા પાછા પૈસા માગે છે!" આ બધું તેઓ એકીશ્વાસે બોલી ગયા. એટલું તો સાચું હતું કે, ગામમાં કોઇ

કોઈ મૂર્તિઓ ખભે લાકડાં ઉપાડી ચાલતી દેખાતી હતી. કૂતરાં તો ભસવામાંથી ઊચાંજ આવતાં ન હતાં.

હું પેલા ભાઈ સાથે તળાવને કિનારે ગયો. રાતનો સમય હતો. ધૂણી ધગધગતી હતી. 'ઓમ...ઓમ ગિરધારી...'કહી બાવાઓ ગાંજો તાણતા હતા. ભડકાના પ્રકાશમાં મહંતની મુખમુદ્રા તગી રહી હતી. મહંતની સામે ગામના ચારપાંચ આગેવાન બેઠા હતા.

'આયા સમઝ મેં ? હમ તો સાધુ લોક હૈ. હમ હિંદુધર્મ કી રક્ષા કરતે હૈં. તુમ જૈસે સંસારી હમકુ રોટી નહિ ખિલાઓ તો ફિર કૌન ખિલાયગા ?'

'રોટીની તો કુણ ના પાડે છ. લ્યોને કાલ બધાને રોટલો ને દાળ આપશું.' એક વૃદ્ધ બોલ્યા.

'તુમ નહિ સમઝા' એક બીજો બાવો બોલ્યો. તે પણ મહંત જેવો દરેલ અને લાલઘૂમ આંખોવાળો હતો. 'રોટી–તુમ નહિ સમઝા, વો તો પ્રસાદ કી બાત કરતે હૈં. ઠાકુરજીકુ ભોગ થાળ કરના ચાહીએ. આયા સમઝમેં ?'

મને જવાબ આપવાનું મન થઇ ગયું, પણ શાંત થઇ ઊભો રહ્યો. મુખીજ બોલ્યા.

'લ્યો તાણ હું ઉકેલ લાવું. તમારા રોટલાય નહિ ને તમારો પ્રસાદે નહિ. જુઓ આખા ગામમાંથી ઘર દીઠ પાવલી આપશું.''

'પાવલી ?' મહંત બોલ્યા. જાણે તેમને પાવલી ઓછી પડતી હોય તેમ થોડીવાર તો આશ્ચર્યથી મુખી સામે જોઈ રહ્યા, હવે મારાથી ચુપ રહી શકાયું નહિ.

'બાવાજી, પાવલી પણ નહિ મળે. તમને શો હક્ક છે ? પાવલી કમાતાં કેટલો પસીનો પાડવો પડે છે તેની ખબર છે ?'

'અરે ભાઇ તુમ ચુપ રહો. હમ તુમ સે નહિ બોલતે. તુમ જુવાન લોક ક્યા સમઝો ?' બાજુમાં બેઠેલો બાવો બોલ્યો. મહંત મારી સામે આંખો કાઢતા કાઢતા ગાંજો તાણવા લાગ્યા.

'ના, એ ભઇ બરાબર કે છે.' પેલા વૃદ્ધ ડોસાએ સાથ પુરાવ્યો.

'તમે સાધુ લોક હો તો તમારે આ હાથી શાના ? આ રાજ-

શાહી વૈભવ શાનો? આટલા ઘોડા, આટલાં ઊંટ શા માટે રાખો છો? આ રીતે હિંદુધર્મની રક્ષા કરો છો?'

'બકબક મત કરો.' મહંત આંખ ઝીણી કરી તડૂક્યા. ધર્મ ધર્મ કી બાત કરતે હો, તુમારે જૈસા પેદા હુઆ ઔર ધર્મ ભી બિગડ ગયા. નહિ પુણ્ય, નહિ દયા, ક્યા બાત કરે?

'અમારા જેવા નહિ પણ તમારા જેવા ઠગારા થયા ને ધર્મને બદલે ધતિંગો શરૂ થયાં. ધર્મ એટલે શું? બોલો હું જ તમને પૂછું છું.

'અંગ્રેજી પઢતે હો ના? આયા સમઝમેં. વો વરણશંકર કી ભાષા શીખ કર ઐસા નાસ્તિક હો ગયા, ખુદા! ઐસા લોકકા મત માનના.'

'બાપજી! એ ખરું જ તો. ધર્મ છે તો બધુંયે છે. પ્રભુ! પ્રભુ!

'તુમ પુણ્ય નહિ કરતા તો ઐસા બરસ આતે હૈ. તુમારે મેં દયા નહિ તો બરસાદ કહાં સે આવે? ઉપરવાલા તો સબ દેખતે હૈ.'

'હા, હા, બાપજી બરાબર કે' છ. દાન છે એ તો પુણ્ય છે. અને પુણ્ય કરતા રહીએ તો ઉપરવાળો પણ રાજી રે.' એક આધેડ વયના ભાઇ બોલ્યા.

'તાણ બાપજી મેં કહ્યું તે માની જાઓ. હવે વધારે રકઝક ન કરશો. મુખી બોલ્યા અને બાપજીના ચરણમાં ઢળી પડ્યા. મારાથી આ દશ્ય જોયું જતું ન હતું. મહંત એ કોઇ સંત ન હતો, તેના મોં પર માનવતાયે દેખાતી ન હતી. ગાંજો પી પી આંખો લાલઘૂમ રાખતો એટલું જ. એના ચરણમાં ગામના પટેલ, ગામના નેતા–મુખી! મને કંપારી વછૂટી અને તુરત જ બોલી ઊઠયો.

'પટેલ કાકા, શા માટે તમે આમ કરો છો? કંઇજ આપવાની જરૂર નથી. પૈસા વધારે હોય તો તમારાં છોકરાંને પેન અને સ્લેટો લઈ આપો. તેમને સારાં કપડાં પહેરાવો. શા માટે આવા બાવાઓને આપો છો?'

'ભઇ, એમાં તમને ખબર ન પડે. આ તો ગામની આબરૂનો સવાલ છે પરગણામાં અમારું ખરાબ દેખાય ને!' પેલા વૃદ્ધ બોલ્યા અને મહંત પટેલને બેઠા કરી બોલ્યા.

'અચ્છા તેરા માન રખતા હું, મેરી ઇચ્છા તો આઠ આના

લેને કી થી. ઠીક દેખ તુમ ગામ મેં સે એકઠા કરકે હમકુ દે દે.'

મહંત થોડીવાર અટકયા ને આમતેમ જોઇ બોલ્યા: ' અરે સોમગિરિ પ્રસાદ લાવો. લે આવ ઇધર' વૃદ્ધ ડોસાનો હાથ તાણી મહંત બોલ્યો ને તેમના કપાળમાં રાખનો ચાંલ્લો કર્યો, એ રીતે બધાના કપાળમાં ચાંલ્લા કર્યા ને સાકર આપી.

' ઠીક જાઓ, તુમારા કલ્યાણ હો. ગામ મેં સે તાવ, રોગ દોગ સબ જલ જાઓ.' કહી એક ચપટી આગમાં નાખી. આ તમાશો જોતો હું ઊભો રહ્યો. બધાના ગયા પછી ભારે પગલે મંદિર તરફ વળ્યો.

સાંજે મેં ખાધું નહિ. મંદિરના પૂજારી મારી સારી સગવડ સાચવે છે. મારા તરફ તેમની સહાનુભૂતિ છે. તેમની જોડે મારી પણ રસોઇ કરી દીધી હતી. પણ મેં તો નાજ પાડી. મને આજે શાંતિ ન હતી. આ બાવા, આ ભોળી ગ્રામજનતા અને તેમની અજ્ઞાનતાનાં વમળોમાં ગૂંચવાતો હતો. જેમને ખાવાનાં સાંસાં છે, જેઓ કાળી મજૂરી કરે છે, છતાં ધરાઇને ખાવા પામતા નથી; તેઓ આટલી સહેલાઇથી કેમ પાવલી આવી દેવા તૈયાર થતા હશે? તેઓ તો આપી શકે પણ વિધવા ગંગાડોસીનું શું? ગરીબ લોકોનું શું? પટેલના ભાઇનું શું?

અને આવા બાવાની આપણે શી જરૂર છે? શા માટે આવા બાવાને પોષવા જોઇએ? ધર્મને નહિ સમજનાર ધર્મનું શું રક્ષણ કરતા હશે? અને હિંદમાં એમની નાની સંખ્યા પણ કયાં છે? આ તો છપ્પન લાખનો સવાલ છે. આ બધા નકામું જીવન જીવી રહ્યા છે. રાષ્ટ્રની શક્તિ વેડફાઇ રહી છે. આનો કોઇ સારો ઉપયોગ ન કરી શકાય? આ બાવાઓને કોઇ સર્જનાત્મક કામમાં ન રોકી શકાય?

નહિ તો પછી સરકારે કાયદો કરી ગામડાંની ભોળી પ્રજાને તેમના ત્રાસમાંથી બચાવવી જોઇએ. ગામડાંને આવા બાવા ચૂસે, સરકારી કર ચૂસે અને અજ્ઞાનતા ચૂસે–પછી ગામડાં કયાંથી ટટાર રહી શકે? લાગણીવશ દશામાં લખું છું, એટલે હવે બંધ કરું છું. કારણ કે મને તો એ બાવાઓ પર પ્રકોપ થયો છે. ન લખવાનું લખી દેવાય એટલે બંધ કરીશ.(' યુવક ' માસિકના એક અંકમાંથી)

गृहस्थों के लिये साधारण नियम

૧–પ્રાતઃકાલ સૂર્યોદય સે પહલે ઉઠો.

૨–ઉઠતે હી ભગવાન કા સ્મરણ કરો.

૩–શૌચ–સ્નાનાદિ સે નિવૃત્ત હોકર ભગવાન કી ઉપાસના, સન્ધ્યા, તર્પણ આદિ કરો.

૪–બલિવૈશ્વદેવ કરકે સમયપર સાત્વિક ભોજન કરો.

૫–રોજ પ્રાતઃકાલ મેં માતા, પિતા, ગુરુ આદિ બડોં કો પ્રણામ કરો.

૬–ઇન્દ્રિયોં કે વશ ન હોકર, ઉનકો વશ મેં કરકે ઉનસે યથાયોગ્ય કામ લો.

૭–ધન કમાને મેં છલ, કપટ, ચોરી, અસત્ય ઔર બેઇમાની કા ત્યાગ કરો. અપની કમાઇ કે ધન મેં યથાયોગ્ય સભી કા હક સમઝો.

૮–માતા–પિતા, ભાઇ–ભોજાઇ, બહન–ફૂઆ, સ્રી–પુત્ર આદિ પરિવાર કા આદર ઔર પ્રેમ સે પાલન કરો.

૯–અતિથિ કા સચ્ચે મન સે સત્કાર કરો.

૧૦–અપની હૈસિયત કે અનુસાર દાન કરો. પડોસિયોં તથા ગ્રામવાસિયોં કી સત્કારપૂર્ણ સદા સેવા કરો.

૧૧–સબ કર્મોં કો બડી સુન્દરતા, સફાઈ ઔર નેકનીયતી સે કરો.

૧૨–કિસીકા અપમાન, તિરસ્કાર ઔર અહિત ન કરો.

૧૩–અપને કિસી કર્મ સે સમાજ મેં વિશ્રંખલતા ઔર પ્રમાદ ન પૈદા કરો.

૧૪–મન, વચન ઔર શરીર સે પવિત્ર, વિનયશીલ ઔર પરોપકારી બનો.

૧૫–સબ કર્મ નાટક કે પાત્ર કી ભાંતિ અપને ન માનકર કરો, પરન્તુ કરો ઠીક સાવધાની કે સાથ.

૧૬–વિલાસિતા સે બચે રહો—અપને લિયે ખર્ચ કમ લગાઓ. બચત કે પૈસે ગરીબોં કી સેવા મેં ખર્ચ કરો.

૧૭–સ્વાવલમ્બી બનકર રહો—દૂસરે પર અપને જીવન કા ભાર ન ડાલો.

૧૮–નિકમ્મે કભી મત રહો.

૧૯–ઈસ બાત કા પૂરા ખ્યાલ કરો—અન્યાય કા પૈસા, દૂસરે કે હક કા પૈસા ઘર મેં ન આને પાવે.

૨૦–સબ કર્મોં કો ભગવાન કી સેવા કે ભાવસે–નિષ્કામભાવસે કરને કી ચેષ્ટા કરો.

૨૧–જીવન કા લક્ષ્ય ભગવત્પ્રાપ્તિ હૈ, ભોગ નહીં–ઇસ નિશ્ચય સે કભી ન ટલો ઔર સારે કામ ઈસી લક્ષ્ય કી સાધન કે લિયે કરો.

श्रीभगवान किसपर प्रसन्न रहते हैं ?

("કલ્યાણ" માસિકના એક અંકમાંથી)

જો જિતેન્દ્રિય પુરુષ હોય કે સમસ્ત હેતુઓં કો ત્યાગ દેતા હૈ, ઉસ કે ધર્મ, અર્થ ઔર કામ કી થોડી ભી હાનિ નહિ હોતી. જો વિદ્યા–વિનય સે યુક્ત સદાચારપરાયણ પ્રાજ્ઞપુરુષ પાપી કે પ્રતિ પાપ કા બર્ત્તાવ નહીં કરતા, કુટિલ મનુષ્યોં સે ભી પ્રિય ભાષણ કરતા હૈ તથા જિસકા અન્તઃકરણ મિત્રતા કે ભાવ સે સદા દ્રવિત રહતા હૈ, મુક્તિ ઉસકી મુઠ્ઠી મેં રહતી હૈ. જો વૈરાગ્યવાન મહા-પુરુષ કભી કામ, ક્રોધ ઔર લોભ આદિ કે વશ મેં નહીં હોકર સદાસર્વદા સદાચાર મેં સ્થિત હૈં; યહ પૃથ્વી ઉન્હીં કે પ્રભાવસે ટિકી હુઈ હૈ. ઈસલિયે પ્રાજ્ઞપુરુષ કો વહી સત્ય કહના ચાહિયે જો દૂસરોં કી પ્રસન્નતા કા–કલ્યાણ કા કારણ હો. યદિ કિસી સત્ય વાક્યસે દૂસરોં કો દુઃખ હોતા હો તો વહાં મૌન રહના ચાહિયે.

યદિ પ્રિય વાકય ભી અહિત કરનેવાલા જાન પડે તો નહીં કહના ચાહિયે. ઉસ અવસ્થા મેં તો હિતકર વાકય હી કહના ઉત્તમ હૈ, ચાહે વહ અત્યન્ત અપ્રિય હી કયોં ન હો. જો કાર્ય ઇસ લોક ઔર પરલોક મેં પ્રાણિયોં કા હિત કરનેવાલા હો. બુદ્ધિમાન પુરુષ કો મન, વચન ઔર શરીર સે ઉસીકા આચરણ કરના ચાહિયે.

જો મનુષ્ય દૂસરોં કી નિન્દા-ચુગલી નહીં કરતા, જૂઠ નહીં બોલતા ઔર એસા વચન ભી નહીં બોલતા જિસસે દૂસરોં કો ઉદ્વેગ હો, ઉસપર નિશ્ચય હી શ્રીભગવાન પ્રસન્ન રહતે હૈં. જો પુરુષ દૂસરોં કી સ્ત્રી, ધન ઔર હિંસા મેં રુચિ નહીં કરતા ઉસસે સદા હી શ્રીભગવાન સન્તુષ્ટ રહતે હૈં. જો મનુષ્ય કિસી ભી પ્રાણી (મનુષ્ય-પશુ-પક્ષી-વૃક્ષ-લતાદિ) કો પીડિત નહીં કરતા ઔર મારતા નહીં, ઉસસે શ્રીભગવાન બહુત પ્રસન્ન રહતે હૈં. જો મનુષ્ય દેવતા, બ્રાહ્મણ ઔર ગુરુજનોં કી સેવા મેં સદા તત્પર રહતા હૈ, શ્રીભગવાન ઉસસે સદા પ્રસન્ન રહતે હૈં. જો મનુષ્ય સ્વયં અપને ઔર અપને પુત્રોં કે સમાન હી સબ પ્રાણિયોં કા હિત ચાહતા હૈ, શ્રીભગવાન કો વહ સહજ હી પ્રસન્ન કર લેતા હૈ. જિસકા મન રાગાદિ દોષોંસે દૂષિત નહીં હૈ, ઉસ વિશુદ્ધચિત્ત પુરુષસે શ્રીભગવાન સદા સન્તુષ્ટ રહતે હૈં.

—શ્રી વિષ્ણુપુરાણ

શ્રીમદ્ ગામઠી ગીતા

ધરતયડો કે' છેઃ—

ધરમ છેતરમાં ને કુરુ છેતરમાં
એ ઘડીકમાં બાઝી મરે—
હંજયડા ઘડીકમાં બાઝી મરે;
મારાં છૈયાં ને મારા ભાઇનાં સોકરાં (૨)
ભેળાં થઇને હું કરે-
હંજયડા ભેળાં યઇને હું કરે?—૧

અરજણિયો કે' છેઃ—

નાનાંયે મારવાં ને મોટાંયે મારવાં,
ને મારવાને નાં મળે આરો-
કરહણિયા મારવાનો નાં મળે આરો;
એવું તે રાજ કેદીક નાં રે કર્યું તો (૨)
ચીયો ગીગો રહી જીયો કુંવારો?
કરહણિયા હું તો નથી લડવાનો.—૨

કરહણિયો કે' છેઃ—

અજરામર છે અલ્યા મનખાંનો આત્યમો,
ને માર્યો નાં કોથી મરાય-
અરજણિયા માર્યો નાં કોથી મરાય;
એવું હમજીને અલ્યા દીધે તું રાછયને (૨)
તારા બાપાનું હું જાય-
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૩

મલક બધો તારી કરવાનો ઠેકડી,
ને હું તો કહી કહીને થાચ્યો-
અરજણિયા હું તો કહી કહીને થાચ્યો;
આ ખતરીના કુરમેં ચ્યાંથી તું આવો (૨)
ઊંધા તે પાનિયાનો પાચ્યો-
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૪
અલ્યા જુધમાં જીતેશ તો રાજ કરેશ ને
મરેશ તો જાસ ઓલ્યા હરગે-
અરજણિયા મરેશ તો જાસ ઓલ્યા હરગે;
અલ્યા તારો તે દી જો ઘેરજ હોય તો (૨)
આવો તે લાગ શીદ ચૂકે?
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૫
મોટા મોટા માત્મા ને મોટા પુરસ
જીણે વાસનામાં મેલ્યો પૂળો-
અરજણિયા વાસનામાં મેલ્યો પૂળો,
અલ્યા એવાએ જગત હાટુ કરમ ઢહઈડે (૨)
પછે તુ તે ચેઇ વાડીનો મૂળો-
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૬
કરમની વાત બધી આપડા હાથમાં,
ને ફળની નહિ એક કણી-
અરજણિયા ફળની નહિ એક કણી,
ઇમ ના હોય તો બધાય થઇ બેહે—(૨)
ઓલ્યા દલ્લી તે શાહેરના ધણી-
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૭


ઊંધું વાલીને જા કરમ ઢહઈ્યને
ફળની કર્ય માં ફકર–
અરજણિયા ફળની કર્ય માં ફકર;
ફળનો દેનારો ઓલ્યો બેઠો પરભુડિયો (૨)
તે નથી તારા બાપનો નોકર–
અરજણિયા મેલ્યને મૂરખાવેડા.—૮

અરજણિયો કે' છઃ—

ભરમ ભાગ્યો ને મારો સાંસ્યો ટળ્યો છે,
ને ગન્યાંન લાધ્યું મને હાચું–
કરહણિયા ગન્યાંન લાધ્યું મને હાચું;
તું મારો મદારી ને હું તારો માંકડો (૨)
નચાવે ત્યમ હું નાચું–
કરહણિયા હું તો હવે લડવાનો.—૯

હુંજયડો કે' છઃ—

જોગી કરહણિયો ને ભડ અરજણિયો,
ઇ બે જ્યાં થાયે ભેળા;–
ધરતયડા ઇ બે જ્યાં થાયે ભેળા;
મારું દલડું તો ઇમ શાખ્ય પૂરે છે (૨)
તિયાં દહાડી ઊડે ઝી ચેળાં;
ધરતયડા દહાડી ઊડે ઝી ચેળાં.—૧૦



પૂજ્યપાદ સ્વામીશ્રી સરયુદાસજી મહારાજ

(આ ફોટો એક ચિત્રકારે તૈયાર કરેલા ચિત્ર ઉપરથી લીધેલો છે.)

महात्मा
श्रीसरयुदासजीनुं चरित्र

મહાત્મા શ્રીસરયુદાસજીનો જન્મ સંવત ૧૯૦૪ ના શ્રાવણ વદિ આઠમના રોજ—જન્માષ્ટમીના દિવસે અમદાવાદ જિલ્લાના પાટડી ગામમાં થયો હતો. એમનું મૂળ નામ ભોગીલાલ હતું. એમના પિતાનું નામ પ્રભુદાસ અને માતાનું નામ ગંગાબહેન હતું. આ ગંગાબહેન પાટડીદરબારના ભાયાત રણછોડદાસની દીકરી થતાં હતાં.

એમને ગોવિંદજી નામે એક ભાઈ અને જમના તથા કાશી નામે બે બહેનો હતી.

એમની બાલ્યાવસ્થા મોસાળમાંજ વીતી હતી. મોસાળમાં એમના મકાનની પાડોશમાંજ એ સમયે વજા ભગત તથા જોઇતારામ ભગત રહેતા હતા. ભોગીલાલને તેમનો સમાગમ થયો. તેમના સત્સંગથી એમનામાં ભક્તિરસના અંકુર ફૂટવા લાગ્યા અને પૂર્વજન્મના સંસ્કારબળે તે દૃઢ થતા જઈ દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા.

એમણે ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. એમના મામાની ઇચ્છા એમને વેપારમાં નાખવાની હોવાથી, તેમાં ભોમિયા થવા માટે એમને પોતાની અનાજની દુકાનપર બેસાડ્યા. ભગવદ્‌ભજનમાં વધુ ને વધુ ચિત્ત રોકનાર આ ભોગીલાલનું ચિત્ત વેપારમાં ચોટ્યું નહિ. દુકાને બેસીને વેપારમાં ધ્યાન આપવા કરતાં પરોપકારનાં કામોમાં–જેવાં કે, કૂતરાંને રોટલા નાખવા, ચકલાંને દાણા નાખવા અને તેમને માટે રાખેલાં પાણીનાં શીકાં સાફ કરી તેમાં પાણી રેડવું ઇત્યાદિ તરફ તેઓ વધુ ધ્યાન આપતા હતા.

પાટીદાર જ્ઞાતિના પુરાણા રિવાજ અનુસાર ભોગીલાલનું લગ્ન એમની બાલ્યાવસ્થામાંજ કરી દેવામાં આવ્યું હતું. યોગ્ય ઉંમર થતાંજ એમનાં પત્નીને પાટડી બોલાવી લાવવામાં આવ્યાં; પરંતુ દૈવયોગે અલ્પ સમયમાં તેમનું શરીર બગડ્યું અને તે સ્વર્ગવાસી થયાં. જાણે પરમકૃપાળુ પરમાત્માએજ ભોગીલાલને બંધનમુક્ત કર્યા! તે પછી ફરીથી સગપણ કરવાની વાત ઘણી ચર્ચાઇ, પણ બંધનમુક્ત થયેલા આ ભોગીલાલે ફરીથી સગપણ કરવાની અને સંસારરૂપી માયાના મોહપાશમાં બંધાવાની ચોખ્ખી નાજ પાડી દીધી.

એક સમયે બહારગામથી ફરતા ફરતા આવેલા ચારપાંચ સાધુસંતો એમની નજરે પડ્યા. મધ્યાહ્નનો સમય હતો. ગામમાંથી ભિક્ષા માગી લાવવાનો સમય વહી ગયો હતો. તેમણે ઘરમાં તપાસ કરી જોઇ તો શેર–દોઢશેરથી વધારે આટો જણાયો નહિ. આથી તેઓ પોતેજ ઘંટી સાથે મિત્રતા કરવા બેસી ગયા! પાંચ શેર આટો સ્વહસ્તેજ દળીને તૈયાર કર્યો અને પેલા સાધુસંતોને ભિક્ષા માટે આપી આવ્યા. પછી તો દેવમંદિરે જવું, સાધુસંગ અને દુઃખીઓ જણાય તેમની સેવા કરવી એ તેમના નિત્યના

કાર્યક્રમ જેવું થઈ ગયું.

મામાની દુકાને એ કામકાજ માટે જતા, પરંતુ એમનું ચિત્ત તેમાં બિલકુલ ચોંટતું નહિ. એક દિવસ સંધ્યાસમયે દુકાનમાં પોતે એકલા હતા. એવામાં દેવમંદિરે થતી આરતીનો ઘંટાનાદ એમના સાંભળવામાં આવ્યો. આ ભગવદ્ભક્ત પુરુષનું ચિત્ત એ સાંભળી કયાંથી રોકાય ? દુકાનમાંથી પોતે નીકળ્યા અને સીધા દેવમંદિરે પહોંચી ગયા. એમને એ વાતનું ભાન પણ ન રહ્યું કે, પોતે દુકાન બંધ કરવાનું ને તાળું વાસવાનું ભૂલી ગયા છે !

બીજે દિવસે દુકાનમાં કામ કરનારાઓને આ વાતની ખબર પડી. મામાએ પોતાના સ્વભાવાનુસાર તેમને ઠપકો પણ આપ્યો; પરંતુ સંત થવાને સરજાયલા આ ભોગીલાલને એથી કાંઈ સંતાપ કે શોક થયો નહિ.

પોતાની પત્નીના સ્વર્ગવાસ પછી એમનું મન આ સંસાર ઉપરથી ઊઠી ગયું હતું. વારંવાર એમને એમજ થયા કરતું કે, “ કયારે આ અસાર સંસાર–સાગરમાંથી છૂટું ને ચાલ્યો જાઉં ?” એમની આ વૃત્તિ ઉત્તરોત્તર બળવાન થતી ચાલી. એ અરસામાં નગવાડા (વઢિયાર) તરફના શ્રીભગવાનદાસજી નામના એક મહાત્મા ત્યાં પધાર્યા હતા અને ગામ બહાર એક વડ નીચે ઊતર્યા હતા. ગામલોકોએ તેમને કહ્યું કે, આ વડમાં એક પ્રેત રહે છે માટે આપ ગામમાં પધારો. ત્યારે તે સંતે જણાવ્યું કે, અમે પણ પ્રેત જેવાજ છીએ અને પ્રભુનું નામ સાંભળશે તો તે પ્રેતનું પણ કલ્યાણ થશે, માટે અહીંજ ઠીક છે. એમ કહી તે મહાત્માએ પોતાનો મુકામ ત્યાંજ રાખ્યો. આ મહાત્મા પધાર્યાની વાત ભોગીલાલના જાણવામાં આવતાં તેઓ વારંવાર તેમની પાસે જઇને સત્સંગનો લાભ લેવા લાગ્યા.

આમ મહાત્મા સાથે પરિચય વધતાં ભોગીલાલે પોતાના મનની વાત મહારાજ ભગવાનદાસજીની સાથે આવેલા તેમના શિષ્ય આત્મારામજીને પ્રથમ કરી. ઉંમર નાની છતાં તેમનો તીવ્ર વૈરાગ્ય અને ગંભીર મુખમુદ્રા જોઇને શ્રીઆત્મારામજીને જણાયું કે, આ એક છૂપું રત્ન છે. એથી એમણે મહારાજ ભગવાન-દાસજીને એ વાત કહી. એટલે તેમણે પણ દીક્ષા લેવાની અનુ-મતિ આપી. એથી ભોગીલાલ તો ઘણા ખુશી થયા અને તે પછી થોડાજ દિવસમાં એક શુભ દિવસ જોઇ તેમણે દીક્ષા લીધી. તે પછી તેમનું નામ **સરયુદાસજી** રાખવામાં આવ્યું.

તેમણે દીક્ષા લીધાની વાતની ખબર પડી, ત્યારે ગામમાં ઘણીજ હોહા મચી ગઇ. હવે તે સંન્યાસીઓ સાથે ચાલ્યા જશે, એવી તેમનાં સગાંવહાલાંને ભીતિ લાગવાથી તેમને પકડી લાવીને એક બંધ મકાનમાં પૂરી દેવામાં આવ્યા. પછી સ્વામી ભગ-વાનદાસ તથા આત્મારામજી પાટડી છોડી ચાલ્યા ગયા. પછી સરયુદાસજી અનશન અને મૌનવ્રત ધારણ કરીને પેલા મકાનમાં બેસી રહ્યા. બે દિવસ સુધી એમને ઘણા ઘણા પ્રકારે સમજાવવામાં આવ્યા અને દીક્ષા લેવામાં એમની ભૂલ થઇ છે એવું કબૂલ કરાવવા અથાગ પ્રયાસ કરવામાં આવ્યો; પરંતુ તેમાં આખરે સર્વને નિષ્ફળતા મળી; એટલુંજ નહિ પરંતુ પોતે જે કાંઇ કર્યું છે, તે સમજીવિચારીનેજ કર્યું છે, એમ કહી પોતાને છોડી દેવાની વિનતિ સાથે ગામમાંથી પણ ચાલ્યા જવાની રજા આપવાની માગણી કરી. સઘળાં માણસો આથી ઘણાં મૂંઝાયાં અને અન્ન–પાણી સિવાય એમને કેટલા દિવસ બેસાડી મૂકવા એ પ્રશ્ન સર્વેના મનમાં ખડો થયો. ત્રીજે દિવસે નિરુપાયે શ્રીસરયુદાસજીને બંધનમુક્ત કરવામાં આવ્યા એટલે તરતજ તેઓ પાટડીમાંથી રવાના થઇ ગયા. પછી થોડે દૂર આવેલા એક ગામમાં પોતાના ગુરુશ્રી

ભગવાનદાસજી હોવાના સમાચાર મળતાં તરતજ તેઓ ત્યાં જઇને તેમને મળ્યા.

આ રીતે પાટડી છોડ્યા પછી મહારાજ સરયુદાસજી પોતાના ગુરુની સાથે રહ્યા અને તેમની સાથે ફરતા ફરતા અનેક સ્થળોની મુલાકાત લેતા સંવત ૧૯૨૪ માં અમદાવાદ પધાર્યા. દરમિયાન તેમણે આત્મચિંતન અને ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો.

મહારાજશ્રી સરયુદાસજી અમદાવાદ પધાર્યા ત્યારે ગુરુ ભગવાનદાસજી તથા તેમના બીજા શિષ્યો લાલદાસજી, મોહનદાસજી અને આત્મારામજી સાથે હતા. ત્રણ વર્ષ સુધી તેઓ સર્વે ખડ્ગધારાના આરે રહ્યા હતા. ત્યાર પછી સંવત ૧૯૨૭ માં મોટી હમામ પાસે આવેલા પટેલ મનસુખરામ ઓઘડભાઇના ડહેલામાં રહેવા આવ્યા અને તે પછી પ્રેમ દરવાજે આવેલી દરજીની વાડી તેમને રહેવાના સ્થાન તરીકે આપવામાં આવ્યાથી ત્યાં રહેવા ગયા.

ત્યાર પછી દરિયાપુર–વાડીગામમાં રહેતા ત્રીકમદાસ પટેલે, શ્રીમુરલીધરનું મંદિર શ્રીસરયુદાસજીને સર્વ પ્રકારે યોગ્ય જાણી ઘણા આગ્રહપૂર્વક અર્પણ કર્યું; પરંતુ મહારાજશ્રીને તો એ પણ એક મહાન ઉપાધિ જણાવા લાગી. તેઓ વિચાર કરવા લાગ્યા કે, "આ બંધનમાંથી શી રીતે છૂટવું." એ અરસામાં શેઠ મોતીલાલ હીરાભાઇ તથા માધવલાલ પટેલ વગેરે, અન્નક્ષેત્ર બાંધવા માટે કોઇએક સારી વિશાળ જગા ખોળતા હતા. તેઓ મહારાજ સરયુદાસજી પાસે આવી ચડ્યા અને અન્નક્ષેત્ર સંબંધી વાત કરી. મહારાજ તે વાત સાંભળીને ઘણા રાજી થયા અને જાણે પોતાની ઉપાધિ ટાળવાનો આ અવસર પ્રભુએજ મેળવી આપ્યો હોય એમ સમજી, એમણે શ્રીમુરલી-

ધરના મંદિરની જગા અન્નક્ષેત્ર બંધાવવાને માટે આપી દીધી.

એ અન્નક્ષેત્ર બંધાયા પછી થોડાજ સમયમાં ગુરુ ભગવાનદાસજીનું અવસાન થયું. તે પછી તેમના શિષ્ય આત્મારામજીની, મુરલીધરના મંદિરમાં ઠાકોરજીની સેવા–પૂજા કરવા માટે નિમણુક કરવામાં આવી; એથી આત્મારામજી ત્યાંજ રહેવા માટે ગયા.

શ્રીઆત્મારામજી મુરલીધર–મંદિરમાં રહેવા ગયા પછી શ્રીસરયુદાસજી એકલા પડ્યા. પટેલ છગનભાઇ દોલતભાઇને ઘેરથી ભિક્ષાનો ડબો આવતો હતો તે ઉપર એમણે પોતાનો નિર્વાહ ચલાવવા માંડ્યો. મહારાજશ્રી થોડો વખત અમદાવાદમાં રહી પાટડી, બાવળા, કેળિયાવાસણા વગેરે સ્થળોએ પણ અવારનવાર જઇ આવતા. લગભગ સંવત ૧૯૫૧ સુધી મહારાજશ્રીએ એ પ્રમાણે મુસાફરી કરતા રહી ઘણાં માણસોને સત્સંગનો લાભ આપ્યો હતો.

એમનો સ્વભાવ ઘણોજ દયાળુ હતો. નાના–મોટા કે ગરીબ-ગૃહસ્થના કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના સર્વેને એ સમાનભાવથી ઉપદેશ આપતા હતા. તેમના સરળ અને સચોટ ઉપદેશથી અનેક મનુષ્યોનું કલ્યાણ થયું છે.

એક સમયે બહારગામના લગભગ બસો વિદ્યાર્થીઓ સંસ્કૃત ભણવા માટે અમદાવાદમાં આવ્યા હતા. શહેરમાંથી કાચી ભિક્ષા માગી લાવીને તેઓ રસોઇ કરીને જમતા અને પછી પાઠશાળામાં ભણવા જતા. આથી ભણવા કરતાં ભિક્ષાની ભાંજગડમાં વિદ્યાર્થીઓનો વધારે વખત ચાલ્યો જતો. આ વાત સરયુદાસજીએ જાણી ત્યારે વિદ્યાર્થીઓનું દુઃખ એમના દયાળુ આત્માથી સહન થઇ શકયું નહિ. એમણે કેટલાક શ્રીમંતોને કહીને તરતજ એ વિદ્યાર્થીઓની ભિક્ષાનો બંદોબસ્ત કરાવી આપ્યો. એ ગોઠવણ



સ્વામીશ્રી આત્મારામજી મહારાજ

મુજબ હરેક વિદ્યાર્થીને આઠ આઠ દિવસનું સામટું સીધું અને રોજને એક એક પૈસો રોકડો મળવા લાગ્યો. પરિણામે વિદ્યાર્થીઓને અભ્યાસની ઘણીજ અનુકૂળતા થઇ ગઈ.

ધોળકાવાળા પટેલ ડાહ્યાભાઇ મનોરભાઇ એમના સમાગમમાં આવેલા. તેઓ પોતાના અનુભવનું વર્ણન કરતાં જણાવે છે કેઃ—

"હું પચ્ચીસીમાં હતો. મારા ઉપર અનેક પ્રકારના સંસ્કારો પડતા હતા. × × × એ કાળમાં મારી પાસે 'શ્રીસરયુદાસજી'-ની કથાની એવી વાતો આવી કે, તે બુદ્ધિને કેવળ અગ્રાહ્ય હતી. મહારાજ અધ્ધર ચાલે છે, તેમની કથા ભગવાન કરી ગયા; એવી અનેક વાતો પ્રચલિત હતી. મારી બુદ્ધિએ આ વાતોને પડકારી. મેં આ સાધુની પરીક્ષા લેવાનું બીડું ઝડપ્યું. × × કોઇ પૂર્વ સંસ્કારના બળે હું તેમની કથામાં જવા ઢસડાયો. ત્યાં જઇને પ્રશ્નો પૂછી તેમને મહાત કરીશ એ અભિમાનથી હું ગયો અને ગયો તેવોજ ઠરી ગયો! મારું બધું અભિમાન ગલિત થઈ ગયું. મારા જીવને અજબ પલટો ખાધો. હું જે હતો તે નહોતો બની ગયો!

"જગતમાં બીજે ક્યાંય મને આવી શાંતિ મળી નહોતી, છતાં મારામાં અકડાઈ હતી. એકદમ સીધો પ્રણિપાત કરતાં હું શરમાતો હતો. મેં એક પત્ર લખ્યો અને તેનો ખુલાસો કથામાં થાય એમ ઇચ્છ્યું. ખુલાસો ન થયો. કથા પૂર્ણ થયા બાદ કેટલાક નિજભક્તો સાથે હું પણ તેમની મઢૂલીએ તેમને વંદન કરવા માટે ગયો. તેમણે મને પિછાણી લઈ પ્રેમથી નવરાવી દીધો અને કહ્યુંઃ 'કૃપાનાથ! આપે પત્ર લખ્યો છે?' ત્યારથી હું વીંધાઇને તેમના ચરણે ઢળી પડ્યો અને છેવટ સુધી તેમનું શરણ સ્વીકારતો રહ્યો. મારા જીવનની એ અજબ ઘડી હતી.

"તેમની શાંતિપ્રચારક આંખ તળે રેંજિયા–પેંજિયાજ આવતા એમ નહોતું. ભલભલા શ્રીમંત અને પ્રતિષ્ઠિત નાગરિકો, ભલભલા પંડિતો, ભલભલા વિદ્વાનો, ભલભલા ધર્માચાર્યો, ભલભલા અમલદારો, નામચીન પાપીઓ અને દુષ્ટાત્માઓ, દરેક કોમના મુસલમાન, પારસી, ખ્રિસ્તી, હરિજન નર–નારીઓએ શ્રીસરયુદાસજીની છાયામાં શાંતિ મેળવી હતી.

× × × × ×

"એક સમયે વૈષ્ણવ આચાર્ય અને શંકરાચાર્ય વચ્ચે તકરાર-ટંટા ઉપસ્થિત થયા હતા. એ બન્ને વચ્ચે શાંતિ સ્થાપવામાં અગ્રભાગ સરયુદાસજીએ ભજવ્યો હતો. ઘરસંસારના અને સમાજવ્યવહારના અનેક ટંટા તેમણે શાંત કર્યા હતા. પરંતુ આટલી બધી યોગ્યતા હોવા છતાં, તેમણે કોઈ દિવસ તેમની નમ્રતા છોડી નથી. એ હમેશાં ખોવાઈ જવા માગતા અને ખોવાઈ જતા. કેટલીક વખત ભીમનાથ અને ખડ્‌ગધારેશ્વરની ઝાડીમાં અથવા તો કોટેશ્વરની ઝાડીમાં કોઇ દેખે નહિ તેવી રીતે એ ધ્યાન લગાવી બેસી રહેતા.

"હમેશાં સવારે ત્રણ વાગે એ ઊઠતા અને સૂર્યોદય થતા પહેલાં બધી ક્રિયાથી પરવારી લેતા. × × × તે અધ્ધર ચાલતા એ વાત સાચી હતી. નીચે કીડી–મંકોડી કચરાઇ ન જાય તેની કાળજી રાખી એ મૃદુ મૃદુ ડગલાં ભરતા. રખેને તેમના ચરણુને કોઇ સ્પર્શ ન કરી દે, એટલા માટે જોતજોતામાં તે બધાની વચમાંથી સરકી જતા. બહાર નીકળે ત્યારે છાંયામાં ચાલવાને બદલે તડકામાં ચાલતા; કારણુ કે તડકામાં જીવજંતુ ન હોય. લાકડી રાખતા તો તે અધ્ધર રાખતા, પણુ ધરતીનો તેનાથી ટેકો લેતા નહિ; કારણુ કે રખેને એમ કરવાથી કોઈ જીવ મરે. તેમની એકેએક ક્રિયામાં કોઈ જાતને જરા પણુ દુભવાય નહિ

એ સાવચેતી હદ ઉપરની રહેતી. આટલી સાવધાનતા તો જૈન આચાર્યો પણ ભાગ્યેજ રાખતા હશે. તેમના જીવનમાં તેમણે કોઇનુંય દિલ દુભવ્યું નથી. સૌને તે અગાધ શાંતિમાં ઝબોળી દઈ ઠંડા પાડી દેતા.

"એક વખતે પોતે ડાકોર જતા હતા. ત્રીજા વર્ગના ડબ્બામાં અતિશય ભીડમાં તેઓ બેઠેલા હતા. એમની સામે એક પઠાણ બેઠેલો હતો. તે કંઇક અટકચાળો હતો. મહારાજશ્રીને પગ અડાડવા લાગ્યો. મહારાજે એ પઠાણનો પગ પકડી કહ્યું: "આપના પગને કાંઇ દુઃખ થાય છે? કળે છે? થાક્યો છે? હું દબાવું?" અને એમ કહી તેના પગ પંપાળવા લાગ્યા. પઠાણ તો સ્તબ્ધ થઈ ગયો. શરમિંદો બન્યો. "આપ તો ઓલિયા છો" એમ કહીને નમી પડ્યો.

"શેઠ મંગળદાસને બંગલે લાલદાસજી મહારાજની શુશ્રૂષામાં મહારાજશ્રી રહેવા આવેલા. ત્યાં સૂવે, રહે અને પ્રેમ દરવાજે કથા કરી આવે. હું પણ ત્યાં સૂતો હતો. તેમની સાથેજ હું કથામાં જતો હતો, પણ મોડો ઊઠતો હતો. મારી મોડા ઊઠવાની ટેવ ભુલાવવા એક દિવસ સવારે હું સૂતો હતો ત્યાં તેઓ આવ્યા અને મારા પગ પંપાળતા 'ઊઠો, ઊઠો, રામચંદ્ર! બાજત પૈંજનિયાં!'નું ભજન ગાવા લાગ્યા. હું ઝબકી ઊઠ્યો, ચોંક્યો, મારી ખો ભુલાઈ ગઈ.

"શેઠ મંગળદાસને બંગલે કાશીના એક પંડિત જગતપ્રસાદ વેદકથા કરતા હતા. લોકો ઘણા ભેગા થતા. પંડિતજીની સામવેદ ગાવાની શૈલી અનેરી અને આકર્ષક હતી. આષાઢ મહિનો હતો. વાદળ ઘેરાતાં કઠારો થતો હતો. કથા કરવાના પરિશ્રમ ને ઉકળાટથી બચવા માટે પંખાની આવશ્ય-

કતા હતી. પંખો આવતાં વાર થઇ. બાપુજી ઊભા થયા અને પોતાને માથે બાંધવાના વસ્ત્રનો પંખો બનાવી પંડિતજીને પવન નાખવા લાગ્યા. પંડિતજીએ કહ્યું: 'આપ તો માતાપિતા કહેવાઓ; આ શું કરો છો?' બાપજીએ જવાબ આપ્યો: 'છોકરાંની સેવા માબાપેજ કરવી જોઇએ.'

"કોઇ પણ વસ્તુનો એ જરા પણ દુરુપયોગ થવા ન દેતા. પાણીને પણ ઘી સમજીને વાપરતા. ભગવાને જે ચીજ આપી તેનો દુરુપયોગ ન કરવો. સ્નાન કરવું હોય, ખૂબ પાણી જોઈતું હોય, તો નદી બહોળી પડી છે. ઘેર સ્નાન કરે તો બે લોટાને બદલે એકથી પતતું હોય તો પતાવે અને ખૂબી એ કે, શરીર બીજાઓ કરતાં વધુ સ્વચ્છ રાખે. તેમનામાં કળાની રસિકતા હતી, તે તેમની સાદાઈ અને સ્વચ્છતાને આભારી હતી.

"રસ્તે જતાં કોઇ બાઇ કે ભાઈને માથે બોજો હોય અને તે બિચારાં થાકયાં હોય, તો પોતે તે બોજો ઉપાડી લઈ તેને મદદ કરતા. એક વખત કાઠીના ભારા વેચનારાઓના ભારા ઉપાડી તેમને તે વેચી આપવામાં મદદ કરી હતી.

"એક વખત એક યુવાન વિધવાએ ફરિયાદ કરી: 'બાપજી! મારો સસરો મને અન્નવસ્ત્ર આપતો નથી.' બાપજીએ શિખામણ આપી કે, 'યુવાન શરીર છે, દળણું-પાણી કરી મજૂરી દ્વારા ગુજરાન ચલાવો.' બાઇએ તેમ કર્યું. તેનો સસરો ગૃહસ્થ હોવાથી લજવાયો અને બાઈને ખરચી આપવા તત્પર થયો. બાઇએ બાપજીને પૂછયું: 'શું કરું?' બાપજીએ કહ્યું: "ખુશીથી આપતા હોય તો લો. આપણે રીસ ન હોય." બાઇ સુખી થઇ.

"એક સમયે એક વૃદ્ધ ડોશી આવ્યાં ને બાપજીને કહ્યું:

'બાપજી! મારું વધારાનું ઘર છે, તે આપ મંદિર ખાતે લો.' બાપજીએ પૂછ્યુંઃ "તમારે સગાંવહાલાં કોણ છે?"

'બાપજી! જેઠના દીકરા છે, પણ તે જુદા રહે છે.'

'ક્યાં રહે છે?'

'ભાડાના ઘરમાં.'

'તેમને એ ઘર આપો. ઠાકોરજીને કાંઈ ખોટ નથી.'

'ભા! એ તો મારી ખબર પણ લેતા નથી. એમને આપ્યે શું વળે? અહીં આપ્યે તો પુણ્ય મળે.'

'એમ! ત્યારે અમને આપશો?'

'હા.'

'લો, ત્યારે એ ઘર અમે લીધું. હવે અમે ગમે તેને આપીએ તેમાં વાંધો ન કાઢતાં.'

'તમને ગમે તેમ કરો ને!'

'તમારા જેઠના દીકરાઓને બે રૂપિયાના ભાડે આપ્યું.'

'પછી મહારાજશ્રીએ પેલા દીકરાઓને બોલાવી કહ્યું કે, 'ડોશીની ચાકરી કરો.' એમ બધાંનો મેળ થયો અને સૌ સુખી થયાં. ઘર ડોશીના જેઠના છોકરાઓને મળી ગયું.

"આવી અનેકાનેક તેમના ચારિત્ર્યની કથાઓ રસિક અને શાંતિ આપે એવી છે.

"તેઓ તદ્દન નિર્મોહી હતા. આત્મધ્યાની હતા. શરીર નાશવંત છે અને આત્મા અમર છે—આત્મા સત્ય છે એનું જાગતું ભાન તેઓને ચોવીસે કલાક રહેતું. શરીરથી થતી ક્રિયાઓ શરીરની ગણતા અને અંતરના વિચારો આત્માના ગણતા. એથી વાતવાતમાં 'આ શરીરથી આમ થયું અને મારા રામને આવું લાધ્યું' એમ તેઓ વારંવાર કહેતા."

× × × ×

"આવા નિર્મોહી છતાં કલ્પવૃક્ષસમા મહાપુરુષનાં સ્મરણો ટલાં લખીએ તેટલાં ઓછાંજ છે. એમણે કોઇ દિવસ પોતાની બી પડાવી નથી કે પોતાની હયાતિ બાદ જગતને ભાળવે વું એકે સ્મરણ પોતે રાખ્યું નથી; છતાં તેઓ રાજનગરની રમ શોભારૂપ હતા અને આબાલવૃદ્ધ નર–નારીઓના હૃદયના ચા સ્મરણરૂપ હતા. એથીજ આજે પણ એમની મૃત્યુતિથિ જવાય છે અને એ મહાત્માનું સ્મરણ કરી કરી જનતા તાને કૃતકૃત્ય માને છે."

છપ્પનિયા દુષ્કાળમાં લોકોને ભૂખે પીડાતા જોઇને એમને ણું દુઃખ થતું. પોતે હમેશાં પચીસ મણ લોટના રોટલા રાવતા અને જે કોઇ ભૂખ્યું આવે તે દરેકને એક શેર લોટના ટલા ને પાશેર દાળ અપાવતા. આમ તેઓ દરરોજ હજારો ખ્યાં માણસોને જમાડતા. આ લોક–સેવાના કામમાં દયાળુ ભુએ તેમને કોઇ દિવસ અનાજની તંગી પડવા દીધી નહોતી. તાઓ તરફથી અનાજના કોથળા આવ્યાજ કરતા ને મહા- જશ્રી પણ દુકાળિયાંઓને છૂટે હાથે જમાડયે જતા.

તેઓ મિતભાષી હતા. એમની વાણી સત્યથી ભરેલીજ તી. છપ્પનના ચૈત્ર માસમાં વરસાદ થયો, તે પછી એક ખતે ભક્તમંડળી એમની આજુબાજુ બેઠી હતી. તેમાં હરિ- રના બાલાભાઇ શેઠ પણ હતા. તેમણે કહ્યું: "બાપજી! રસાદ તો સારો થયો છે અને અનાજ પણ સારું પાકશે." હારાજશ્રીએ જવાબ આપ્યો: "હા. એ વાત તો સાચી, ણ એ તો જેનું અન્નજળ હશે તેજ ખાશે."

આ સાંભળી ત્યાં બેઠેલા દરેક જણ વિચારમાં પડી ગયા , મહારાજશ્રી આવું કેમ બોલ્યા હશે? પરંતુ કોઇ કાંઇ

નિર્ણય પર આવી શકયું નહિ. દૈવયોગે બીજે દિવસે બાલાભાઈ શેઠને કૉલેરા લાગુ પડ્યો અને ટૂંક મુદતમાંજ તે દેવલોક પામ્યા. આ વખતે મહારાજશ્રી પ્રથમ જે બોલેલા તેનું રહસ્ય ભક્તોના સમજવામાં આવ્યું.

તેઓ તદ્દન નિરભિમાની હતા. પ્લેગના સમયમાં મુંબઈના જયકૃષ્ણ મહારાજ અમદાવાદ પધાર્યાં હતા અને દાણાપીઠમાં દેસાઇભાઇ વકીલને ત્યાં ઊતર્યા હતા. મહારાજશ્રી સરયુદાસજી પણ કથા–શ્રવણ નિમિત્તે ત્યાં જતા હતા. પંજાબના કેશવાનંદ સરસ્વતી નામના એક વિદ્વાન સંન્યાસી અને એક બીજા સુરદાસ મહારાજની કથા શાહપુર દરવાજા બહાર છોટાલાલની ધર્મશાળામાં થતી હતી, તેમાં પણ સરયુદાસજી મહારાજ જતા હતા.

તેઓ એટલા નમ્ર હતા કે, જો કોઈ એમને પગે લાગવા જાય, તો તેના પહેલાં તો પોતેજ તેને નમી પડતા.

શ્રી જાનકીદાસ મહારાજની સાથે મહારાજશ્રી કોઈ કોઈ વખત નડિયાદ–સંતરામના મંદિરમાં પણ જતા હતા. અહીં એમની ગેરહાજરીમાં પણ શ્રોતાજનો નિત્યનિયમ મુજબ એકત્ર થતા અને માંહોમાંહે ભજન–કીર્તન કરતા.

મહારાજશ્રીનાં પૂર્વાશ્રમનાં બહેન જમનાબાઈનું લગ્ન અમદાવાદમાં થયું હતું. તેઓ આંખે અંધ હતાં, ગરીબ ઘરમાં આવ્યાં હતાં અને ગરીબાઈમાંજ જીવન વ્યતીત કરતાં હતાં. આથી મહારાજશ્રીના પરમભક્ત ત્રીકમભાઇએ એક વખતે મહારાજશ્રીને વિનતિ કરી કે, "જમનાબાઇ મારાં ધરમનાં બહેન છે. એમને દર વરસે સો રૂપિયાની મદદ આપવાનો મારો ઇરાદો છે." આ સાંભળી મહારાજે તેમને તો કાંઈ ન કહ્યું; પરંતુ પોતાની બહેનને કહ્યું કે, "આપણે એવી મદદ ન લેવી, બહેન! એવી મદદ લેવા કરતાં તો રોજ દશ શેર ઘઉં દળીને જે મળે

તેમાંથી રોટલા ને શાક ખાઇને ચલાવવું. એક મહિનામાં આઠ આનાનું ઘી લાવવું, તેમાંથી ઠાકોરજીનો દીવો પણ થાય. એમ કરતાં કરતાં જ્યાંસુધી નભે ત્યાંસુધી નભાવજો ને જ્યારે કામ ન થાય ત્યારે મારી પાસે આવજો; પરંતુ મદદ લેવાની મનમાં ઇચ્છા રાખશો નહિ." જમનાબાઇએ જીવનપર્યન્ત મહારાજશ્રીની આજ્ઞાનું પાલન કર્યું હતું.

મહારાજશ્રીનાં માતુશ્રી આ જમનાબહેનને ત્યાં રહેતાં હતાં. તે બીમાર પડ્યાં અને કેટલોક સમય માંદગી ભોગવીને દેહત્યાગ કર્યો. મહારાજશ્રીએ તેમનો અગ્નિસંસ્કાર કરવા સિવાય તેમની પાછળ બીજી કોઇ ક્રિયામાં ભાગ લીધો નહોતો.

શિયાળાની ઠંડીના સમયમાં કોઈ તેમને ઓઢવા માટે કાંબળો આપે તો તે, રાત્રે બહાર ફરવા નીકળી પડતા અને ટાઢે ધ્રૂજતા કોઇ ગરીબને શોધી કાઢીને આપી દેતા. પોતે તો ધોતિયાની બનાવેલી માત્ર એક રજાઇજ વાપરતા હતા.

પ્રાણીમાત્રને તેઓ સમભાવે જોતા. એક સમયે શહેરમાં એક લાલ મોઢાવાળું વાંદરું આવી ચઢયું અને લોકોનાં ઘરોમાં પેસી જઇ ઘણો ઉપદ્રવ કરવા લાગ્યું. આથી લોકો ઘણા હેરાન થયા અને તેને મારી નખાવવાની ગોઠવણ કરવા લાગ્યા. મહારાજના જાણવામાં એ વાત આવી એટલે તેમને દયા આવી. તેમણે તે માંકડાને પકડાવીને એક લાકડાના પાંજરામાં પુરાવ્યું અને થોડા દિવસ રાખી કોઇ વ્રજવાસી સાથે વ્રજમાં મોકલી દીધું.

આવા બીજા પણ પ્રસંગો છે. એક સમયે તેઓ નદીએ નાહવા જતા હતા. રસ્તામાં એક માંદા ગધેડાને જોઇને તેમને દયા આવી અને તેના ઘા ઉપર પાટો બાંધ્યો.

શ્રીમુરલીધરના મંદિરમાં રોજ દીવાબત્તી થયા પછી કથા કહેવામાં આવતી હતી. મુખ્યત્વે મહારાજશ્રી ભાગવતનીજ કથા

કહેતા અને તેમાં પચાસ–સાઠ માણુસ હાજરી આપતા. તે મંદિરના નીચેના ભાગમાં બેસીને કથા વાંચતા હતા. ત્યારબાદ સવારમાં મેડા ઉપર બેસીને કથા વાંચવા માંડી. તેમાં પ્રથમ પુરુષોનેજ આવવા દેતા, સ્ત્રીઓને આવવા દેતા નહિ. આ વખતે સાંભળનારાઓની સંખ્યા લગભગ દોઢસોને આશરે થતી હતી. તેમાં પારસભાગની કથા કહેવામાં આવતી હતી. પછી કેટલીક સ્ત્રીઓની, કથા સાંભળવાની ખાસ ઇચ્છા જણુાવાથી દરેક માસની સુદિ અગિયારસથી પૂનમ સુધી અને વદિ અગિયારસથી અમાસ સુધી એમ દશ દિવસ કથામાં આવવા દેવાની તેમને આજ્ઞા આપી. તે પછી જ્યારે શ્રીમદ્‌ભાગવતની કથા શરૂ થઇ, ત્યારે બહેનોની ઇચ્છા હમેશાં કથામાં આવવાની આજ્ઞા મેળવવાની થઇ. કેટલીક બહેનોએ એ વાત એક ભક્તને કરી. તેમણે મહારાજશ્રીના અનન્ય ભક્ત રા. ભગુભાઇને એ વાત કહી. ભગુભાઇએ એ વાત મહારાજના કાને નાખી. મહારાજે પણ બહેનોની ઇચ્છા મુજબ તેમને દરરોજ કથામાં આવવાની છૂટ આપી. આથી ઘણી બહેનોએ કથાનો લાભ લેવા માંડ્યો. સ્ત્રી–પુરુષ સર્વેનો સમાવેશ મેડા ઉપર થઇ શકે એમ નહોતું; એટલે સ્ત્રીઓ નીચે બેસતી અને પુરુષો મેડા ઉપર બેસતા. તેમજ નીચે–ઉપર સર્વત્ર કથા સંભળાય તેવી રીતે મહારાજશ્રી કઠેડા પાસે બેસી કથા કહેતા.

× × × ×

એક દિવસ મહારાજશ્રી અમદાવાદ સાબરમતીના તીરે આવેલા ખડ્‌ગધારેશ્વરના આરે સ્નાન કરવા ગયેલા. માર્ગમાં પગે કંઇ ઇજા થવાથી દરરોજના નિયમ પ્રમાણે એ કથા સમયે હાજર થઈ શકયા નહિ; છતાં કથાનો સમય થતાં મંદિરમાં કથા તો થઇજ. અસારવાના કેટલાક પાટીદારો કથા

સાંભળીને પાછા ફરતા હતા, તેમને મહારાજશ્રી રસ્તામાં સામા મળ્યા, ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા. કહેવાય છે કે, તેમની ગેરહાજરીમાં સાક્ષાત્ પરમેશ્વરજ તેમનું સ્વરૂપ ધારણ કરી કથા વાંચી ગયા હતા ! શેઠ બાલાભાઈ દામોદરદાસે આ વાત મહારાજશ્રીને કાને નાખીને તેનો ખૂલાસો જાણવા ઇચ્છયું. પરંતુ તેઓશ્રીએ એ વાતને ઉડાવી દેતાં માત્ર એટલુંજ કહ્યું કે, "એમ બનવું એ પણ સંભવિત છે."

× × × ×

પુરુષોત્તમ માસ ચાલતો હતો અને મહારાજશ્રીની વાણી સાંભળવા આવનાર સ્ત્રી–પુરુષોની સંખ્યા વધી પડી. આશરે દોઢથી બે હજાર માણસ આવવા લાગ્યાં. મંદિરમાં એ સર્વેનો સમાવેશ થઇ શકે એમ નહોતું; એટલે મહારાજશ્રીએ મંદિરની પાછળની વાડીમાં કથા કહેવા માંડી. પુરુષો અને સ્ત્રીઓને બેસવાનું સ્થાન તદ્દન જુદું હતું અને વચ્ચે એક પડદો પણ બાંધવામાં આવતો હતો. એક વણિક સોની ગૃહસ્થને સ્ત્રીઓ તરફ તાકી તાકીને જોવાની ટેવ હતી. કથાપ્રસંગે પણ તેની એ ટેવ છૂટતી નહોતી. એ ભાઈની તરફ મહારાજશ્રીનું ધ્યાન ખેંચાયું અને તરતજ ચાલુ કથાએ તેને ઉઠાડી અન્ય સ્થળે બેસાડવામાં આવ્યો.

એમની કથાની સરળ શૈલીથી મુગ્ધ થઈ કેટલાક હરિજનો (અંત્યજો)ને પણ કથા સાંભળવાની ઇચ્છા થઇ આવી. એક ભક્તદ્વારા તેમણે મહારાજને પોતાની ઇચ્છા જણાવી અને કથામૃતનું પાન કરવાની આજ્ઞા માગી. મહારાજે તરતજ આજ્ઞા આપી અને તેમને જરા દૂર બેસવાની ગોઠવણ કરાવી આપી. કારણ કેઃ–**शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ।**

× × × ×

કાલુપુર (અમદાવાદમાં) ડોશીવાડાની પોળમાં શ્રીનટવરલાલજી શ્યામલાલજીનું મોટું વૈષ્ણવ–મંદિર છે. ત્યાંના ગોસાંઇ

મહારાજ શ્રીરણછોડલાલજીને યજ્ઞોપવિત આપવાના પ્રસંગે બહારગામથી પણ લગભગ તમામ ગોસાંઇજી મહારાજના બાળકો પધાર્યાં હતા. તેમાં શ્રીનાથજીના ટિકાયત મહારાજ શ્રીગોરધનલાલજી પણ હતા. મહાત્મા શ્રીસરયુદાસજીની પ્રશંસા સાંભળીને તેમને મળવાની ઇચ્છા જણાવી. મહારાજશ્રીએ પૂછાવતાં તેમણે પોતાની અનુમતિ આપી; એટલુંજ નહિ પણ અસારવા–શ્રી આચાર્યજીની બેઠક, જ્યાં મહારાજ શ્રીગોરધનલાલજી ઊતર્યાં હતા ત્યાં–જાતે જઇ આમંત્રણ આપી આવ્યા હતા. બીજે દિવસે કથા–પ્રસંગની સમાપ્તિ બાદ શ્રીગોરધનલાલજી, મહારાજશ્રીને મળવા માટે પધાર્યા. ભક્તવર્ગને આ મુલાકાતની ખબર હોવાથી એ સમયે ઘણાં સ્ત્રી–પુરુષો હાજર રહ્યાં હતાં. શ્રીગોરધનલાલજી મહારાજે, મહારાજશ્રી સરયુદાસજીનાં ઘણાં વખાણ કર્યાં હતાં અને કહ્યું હતું કે, "જે કામ અમારા જેવા ધર્મગુરુઓએ કરવાનું છે, તે કામ એમણે પોતે હાથમાં લીધેલું છે; એ માટે એમનાં જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં છે."

કથામાં એમની મધુર વાણીએ જનતાને ઘણી આકર્ષી હતી. એક સમયે કડવાપોળમાં રહેતા જમનાદાસ નામના એક ભગતે એમને કહ્યું કે, "મહારાજ! આપનું શરીર જ્યારે નહિ હોય, ત્યારે બીજે કોઇ ઠેકાણે કથા સાંભળવામાં આવો પ્રેમ નહિ થાય; કારણ કે, આજકાલના સાધુસંતો તો પ્રવૃત્તિવાળા રહ્યા એટલે તેમનો વ્યવહાર પણ જુદો." મહારાજે આ સાંભળી જવાબ આપ્યો કે, "ભગતજી! એ શું બોલ્યા? કોઇએક બાળકની માતા મરણ પામે અને તેનો પિતા ધવરાવવા માટે ધાવ રાખે; છતાં બાળક કહે કે, 'હું નહિ ધાવું,' મારી માતાના જેટલો પ્રેમ એ ધાવનો નથી! ત્યારે એ બાળકનું શું થાય? જરૂર તે મરણ

પામે. માટે તે બાળકે તો જેનુંતેનું દૂધ પીને મોટાજ થવું રહ્યું. એજ પ્રમાણે આ શરીર ગયા પછી તમારે પણ જ્યાં કથા થતી હોય ત્યાં જઇને સાંભળવીજ રહી. તમે કથા નહિ સાંભળો તો તમારું અંતઃકરણ મલિન થશે. વળી તમારે માત્ર કથા સાંભળવા સાથેજ કામ રાખવું. એ સિવાય કથા કરનાર ક્યાં બેઠા છે, શું કરે છે, શું ખાય છે, વગેરે કોઇ પણ બાબત ઉપર લક્ષ આપવું નહિ; કારણ કે એમ કરવાથી શ્રદ્ધા રહેતી નથી અને પરિણામે ઉપદેશની અસર પણ રહેતી નથી.

વ્યાવહારિક કે બીજી કોઇપણ મૂંઝવણમાં કોઈ પણ સજ્જન તેમની સલાહ પૂછે તો તેમને યોગ્ય રસ્તો બતાવતા. પરમાર્થ સિવાય કોઇ પણ ઉપાધિમાં પડવાનું એમને પસંદ નહોતું. તેમની પાસે રહેતા આત્મારામજી મહારાજને એક વખતે કોઇ ભક્ત ગાય આપવા માટે આવ્યા. ગાય રાખવાની એમની ઇચ્છા હતી, એટલે એમણે મહારાજશ્રીને પૂછ્યું! .ત્યારે તેમણે ચોખ્ખી ના પાડતાં જણાવ્યું કે, "એ ગળામાં ઉપાધિ નાખવા જેવું છે. ગાયનું છાણ–વાસીદું અને ઘાસ–કચરા આદિના કામમાંથી આપણે નવરાજ નહિ પડીએ અને એથી આપણી કથા–વાર્તા તથા ભજન–કીર્તનમાં વિક્ષેપ પડશે. આપણે ગાય રાખવી પરવડે નહિ."

તેઓ ઘણી ઊંચી અવસ્થાએ પહોંચેલા સાચા સાધુ હતા; **એટલે ચેલાઓ કે શિષ્યો મૂંડવાનું તેમને પસંદજ ન હતું. એમણે જીવનપર્યંત કોઇને શિષ્ય બનાવ્યો નથી.** કોઈ કોઇ વખતે એમના ભક્તો એમને ફૂલહાર પહેરાવવા કપાળે તિલક કરવા ઇચ્છા કરતા, ત્યારે તેઓ તેનો સ્વીકાર નહિ કરતાં તે ભગવાન શ્રીમુરલીધરનેજ અર્પણ કરાવતા.

એમની ઈશ્વરભાવના જડ–ચેતન સર્વમાં એકસરખી હતી.

જે નીચેની વાત ઉપરથી બરાબર સમજાશે. ઝાંપડાની પોળમાં રહેતા શેઠ ત્રીકમભાઇ, પોતાના હરિપુર ગામમાં મકાન બંધાવતા હતા. ત્રીજા મકાનના માળે લીમડાની એક ડાળી આડી આવતી હતી; એ ડાળીનું શું કરવું, તે બાબત શેઠે મહારાજશ્રીની સલાહ પૂછી. ત્યારે મહારાજશ્રીએ જણાવ્યું કે, "ત્રીજો માળ અધોજ કરજો, પણ ડાળી કપાવશો નહિ. લીમડો જ્યારે દેવલોક પામે ત્યારે ત્રીજો મજલો પૂરો કરી લેજો. ડાળી કાપશો તો બિચારા લીમડાને દુઃખ થશે અને એથી પ્રભુ રાજી નહિ રહે."

માર્ગમાં ચાલતી વખતે કોઇ જીવજંતુ પોતાના પગ નીચે કચડાઇ ન જાય, એ માટે તેઓ ઘણી સંભાળપૂર્વક પગલાં મૂકતા. દવા માટે કોઇ વૃક્ષ–વનસ્પતિનાં પાન લેવા આવે તો તેને તેઓ કહેતા કે, "પ્રથમ એ વનસ્પતિને પગે લાગીને પ્રાર્થના કરો, એની માફી માગો અને પછી પાન લો." તેઓ ધીમેથી અને વિચાર કરીનેજ બોલતા. કોઇના પણ આત્માને દુભવતા નહિ. ઉનાળાના દિવસોમાં પણ પાણીની માટલી સરખી રાખતા નહોતા; કારણ કે માટલી રાખવાથી જળ ઢળે અને એથી કીડીઓ થાય અને એ કીડીઓ કદાચ પગ નીચે આવે તો હત્યા થાય, એવી ભીતિ સદાય એમને રહ્યા કરતી. પાણી માટે એમની પાસે માત્ર એક લોટોજ રાખતા હતા.

તેમનામાં સહનશીલતાનો એક અજબ જેવો ગુણ હતો. એમના ડાબા કાન પાસે એક રસોળી જેવી ગાંઠ નીકળી હતી. જે દિવસે દિવસે વધવા માંડી હતી. ઘણા ઘણા ભક્તો એમને વારંવાર કાલાવાલા કરી કરી દવા માટે વિનવતા; પરંતુ મહારાજ કોઇ પણ પ્રકારે માનતા નહિ. છેવટે બધાંએ એકત્ર થઈ વિચાર કર્યો અને પાટડી–દરબાર શ્રીસુરજમલજીને તેડાવી, તેમના-

દ્વારા મહારાજશ્રીને વિનતિ કરાવી. મહારાજશ્રી પણ સર્વેનો તિરસ્કાર કરી શક્યા નહિ અને દવા કરાવવાની હા પાડી. શેઠ મંગળદાસ ગીરધરદાસના બંગલામાં ઑપરેશન કરવાનું નક્કી થયું અને મુંબઇથી સરજનને બોલાવવામાં આવ્યા. ઑપરેશન કરતાં પહેલાં ડૉક્ટરે ક્લૉરોફૉર્મની શીશી સૂંઘાડવાની વાત કહી. એટલે મહારાજશ્રીએ જવાબ આપ્યો કે, "શીશી સૂંઘાડવાની કશી જરૂર નથી. આપ આપનું કામ ખુશીથી કરો. જ્યાંસુધી કામ ચાલુ રહેશે ત્યાંસુધી આ શરીર જરા પણ હાલશે નહિ." તે પછી મહારાજશ્રી ધ્યાનસ્થ થયા અને ડૉક્ટરે ઑપરેશન કર્યું ત્યાંસુધી નિર્જીવ પ્રતિમાની માફક બેસી રહ્યા. ઑપરેશનનું કામ પૂરું થયાની વાત ભક્તોએ મહારાજશ્રીને કરી, ત્યારે તેમણે નેત્રો ખોલ્યાં. ડૉક્ટર પણ એમની આ સહનશક્તિ જોઇ દિગ્મૂઢ બની ગયા! આ ઑપરેશનથી એક મહિને એમને આરામ તો થયો; પરંતુ તે પછી બીજી ગાંઠ નીકળી. ડૉક્ટરે ફરી તપાસી જોયું અને તેમણે એવો અભિપ્રાય આપ્યો કે, હવે જો ઑપરેશન કરવામાં આવશે તો વારાફરતી સાત ગાંઠો નીકળશે અને દરેક વખતે ઑપરેશન કરવાની જરૂર પડશે. આથી બીજીવાર ઑપરેશન કરાવ્યું નહિ.

તે પછી બરાબર સાત મહિના શ્રીયુત મંગળદાસના બંગલે રહ્યા બાદ મહારાજ પોતાના મૂળ સ્થાનકે પાછા ફર્યા. એમની અશક્તિ દિવસે દિવસે વધતી જતી હતી; આથી ડૉક્ટરોએ એમને ખુલ્લી હવામાં ફરવાની સલાહ આપી. એમને પોતાને તો એમ જણાઇ ચૂક્યુંજ હતું કે, આ બધા પ્રયાસો હવે નિષ્ફળ છે. છતાં ભક્તજનોના અતિ આગ્રહને લીધે એઓ શેઠ ત્રીકમભાઈની ગાડીમાં બેસી કૅમ્પ તરફ ફરવા જતા અને ત્યાં થોડુંક પગે પણ ચાલતા.

કૅમ્પમાં રહેતા ગોરા લોકો પણ એમનાં મુખારવિંદનાં દર્શન કરી નમ્ર બની જતા હતા. મહારાજશ્રીની ગાડી દેખતાંજ કલબમાં બેઠેલા યુરોપિયનો ઊભા થઇને એમને માન આપતા. એ લોકોને આવી તસ્દી આપવા મહારાજ ઇચ્છતા નહોતા, એટલે એમણે ફરવા જવાનો રસ્તો બદલ્યો. આથી તો પેલા ગોરા લોકો ઊલટા નારાજ થયા. પોતાને માટે મહારાજે રસ્તો બદલ્યો છે, એવી વાત જ્યારે તેમના જાણવામાં આવી, ત્યારે તેમણે મહારાજને સંદેશો કહેવડાવ્યો કે, “આપ જો આ રસ્તે નહિ પધારો તો જે રસ્તે આપ પધારશો, ત્યાં અમે આવીશું. પરંતુ આપનાં દર્શન તો જરૂર કરીશુંજ.” આ સાંભળી મહારાજશ્રી મૂળ રસ્તેજ પાછા ફરવા જવા લાગ્યા.

એક દિવસે મહારાજશ્રી કૅમ્પમાં ફરતા હતા. સાથે એક માણસ હતો. સામેથી એક ગોરો સાઈકલ પર બેસી પૂર ઝડપથી આવતો હતો. મહારાજશ્રી સન્મુખજ હોવાથી તેણે સાઇકલ એકદમ રોકી; પરંતુ એમ કરવાથી તે ગબડી પડ્યો. આથી તેના મનમાં ઘણો ગુસ્સો ચડ્યો. ક્રોધમાં તેણે ઊભા મહારાજશ્રી તરફ જોયું. મહારાજશ્રી તો હાથ જોડીને ઊભા થઈ હતા. એ જોતાંજ પેલા ભાઇનો ગુસ્સો ઊતરી ગયો અને પછી મહારાજશ્રીને સાષ્ટાંગ દંડવત્ કરી ચાલતો થયો.

આવી આવી તો કેટલીય બાબતોથી એ મહાત્માનું જીવન ભરપૂર હતું. નિરપેક્ષતા, ભગવત્પરાયણતા, સુખદુઃખાદિ દ્વન્દ્વોથી પર દ્વન્દ્વરહિતપણું, નિર્મમત્વ, સમદૃષ્ટિ, શાંતિ, અપરિગ્રહ વગેરે સર્વે ગુણો તેમનામાં સંપૂર્ણ રીતે ખીલેલા હતા. એમનું જીવન અન્યને માટેજ હતું અને એથીજ એમણે પ્રાણીમાત્રના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું.

આખરે એ દિવસ આવ્યો કે, જેની એ મહાત્મા રાહ

જોઇ રહ્યા હતા. એ સંવત ૧૯૬૮ ના કાર્તિકની કૃષ્ણ તૃતીયાનો દિવસ હતો. આગલે દિવસે મહારાજશ્રી પોતાના નિત્યનિયમ મુજબ સાંજના સમયે ફરવા ગયા હતા. પ્રાતઃકાળના ત્રણ વાગે નિત્યનિયમ મુજબ ઊઠીને સ્નાનાદિ કાર્યથી પરવારી ધ્યાનમાં બેઠા; ત્યાંસુધીમાં એમની નિકટમાં રહેતાં માણસોને પણ માલૂમ ન હતું કે, ઘડી પછી શું થવાનું છે? મહારાજની તો એ આખરનીજ ધ્યાનાવસ્થા હતી. લગભગ પાંચ વાગતાં એમનો મહાન આત્મા આ નશ્વર શરીરનો ત્યાગ કરી ચાલ્યો ગયો.

સવાર થતાંજ તો આ વાત આખાય શહેરમાં ફેલાઇ ગઈ. એમનાં અંતિમ દર્શન માટે માનવ–મહાસાગર ઊલટ્યો. સારાય શહેરમાં હડતાલ પડી હતી. આબાલવૃદ્ધ સૌને મોઢે માત્ર એ એકજ વાત ચર્ચાઇ રહી હતી. મહારાજશ્રીના નિશ્ચેતન દેહને પાલખીમાં પધરાવી દુધેશ્વરને આરે લઇ જવામાં આવ્યો અને ત્યાં ચંદનકાષ્ઠની ચિતામાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. એમની શ્મશાનયાત્રામાં શહેરનાં પ્રતિષ્ઠિત તેમજ બીજાં હજારો માણસોએ ભાગ લીધો હતો.

તેમની ઉત્તરક્રિયા સારી રીતે કરવામાં આવી હતી. મંદિરમાં તેમની ગાદી સ્થાપવામાં આવી અને તેનાં દર્શનનો લાભ આજ પણ અનેક ભક્તો લે છે. **તેમના સ્મરણ તરીકે તેમની મૃત્યુતિથિને દિવસે શહેરમાં હડતાળ પાડવામાં આવે છે, મંદિરમાં શ્રીમદ્ ભાગવતની સપ્તાહ થાય છે અને ભક્ત લોકો તેમને સંભારી સંભારીને અનેક પ્રકારનાં પુણ્યદાન કરે છે.**

એ મહાપુરુષને અનેકાનેક પ્રણામ, કે જેમના જીવનના પ્રસંગો આજ પણ અમને સાચા ત્યાગ અને પરોપકારના માર્ગે દોરે છે.

૧—શ્રીસરયુદાસ મહારાજનાં સંસ્મરણો

(મહારાજશ્રીના જીવનમાંથી અનેક બોધદાયક પ્રસંગો મળે એમ છે; પરંતુ તેમની હયાતીમાં એની નોંધ થયેલી નહિ હોવાથી તેની સળંગ નોંધ મળી શકતી નથી. એટલે કેટલાક ભક્તો કે જેમણે તેમના સત્સંગનો લાભ લીધો હતો અને હજી જેઓ હયાત છે તેમણે લખાવેલા છૂટા છૂટા પ્રસંગો અહીં ઉતાર્યા છે.)

મહારાજશ્રી ગામ બાવળા જતા ત્યારે ત્યાંના શ્રીહનુમાનજીના મંદિરમાં મુકામ કરતા. એ ગામના એક ડુંગરભક્તને મહારાજશ્રીનો સત્સંગ લાગવાથી તેમણે સંસારનો ત્યાગ કરેલો. આથી એ ભક્તના ભાઈ મહારાજશ્રીને લાકડી લઈ મારવા દોડી આવ્યા. એ વખતે મહારાજ આરતી ઉતારતા હતા. ડુંગરભક્તના ભાઇને ત્યાં દોડી આવેલો જોઈ બીજા સાધુઓ ગભરાયા અને તેમણે મહારાજશ્રીને એ વાત કહી. આથી જરાય ન ગભરાતાં એમણે સર્વે સાધુઓને જવાબ આપ્યો કે, " કોઇએ ગભરાવાનું કારણ નથી; આ શરીરને તેઓ ભલે માર મારે." એટલામાં તો ડુંગરભક્તના ભાઈ ત્યાં આવી પહોંચ્યા. મહારાજે તેમને જોયા એટલે શ્રીહનુમાનજી સામેથી આરતી ખસેડી તેમની આરતી ઉતારવા લાગ્યા. પેલા ભાઇનો ક્રોધ તો કોણ જાણે ક્યાંએ શમી ગયો અને ઊલટો મહારાજશ્રીને સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યો.

× × × ×

મહારાજશ્રી એક સમયે બાવળાથી અમદાવાદ પધારતા હતા. મોરાર નામના એમના એક ભક્તે એ સમયે એમને થોડાક વધુ દિવસ રોકાઇ જવા વિનતિ કરી; પરંતુ મહારાજ રોકાયા નહિ. એટલે મોરાર ભક્ત તેમના જવાના રસ્તા વચ્ચે સૂઇ ગયા

અને કહ્યું કે "પધારવું હોય તો મારા શરીર ઉપર પગ મૂકીને પધારો." ભક્તનો આવો પ્રેમ જોઈ તેમનું હૃદય દ્રવી ઊઠયું અને તરતજ તેઓ ત્યાં રોકાઈ ગયા!

× × × ×

બાવળા જતા ત્યારે ગામમાંથી વારાફરતી દરેક પાટીદારને ત્યાંથી મહારાજશ્રીને માટે ભોજન આવે એવી ગોઠવણ થયેલી હતી. મહારાજશ્રી પાસે એક પિત્તળનો દાબડો હતો. તે ભિક્ષા આપનાર માણસ લઇ જતો અને તેમાં નિયમ મુજબ ભિક્ષા લઇ આવતો. એક દિવસ એક સજ્જને રોટલી ઉપર વધારે ઘી ચોપડીને મોકલી હતી. ભોજન સમયે દાબડો ઉઘાડતાંજ એ તરફ મહારાજનું ધ્યાન ગયું એટલે જમ્યા સિવાય તેમણે એ દાબડો બંધ કરી એક ખીંટી પર લટકાવી દીધો અને પોતાના સાધુમંડળને જણાવ્યું કે, "પ્રભુએ આજે ઉપવાસ કરવાની આજ્ઞા આપી છે."

રાત્રે જ્યારે બીજા ભકતે તે દાબડો લઇ જવા માટે ખીંટી પરથી ઉતાર્યો તો ભારે જણાયો. ઉઘાડીને જોયું તો ભોજન જેમનું તેમ જોતાં તેના આશ્ચર્યનો પાર ન રહ્યો! તેણે મહારાજશ્રીને પૂછયું: "આજે પ્રસાદ નથી લીધો?" મહારાજશ્રીએ જવાબ આપ્યો કે "ના, પ્રભુની આજ્ઞા નથી."

"કારણ?" તે ભગતે પૂછયું.

"કારણ એજ કે, રોટલી ઉપર ઘી વધારે ચોપડેલું છે. એ પ્રસાદ ન લેવાય. ભક્ત તેમનાં છોકરાંને રોજ આ રીતે ખવડાવે છે?" મહારાજશ્રીએ જવાબ આપી સામો પ્રશ્ન કર્યો.

"મહારાજ! તે તો રોજનાં ખાનાર છે અને આપે તો માત્ર આજનોજ દિવસ (ભિક્ષા લેવાની) કૃપા કરી છે." ભક્તે જણાવ્યું.

"એમ ન માનો." મહારાજે કહ્યું: "તમારી ઇચ્છા જો મને

જમાડવાનીજ હોય, તો તમારાં છોકરાંને જેવું આપો છો તેવુંજ મને આપો; નહિ તો ઉપવાસ કરીશું.”

ભક્ત તો આ સાંભળી ઠંડોજ થઇ ગયો. ત્યાર પછી કોઈ પણ ભક્તે તેમની ઇચ્છાવિરુદ્ધ કાંઇ પણ કર્યું નથી.

× × × ×

અમદાવાદમાં મુરલીધરના મંદિરમાં મહારાજશ્રી નિત્ય કથા કરતા હતા. હમેશાં પ્રાતઃકાળમાં વહેલા ઊઠીને નદીએ સ્નાનાદિ માટે જતા હતા. પોતાના નિત્યનિયમ મુજબ એક દિવસ એ નદીએ ગયા હતા, ત્યાં કોઇએક રોગી માણુસ એમની નજરે ચડ્યો. એટલે તેઓ તેની સેવામાં રોકાઈ ગયા. કથાનો સમય થઈ ગયો હતો; છતાં મહારાજશ્રી એ રોગી પુરુષ પાસેથી ઊઠ્યા નહિ. છેવટે કથાસમય પણ વીતી ગયો. પછી નદીએ જઈ પાછા ફર્યા ત્યારે કથામાંથી પાછા ફરતાં માણુસો તેમને મળ્યાં. આજની કથાનાં તેઓ ઘણાં વખાણ કરતાં હતાં. મહારાજશ્રી તો આ સાંભળી અત્યંત આશ્ચર્ય પામ્યા. સામા મળેલા ભક્તોમાંના કેટલાકને તેમણે પૂછ્યું કે,–“હું તો નદી ઉપર એક રોગી માણુસની સેવામાં હતો, ત્યારે કથા કોણે વાંચી?” તે લોકો પણ આશ્ચર્યને વશ થઇ કાંઇ જવાબ આપી શક્યા નહિ.વિચાર કરીને મન સાથેજ તેમણે નિશ્ચય કરી લીધો કે, “નક્કી પરમકૃપાળુ પરમાત્માએજ આજે તસ્દી લઇ મારું સ્વરૂપ ધારણ કરી કથા વાંચી છે!” તેઓ મનમાં ને મનમાંજ પ્રભુની ક્ષમા યાચવા લાગ્યા.

× × × ×

અમદાવાદ શહેરના ભંગીઓએ એક વખત પગારના વધારા માટે હડતાળ પાડી. ત્રણ દિવસ સુધી આ હડતાળ લંબાઇ. દરમિયાન જાજરૂ પણ સાફ કરવામાં આવતાં નહોતાં, તેથી આખા

શહેરમાં દુર્ગંધી ફેલાઈ રહી હતી. મહારાજશ્રીની સાથે બીજા દસ માણસો એ સમયે મંદિરમાં રહેતા હતા. ત્યાંના જાજરૂમાં ઘણી બદબો આવવા લાગી. આથી કોઇને ખબર ન પડે તેવી રીતે એક દિવસ રાત્રે ત્રણ વાગે ઊઠીને મહારાજશ્રીએ જાતે જાજરૂ સાફ કરીને સ્નાન પણ કરી લીધું. સવારમાં બીજા બધા ઊઠ્યા અને જાજરૂ સાફ જોઇ પરસ્પર પૂછવા લાગ્યા કે, "એ કામ કોણે કર્યું ?" સૌએ જવાબ આપ્યો કે, "અમે કોઇ કાંઇ જાણતા નથી!" આથી એમને ચોક્કસ ખાત્રી થઇ કે, મહારાજ-શ્રીએજ એ કામ કરેલું હોવું જોઇએ. તેમણે સર્વેએ એકત્ર થઇને મહારાજને કહ્યું કે, "બાપજી! આપે આ કામ ઠીક કર્યું નહિ." ત્યારે મહારાજે જવાબ આપ્યો કે, "એમાં ખોટું શું થયું છે? આ શરીરનું જાજરૂ આપણે રોજ સાફ કરીએ છીએ; ત્યારે આ તો મેં આજેજ સાફ કર્યું છે! ભાઇઓ! આખું જગત પરમાત્માનું સ્વરૂપ છે. આપણે નિષ્કામભાવે જે સેવા કરીએ તેજ પ્રભુને પહોંચે છે!!"

× × × ×

મહારાજશ્રીને માટે દરરોજ ભિક્ષાનો દાબડો આવતો હતો. તેમાંથી અરધોઅરધ પોતાના ગુરુભાઇને (જે પાસેના મંદિરમાં રહેતા હતા તેમને) આપતા અને બાકીની ભિક્ષા પોતે રાખતા. એક દિવસે એક રામરસની કુલડી આવેલી, જે એમના ગુરુ-ભાઇએ રાખી લીધી. મહારાજશ્રીને એ વાતની ખબર પડી ત્યારે એમણે તેમને ઠપકો આપતાં કહ્યું કે "આમ કરવાથી આપણે પ્રભુના અપરાધી થઇએ છીએ. ભિક્ષામાં જે કાંઇ આવે તેજ આપણે જમી લેવું જોઇએ. એ કુલડી કાઢી નાખો!"

× × × ×

પાટડી દરબારના કુટુંબમાં થયેલા એક અમરદાસ નામના

સંત પુરુષ એક સમયે મહારાજશ્રીની મુલાકાતે આવ્યા. તેઓ એકાએક માંદા પડયા અને દિન પ્રતિદિન તેમની માંદગી વધવા લાગી અને છેવટે એટલી વધી પડી કે, આખરસ્થિતિએ આવી પહોંચેલા જણાવા લાગ્યા. એક દિવસ તેમની ગંભીર સ્થિતિ જોતાં કથામાં આવનાર ભક્ત લોકોએ એ રાત્રે અમરદાસજીની સેવામાં રહેવા આવવા માટે ઇચ્છા જણાવી. પરંતુ મહારાજશ્રીએ ના પાડી. ભક્ત લોકોએ જણાવ્યું કે, "જરૂર પડે તો રાત્રે અમને ખબર આપજો." મહારાજશ્રીએ કહ્યું: "બહુ સારું."

એ રાત્રે અમરદાસજીની પ્રકૃતિ વધુ બગડતીજ ચાલી અને બરાબર મધ્યરાત્રીએ એમણે છેલ્લો શ્વાસ લીધો. આ વખતે મંદિરમાં થોડાક માણસો હતા. મહારાજશ્રીએ તેમને જણાવ્યું કે, "સવાર થતાં શહેરમાં ખબર પડશે તો ઘણા લોકો એકઠા થઇ જશે. એ બધાને તસ્દી આપવી એ પણ ઠીક નથી, માટે આપણે જેટલા છીએ તેટલા શ્મશાને હમણાંજ પહોંચી જઇએ." આમ કહી રાતના બે વાગે શબ ઉપાડીને દુધેશ્વર પહોંચ્યા. અગ્નિસંસ્કાર કરીને સવાર થતાંમાં તો સર્વે પાછા આવી પહોંચ્યા. લોકોએ સવારમાં જ્યારે આ વાત જાણી ત્યારે મહારાજશ્રીને વિનતિ કરી કે, "આપે આ શું કર્યું?" મહારાજશ્રીએ જવાબ આપ્યો કે, "બે હજાર માણસોને તસ્દી આપવી એ ઠીક નહિ. લોકો કામધંધામાં હેરાન થાય અને બપોર સુધી ભૂખ્યા રહે, તેમજ કથા પણ બંધ રાખવી પડે, તે કરતાં તો અમે થોડા માણસો હેરાન થઇએ એમાં શું ખોટું?"

× × × ×

એક દિવસ રાત્રીના સમયે મહારાજશ્રીને વીંછી કરડ્યો; પરંતુ એ વાતની કોઇને ખબર પડવા દીધી નહિ. પોતે આખી રાત પથારીમાં બેસી રહ્યા અને વીંછીના ડંખની વેદના કંઇ

પણ બોલ્યા સિવાય ભોગવી લીધી! આવા તો તેઓ સહન-શીલતાવાળા હતા.

× × × ×

રાજા મહેતાની પોળ–કાલુપુરમાં રહેતા ભક્ત મોતીલાલ-ભાઇ એક સમયે રૂપિયા ચાર હજારની થેલી મજૂર પાસે ઉપ-ડાવી મહારાજશ્રીને આપવા આવ્યા. મહારાજના ચરણ પાસે એ રૂપિયા ધરી ભગતે કહ્યું: "આ રૂપિયા તમને યોગ્ય લાગે તે કામમાં વાપરજો." મહારાજશ્રીએ જવાબ આપ્યો કે, "તમે અમને ઉપાધિમાં ક્યાં નાખો છો? આપ પાછા લઇ જાઓ, અમારે એ ન જોઇએ. કોઇ લાયક પુરુષ મળી આવશે તો તેને આપની પાસે મોકલીશું અથવા તો આપને ઠીક જણાય તેવાં બીજાં કાર્યોમાં વાપરજો." એમ કહી તેમણે એ રૂપિયા સ્વીકાર્યા નહિ.

× × × ×

દરિયાપુર–વાડીગામ ડખાની પોળની એક ડોશી એક સમયે ચારસો રૂપિયા રોકડા લઇ આવ્યાં અને મહારાજને અર્પણ કરી બોલ્યાં: "મારું શરીર હવે સારું રહેતું નથી. દિવસે દિવસે ઘસાતું ચાલે છે અને હવે બહુ બહુ તો ચારેક માસ જીવાશે. મારી પાસે જે કાંઇ પૂંજી છે, તે આપને અર્પણ કરું છું. આપ આપની મરજી મુજબ એ રકમનો ઉપયોગ કરો."

મહારાજે કહ્યું: "બહુ સારું. પરંતુ હાલ તો તમે એક મારી આજ્ઞા માનો." એમ કહી, ત્યાં બેઠેલા ભક્ત શાહ ચકા-ભાઇ નારણભાઇને કહ્યું કે, "તમે બીજા ચારસો રૂપિયા લાવીને આ ડોશીમાને આપો; એટલે બધા મળીને આઠસો રૂપિયા એમની પાસે થશે."

આ સાંભળતાંજ ડોશીમા બોલી ઊઠ્યાં: "બાપજી! મારે એટલા બધા રૂપિયાની શી આવશ્યકતા છે? હજુ બીજા ત્રણસો

રૂપિયા તો મારી પાસે છે અને તે આ શરીર ટકતા સુધીને માટે ઘણા છે."

ત્યારે મહારાજે કહ્યું કે, "વખતે શરીર પડે નહિ ને સાજું થાય, ત્યારે તમે શું કરશો ? શું ભીખ માગવા જશો ? માટે હમણાં તો એ રૂપિયા પાછાજ લઈ જાઓ."

ડોશીમા નિરુપાયે એ રૂપિયા પાછા લઇ ગયાં. દૈવયોગે તેમનું શરીર દિવસે દિવસે સુધરવા માંડ્યું. પછીએક દિવસ મહાત્મા-એ તેમને કહ્યું: "ડોશીમા ! તમે તો હવે સાજાં થઇ ગયાં ! રૂપિયા વપરાઇ ગયા હોત, તો શું કરત ? હવે પછી કોઇ દિવસ આવું વગરવિચાર્યું કામ કરશો તો દુઃખી થશો."

× × × ×

સાંકડી શેરીમાં રહેતા શેઠ કસનદાસ, મહારાજશ્રીના પરમભક્ત હતા અને મહારાજશ્રી જ્યારે આજ્ઞા આપે, ત્યારે તેમને માટે સાદી ભિક્ષા લાવતા. એક દિવસ શેઠની વર્ષગાંઠ હતી. તે દિવસે ભિક્ષામાં શેઠ લાડુ લાવ્યા. આ જોઇ મહારાજે તેજ દિવસથી ભિક્ષા મગાવવી બંધ કરી દીધી. શેઠે ઘણા કાલા-વાલા કર્યા, ત્યારે તેમની પાસે પોતે કબૂલ કરાવ્યું કે, "હવેથી કોઇ પણ દિવસ પાકી ભિક્ષા નહિ લાવું અને જો લાવું તો ભિક્ષા બંધ કરવી."

× × × ×

ઢાલની પોળમાં રહેતા શાહ ચકાભાઇ નારણદાસ, મહા-રાજશ્રીના પરમભક્ત હતા. છપ્પનિયા દુષ્કાળ વખતે મહારા-જશ્રીને એમણે કહ્યું કે, "કાંઈ સેવા હોય તો બતાવજો." ત્યારે મહારાજશ્રીએ પૂછ્યું: "લોકો પાસે તમારું લેણું કેટલુંક ખેંચાય છે ?"

ચકાશેઠે કહ્યું: "લગભગ ત્રીસ હજાર રૂપિયા."

"એટલા બધા શાથી ખેંચાય છે?" મહારાજે પૂછ્યું.

"તે લોકોની આપવાની શક્તિ ન હોવાથી ખેંચાયા કરે છે." શેઠે જવાબ દીધો.

"ત્યારે પહેલી સેવા તો એ કરો કે, તેમને ત્યાં જાઓ. તમારો લેણદાર તમને જે કાંઇ આપે તે લઇ લો અને જેની કાંઇ પણ આપવાની શક્તિ ન હોય, તેનું ખાતું ત્યાં ને ત્યાંજ માંડી વાળો. ઉપરાંત જેની પાસે પૂરતું ખાવાનું ન હોય તેને બાર માસ ચાલે એટલું અનાજ અપાવો." મહારાજશ્રીએ એમ કહીને સેવા બતાવી!

શેઠે પણ તેમના કહેવા પ્રમાણેજ કર્યું. ત્રીસ હજાર રૂપિયા માંડી વાળ્યા અને વધારામાં દાન કર્યું તે તો જુદું.

× × × ×

ઝાંપડાની પોળમાં પટેલ ત્રીકમદાસ ગોપાલદાસ નામના એક સજ્જન કાપડનો વેપાર કરતા હતા. તેમના મોટા ભાઇનું નામ રણછોડભાઇ હતું. તેમના મકાનની પાસેજ ભક્ત ગીરધરભાઇ રહેતા હતા. જે હમેશાં મહારાજશ્રીની કથા સાંભળવા જતા હતા. એ ભક્ત કથામાંથી ઘેર આવતા ત્યારે આ બન્ને ભાઈ ઊઠીને દાતણ કરતા હોય! તેઓ ભક્તને જોઈ મશ્કરીમાં કહેતા કે, "શ્રીસરયુદાસજી મહારાજના મંદિરનાં પગથિયાં ઘસી નાખ્યાં તોપણ ભગતનું તો કાંઇ વળ્યું નહિ!" ભક્ત આના જવાબમાં જણાવતા કે, "ભાઇ, એક દિવસ તો કથામાં પધારો!" ત્યારે તેઓ કહેતા કે, "ના ભાઇ, અમારે ભગત નથી થવું. અમારાથી સવારમાં એટલા વહેલા ઉઠાય પણ નહિ."

એવામાં એક દિવસે દૈવસંયોગે રણછોડભાઈ કથામાં જઇ ચઢ્યા. મહારાજશ્રીની વાણીની તેમના પર એટલી બધી અસર થઇ કે, એકજ દિવસના કથાના શ્રવણથી તેમના હૃદયના ભાવો પરિ-

વર્તન પામ્યા. ઘેર આવીને તેમણે ત્રીકમભાઇને કહ્યું: "મહારાજશ્રીનો સમાગમ કરવા જેવો છે." બીજે દિવસે બન્ને ભાઇઓ સાથે ગયા. એ પછી તો તેમને કથા સાંભળવાનો એવો રંગ લાગ્યો કે, તેઓ બંને ભાઈ નિયમિત કથામાં આવવા લાગ્યા અને મહારાજશ્રીના પરમભક્ત બની ગયા.

એક દિવસ તેમણે મહારાજશ્રીને કહ્યું: "અમારા લાયક જે કાંઈ સેવા હોય તે બતાવવાની કૃપા કરો." ત્યારે મહારાજે જણાવ્યું કે, "તમારી જે આવક હોય તેમાંથી ચાર આની ધર્માદા કાઢો ને સાધુ-સંત, ગરીબ-દુઃખી તથા નિરાધારોને અન્નવસ્ત્ર આપો."

બન્ને ભાઇઓએ મહારાજશ્રીની આજ્ઞા માથે ચઢાવી. જેમ જેમ તેઓ વધુ ધર્માદા કરવા લાગ્યા, તેમ તેમ તેમની આવક પણ વધતી ચાલી. એવામાં મોટા ભાઈ દેવલોક પામ્યા. આ સમયે એમની પાસે શુમારે પોણો લાખ રૂપિયાની મિલકત હતી. ભાઈના અવસાન બાદ ત્રીકમભાઈએ એક દિવસ મહારાજશ્રીને વિનતિ કરી કે, "હવે વેપાર તરફ મારું લક્ષ નથી, માટે એ બંધ કરીને મિલકતના વ્યાજમાંથી ખર્ચ ચલાવવાનો મારો વિચાર છે." આ સાંભળી મહારાજે જણાવ્યું કે, "દુકાનો કાઢી નાખવી એ વાજબી નથી. તમે આટલી ઉંમર સુધી કામકાજ કર્યાં કર્યું છે, એટલે હવે ઓરડીમાં બેસીને ભજન કરવાનું પણ તમારાથી બની શકવાનું નથી; માટે દુકાનો ચાલવા દો; એટલુંજ નહિ પણ એક દુકાન વધારે ઉઘાડો. ગુમાસ્તા રાખો ને તેમના ઉપર તમે દેખરેખ રાખો. ધર્માદામાં ચાર આનીને બદલે આઠ આની વાપરો અને બેચાર વરસ જુઓ. પછી ન ફાવે તો વેપાર બંધ કરજો પરંતુ ગુમાસ્તાઓ ઉપર દેખરેખ બરાબર રાખજો, નહિ તો દેવાળું કાઢવું પડશે."

ત્રીકમભાઇએ મહારાજશ્રીની શિખામણનું અક્ષરસઃ પાલન કર્યું. પરિણામે એમની આવક પ્રથમના કરતાં ત્રણ ચાર ગણી વધી ગઇ ! !

× × × ×

શ્રીસરયુદાસજી મહારાજ રહેતા હતા તે મંદિર ઘણું જીર્ણ હતું અને છાપરાની વળિયો પણ ભાંગવા માંડી હતી. એ જોઇ શેઠે નવેસરથી મંદિર બંધાવવાની મહારાજશ્રી પાસે આજ્ઞા માગી. મહારાજશ્રીએ જવાબ આપ્યો કે, "હાલ બંધાવવાની કાંઈ આવશ્યકતા નથી. ચાલે ત્યાં સુધી ચાલવા દો." કેટલાય દિવસ આમ ને આમ નીકળી ગયા. એક દિવસ મહારાજશ્રી પ્રસાદ લેવા બેઠા હતા. ને ઉપર–છાપરામાંથી નેવું પડયું. અન્નક્ષેત્રનાં માણસોએ શેઠને ઘેર જઈ આ વાત કહી. એ સાંભળતાંજ શેઠ દોડતા આવ્યા ને બાપજીને કહ્યું: "હવે તો નવું બંધાવવાની આજ્ઞા આપો!" મહારાજશ્રીએ કહ્યું: "ના ભાઈ, અમે તો ઝાડ નીચે રહેવાવાળા તેને બદલે અહીં મંદિરમાં રહેવાનું મળ્યું એટલે ઘણો આનંદ છે. જંગલમાં તો જીવજંતુનો પણ ભય રહે; ત્યારે અહીં તો આનંદથી ભજન પણ થાય છે! આપની આ દયા ઓછી છે!" શેઠે કહ્યું: "બાપજી! આવું આવું બોલી અમને અપરાધી ન બનાવો. મંદિર હું કયાંથી લાવ્યો? આ શરીર પણ મારું નથી, તો પછી મંદિરની તો વાતજ શી કરવી?" મહારાજે કહ્યું: "શેઠજી! મંદિર સુધરાવવામાં પાંચેક હજાર રૂપિયા ખરચાઈ જાય અને તેથી પાંચ સાધુઓ ઓછા જમે. એટલે આપની ઇચ્છા આ મંદિર નવેસરથી તૈયાર કરવાની હોય, તો તમારા ઘરના રૂપિયા ખરચીને તમારી અનુકૂળતાએ કરાવજો. હાલ તેની કાંઇ ઉતાવળ નથી."

શેઠે આ સાંભળી જવાબ આપ્યોઃ "હું તો માત્ર આપની

આજ્ઞાની રાહ જોઉં છું. આપની આજ્ઞા મળે એટલે મારી અનુકૂળતાજ છે." મહારાજે જણાવ્યું કે, "જેવી તમારી મરજી."

આજ્ઞા મળતાંજ શેઠે, મંદિરનું મકાન ઉકેલાવ્યું અને બાર હજાર રૂપિયાના ખર્ચે નવેસરથી મંદિર તૈયાર કરાવ્યું.

× × × ×

જાદા ભગતની પોળમાં રહેતા ખિલાડીવાળા શેઠ મનસુખરામ બીમાર પડ્યા હતા. મહારાજશ્રી ઉપર તેમનો અનન્ય પ્રેમ હતો. પોતાની બીમારી દરમિયાન મહારાજશ્રીને તેમણે ઘણી વાર કહેવડાવેલું કે, "એક વખત તો સેવકને દર્શન આપવાની કૃપા કરો!"

ભક્તનો એવો પ્રેમ જોઇ પોતે એક દિવસ રાત્રે આઠેક વાગતાં નીકળ્યા. સાથે એક ભક્તને લીધો અને તેને કહી રાખ્યું કે, "તમારે કાંઇ બોલવું નહિ. દૂરથી માત્ર આંગળીથી મને ભક્તનું ઘર બતાવી દેજો." ભક્તે એ પ્રમાણેજ કર્યું. મકાનનાં દ્વાર બંધ હતાં, એટલે દ્વાર પાસે જઇ મહારાજ બોલ્યાઃ "એક અભ્યાગત સાધુ ભૂખ્યો છે; કાંઈ ખાવાનું હોય તો આપો."

અંદરનાં માણસો જાગતાં હતાં, તેમાંના કોઇએકે જવાબ આપ્યો, "શેઠ બીમાર છે, પોળમાં બીજાં ઘણાં ઘર છે માટે આગળ જા." મહારાજ આ સાંભળી બોલ્યા કે, "ઘર તો ઘણાં છે, પણ શેઠનું ઘર તો આજ છે ને? માટે ભિક્ષા આપો. શેઠ બીમાર છે, પરંતુ ભિક્ષા આપનાર તો બીમાર નથી ને?" આ સાંભળી મકાનની અંદરનાં માણસોએ કેટલાક તિરસ્કારના શબ્દો પણ કહ્યા; જેવા કે "છાનોમાનો ચાલ્યો જા; તારા જેવા તો ઘણાય સાધુ આવે છે" વગેરે. એવામાં પોળની એક બાઇ શેઠની તબિયતના સમાચાર પૂછવા આવી ચડી. આ

બાઈ નિત્ય મહારાજશ્રીની કથામાં જનાર હતી, એટલે બહાર અંધારું હોવા છતાં તેણે મહારાજશ્રીને ઓળખી લીધા. મકાનનાં દ્વાર ઉઘાડી તે અંદર ગઈ અને માણસોને કહ્યું: "બહાર મહારાજશ્રી જેવું કોઈ જણાય છે!" એ સાંભળતાંજ ફાનસ લઈને અંદરનાં માણસો બહાર આવ્યાં; ત્યાં તો મહારાજશ્રીને જોતાંજ સર્વે સ્તબ્ધ બની ગયાં. સૌ તેમના ચરણમાં પડયાં ને માફી માગવા લાગ્યાં. મહારાજશ્રીએ કહ્યું, "કથા સાંભળીને આવું વ્રત લેવું એ સારું નથી."

ત્યારથી રાત્રે કે દિવસે જે કોઈ સાધુ–સંત તેમને ત્યાં જતો તેને ભિક્ષા મળતીજ. આ બનાવ પછી ભક્તોનાં હૃદયમાં ધાક બેસી ગઈ હતી કે, રખેને મહારાજશ્રી પરીક્ષા લેવા પધારે!

× × × ×

શ્રીલાલદાસ મહારાજના મંદિરનો ઓટલો ઘણો ઊંચો હોવાથી એક દિવસ એક સાધુ પડી ગયો અને તેને સખ્ત વાગ્યું. શ્રીસરયુદાસજી મહારાજને ખબર પડતાંજ તેમને ઘણું દુઃખ થયું. તરતજ તેમણે કોદાળી–પાવડો મંગાવ્યો અને પોતાને હાથે એક નવું પગથિયું તૈયાર કર્યું!

× × × ×

મહારાજશ્રીની કથા કહેવાની સરળ અને સચોટ પદ્ધતિથી આકર્ષાઈને ભિક્ષુ અખંડાનંદજી શ્રીસરયુદાસજી મહારાજના કથામૃતનું પાન કરવા જતા હતા. તેઓ થોડે દૂર એકાદ ખૂણામાં બેસી કથા સાંભળતા. શ્રીસરયુદાસજી મહારાજનું એમની તરફ ધ્યાન ખેંચાતાં પોતાની નજીકમાં બેઠેલા અન્ય સંતમહાત્માઓ-સાથે બેસવા તેમને કહેલું; પરંતુ પોતાની મહત્તા ન વધે અથવા મનમાં સાધુપણાનું અભિમાન રખેને આવી જાય, એ માટે ભિક્ષુ-

જીએ પૂર્વવત્ ખૂણામાંજ બેસવાનું ચાલુ રાખ્યું.

કથા સાંભળી લીધા પછી ભિક્ષુજી દરિયાપુરના અન્નક્ષેત્રમાં જઇને ભોજન લેતા. પ્રસંગોપાત્ત કોઈની સાથે વાત નીકળતાં ભિક્ષુજીએ જણાવેલું કે, અન્નક્ષેત્રમાં રસોઇ સારી થતી નથી. આ વાત શ્રીસરયુદાસજી મહારાજના કાને પહોંચી. પછી એક દિવસ કથા પૂરી થયા પછી મહારાજશ્રી જાતે અન્નક્ષેત્રમાં પધાર્યાં. ત્યાં ભોજન કરી રસોઇ માટે ખાતરી કરી જોઇ અને પછી રસોઇયાને પ્રેમથી મળ્યા અને ભોજન સારું બનાવવા માટે મીઠાશથી બે બોધવચનો કહી ત્યાંથી પોતાને સ્થાને ગયા. તે પછી ભોજન પણ સારું બનવા લાગ્યું.

× × × ×

ભિક્ષુજીએ મુંબાઇમાં 'સસ્તું સાહિત્ય કાર્યાલય 'નાં બીજ વાવ્યા હતાં તે સમયે એકાદ પુસ્તક પ્રસિદ્ધ થયેલું અને તે ખપી પણ ગયેલું તેની પુનરાવૃત્તિ તથા 'એકાદશ સ્કંધ' છપાતાં હતાં. પ્રસંગોપાત્ત તેમને અમદાવાદમાં પહેલું પુસ્તક છપાયાનો થોડો અનુભવ મળેલો તે બાદ કરતાં, નવાં પુસ્તકોના વેચાણની તથા કોઇ કારણે ખોટ જાય તો શું કરવું એવી ભીતિ તો તેમને રહેતીજ હતી. અને કદાચ ખોટ આવે તો મુશ્કેલી ઊભી થાય એથી ઘણીજ કરકસર રાખવી પડતી હતી. એ અરસામાં નાસિકના મોટા ભરાનારા મેળામાં જવાનો પૂ. સ્વામીજીનો વિચાર હતો. ખર્ચ માટે શ્રીસરયુદાસ મહારાજના મંદિરમાં જતાઆવતા એક સંન્યાસીને વાત કરેલી, તેમણે સરયુદાસ મહારાજને કાને વાત નાખી એટલે તેમણે ગુપ્ત રીતે પાંચ રૂપિયા એ સંન્યાસીની મારફત તેમને મોકલ્યા હતા, જેની પૂજ્ય સ્વામીજીને પાછળથી ખબર પડી હતી.

× × × ×

રાજામહેતાની પોળમાં દામોદર પારેખ નામના એક સજ્જન રહેતા હતા. મહારાજશ્રીને અન્નક્ષેત્ર માટે તેમણે ચાર હજાર રૂપિયા આપવાની પોતાની ઇચ્છા જણાવી. ત્યારે જવાબમાં મહારાજશ્રીએ કહ્યું કે, "રાયપુરમાં શ્રીરાધાવલ્લભના મંદિરમાં ઠાકોરજીને રાજભોગ મળવો પણ મુશ્કેલ થઇ પડે છે; એટલે એ રૂપિયા તમે ત્યાં આપો, અમારે રૂપિયાની જરૂર નથી!"

× × × ×

લીંબડીદરબાર સાહેબના નાયબ દીવાન મેઘાભાઇ રતનસિંહજી એક વાર મહારાજશ્રીને મળવા આવેલા; ત્યારે તેમણે કહ્યું કે, "મહારાણાનાં માતુશ્રી આપનાં દર્શનની ઇચ્છા રાખે છે, માટે આપ લીંબડી પધારો."

મહારાજશ્રીએ જવાબ આપ્યો કે, "દૂર રહ્યાં રહ્યાં ઝંખના કરવાથી જે લાભ મળે છે, તે રૂબરૂ મળવા કરતાં વધારે સારો છે, એવી માતુશ્રીને ખબર કહેજો."

આમ છતાં મેઘાભાઇએ ઘણોજ આગ્રહ કર્યો, ત્યારે તેમને કહ્યું કે, "કથાપ્રસંગે અહીં હજાર–દોઢ હજાર માણસ આવે છે. તે બધાંનાં મન દુખાવીને હું ત્યાં શી રીતે આવી શકું?"

× × × ×

અમદાવાદના એ વખતના એક ગોરા પોલીસ ઇન્સ્પેક્ટર સાહેબે મહારાજશ્રીને મળવા આવવાની ઇચ્છા જણાવેલી; પરંતુ મહારાજશ્રીને તે પસંદ ન પડવાથી મળવાની ગોઠવણ થવા દીધી નહિ.

× × × ×

છગનલાલ મહેતા ધનાસુતારની પોળમાં રહેતા હતા. તેમને એક પુત્ર હતો. મહેતા જાતે બ્રાહ્મણ હતા અને નાનીસરખી

એક નિશાળ ચલાવતા હતા. પૈસેટકે પોતે સુખી હોવા છતાં હૃદયના ઘણા કઠિન હતા. દયાનું તો નામ નહિ. ઘરમાં સ્ત્રી-વર્ગ ઉપર પણ જુલમ ગુજારે, માર મારે, કોઇનું કહ્યું માને નહિ અને જો કોઇ કહે કે, "જરા પ્રભુનો તો ડર રાખો!" તો એ જવાબ આપતા કે, "જોયા, જોયા, મોટા પ્રભુને!"

આ ભાઇને મણકીવાળા હીરાલાલ શેઠ, શ્રીસરયુદાસજી મહારાજની કથામાં આવવા ઘણો આગ્રહ કરતા; પરંતુ મહેતા જવાબ દેતા કે, "જોઇ, જોઈ, હવે કથા! એમાં તે શું છે?" છતાં શેઠે આગ્રહ કરવો ન છોડ્યો. રોજની રોજ આ એકની એક વાતથી મહેતાના દિલમાંય હરિ વસ્યા અને એક દિવસ તે કથામાં ગયા. સ્વામીજીની કથા સાંભળી, કથા સાંભળતાં સાંભળતાં એમનું હૃદય પીગળવા માંડ્યું અને આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. એમને પોતાનાં કુકર્મો યાદ આવવા માંડ્યાં અને ત્યાં ને ત્યાંજ પસ્તાવો થવા માંડ્યો. દૈવયોગે કથાપ્રસંગ પણ કંઇક એવોજ હતો એટલે એમને તેની સચોટ અસર થઇ ગઇ. કથા પૂરી થઈ અને મહારાજશ્રી પોતાની ઓરડીમાં પધાર્યા. હીરાલાલ શેઠ અને છગનલાલ મહેતા પણ તેમની પાછળ પાછળ ગયા. મહેતાએ પોતાનાં કુકર્મોની સઘળી કથા મહારાજશ્રીને કહી અને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. સ્વામીજીએ કહ્યું કે, "જાગ્યા ત્યાંથી સવાર. આજથી હવે નવું જીવન શરૂ કરો."

એ દિવસથી એમનો હૃદયપલટો થયો. પછી તો પોતાની તમામ મિલકત એમણે સ્વામીજીને અર્પણ કરવા માંડી ને કહ્યું: "પ્રભુ! મારી આ મિલકત છે તે આપ પરમાર્થના કામમાં આપની ઇચ્છાનુસાર વાપરજો." સ્વામીજીએ જણાવ્યું, "ભલે, એ મિલકત હવે હું તમને પાછી સોંપું છું. મારી આજ્ઞા માનજો અને હું કહું તેમ વાપરજો." તે પછી એમણે પોતાની તમામ

મિલકત વિદ્યાધ્યયન, અન્નદાન, વસ્ત્રદાન, દીનદુઃખીને મદદ કરવા વગેરે પરમાર્થનાં કામમાં વાપરી.

× × × ×

એક ભાઈને એવો નિયમ હતો કે, રોજ રાતે સૂતા પહેલાં એક વખત પણ મહારાજશ્રીનાં દર્શન તો કરવાંજ. એ ભાઇ કથામાં રોજ આવતા હતા. એક દિવસ રાતના બાર વાગી ગયા છતાં એ ભાઇ જણાયા નહિ. મહારાજશ્રી પોતાનાં આપ્તજનો પાસે એ ભાઇનેજ યાદ કરી રહ્યા હતા, એવામાં તે ભાઇ આવી પહોંચ્યા. સ્વામીજીએ પૂછ્યું: "કેમ, આટલું બધું મોડું થયું?" તેમણે કહ્યું: "મહેમાન આવ્યા હતા તેમને મૂકવા ગયો હતો." સ્વામીજીએ આ સાંભળી આશ્ચર્ય પામી પૂછ્યું: "મધરાતે મહેમાનને મૂકવા?"

તેમણે જવાબ આપ્યો: "એ મહેમાન વીસ વર્ષથી આવેલા હતા! લાંબા સમયથી આવેલા એટલે વખત પણ વધારેજ લાગે ને!"

સ્વામીજી સમજી ગયા ને બોલ્યા: "શું તમારો મોટો દીકરો ગુજરી ગયો?"

"હા, બાપજી! એકનો એક પુત્ર હતો, મોટો હતો, ગુણિયલ હતો."

એ ભાઈના મોઢા ઉપર શોકની છાયા, ક્લેશ કે અપ્રસન્નતા, કાંઈ જણાતું નહોતું.

સ્વામીજી તેમને જોઇ બોલી ઊઠ્યા: "સાચેજ, તમે કથા બરાબર સાંભળી છે!"

× × × ×

વીસનગરના અનવર કાજી પાલનપુરના નવાબના ગુરુ હતા. તેમણે " અનવર કાવ્ય " લખેલું છે. સ્વામીજીની કથામાં તેઓ ઘણી વખત આવતા અને કથા સાંભળી મુગ્ધ થઈ જતા.

× × × ×

મોરબી નાટક કંપનીના એક મેનેજર હતા, તે ઘણા ગુમાની હતા. એમણે સાતેક પ્રશ્નો તારવી રાખેલા. તેના અર્થ જેને તેને પૂછ્યા કરે અને એ રીતે સાચા સંતને શોધ્યા કરે. કોઈએક ભક્ત તેમને શ્રીસરયુદાસજી મહારાજની પાસે તેડી લાવ્યા. મહારાજશ્રી એ સમયે એક ભાઇ સાથે વાતચીત કરતા હતા. વાતમાં ને વાતમાં પેલા મેનેજર જે પ્રશ્નો પૂછવાના હતા, તેજ પ્રશ્નોના ખુલાસા મહારાજે પેલા ભાઇને સમજાવવા માંડ્યા. આ સાંભળી મેનેજર આશ્ચર્ય પામ્યા. તેમને મહારાજશ્રી ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થઇ અને સાચા ભક્ત બન્યા.

× × × ×

મહારાજશ્રીને વિષ્ણુસહસ્રનામ ઘણુંજ પ્રિય હતું. જે વિદ્યાર્થી એનો પાઠ કરે તેને એક સીધું મળે એવો ક્રમ તેમણે ગોઠવી રાખેલો હતો. તે વિદ્યાર્થીઓમાંના ઘણા આજે સમર્થ વિદ્વાનો છે. સંસ્કૃત ભાષા અને બ્રાહ્મણો પ્રત્યે તેમને ઘણો પ્રેમ અને પૂજ્યભાવ હતો.

× × × ×

પૂજ્ય સરયુદાસ મહારાજ એક દિવસ શાહપુર દરવાજે થઇને દુધેશ્વર જતા હતા; એમની સાથે રામ મહારાજ, ભૂધર ભક્ત તથા છોટાલાલ ભક્ત પણ હતા. માર્ગમાં એક ખેતરમાં ખેડૂત હુડા ટોવતો હતો. ખેડૂતની ગલોલમાંથી ગોળો છૂટ્યો અને એક હુડો ઘાયલ થઇ સરયુદાસ મહારાજના પગ પાસે આવી પડ્યો.

મહારાજનું અંતઃકરણ તે જોઈ દ્રવી ઊઠ્યું. તેમણે ખેડૂતને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું કે, "તમારા ખેતરમાં કેટલી બાજરી પાકે છે ?"

"ચાલીસ મણ." ખેડૂતે જવાબ આપ્યો.

"ચાલીસ મણથી ઓછી પાકે તો મારે પૂરી કરી આપવી; પરંતુ આજથી તમારે ગલોલ વાપરવી નહિ–અર્થાત્ ખેતરમાં હુડા ટોવા નહિ." મહારાજે જણાવ્યું. અને પછી ત્યાંથી તે ચાલ્યા ગયા.

ખેડૂતે પણ મહારાજશ્રીનાં વચનપર વિશ્વાસ રાખી ગલોલ વાપરવી બંધ કરી અને ચાલીસને બદલે પાંસઠ મણ બાજરીનો પાક ખેતરમાંથી ઊતર્યો. ખેડૂતે વીસ મણ બાજરી મહારાજને ભેટ મોકલી આપી.

× × × ×

મહારાજ એક દિવસ નદીએ સ્નાન કરવા જતા હતા. માર્ગમાં એક માંદું પડેલું ગધેડું એમની નજરે પડ્યું. તેના શરીરમાં ચાંદીઓ પડેલી હતી. મહારાજ તરતજ તેની પાસે દોડી ગયા અને પોતાની પાસેનું કપડું તેને ઓઢાડી દીધું. એ વખતે તે રસ્તે થઇ કોઇએક ભક્તને સ્નાન કરવા જતા મહારાજે જોયા. તેમને પાસે બોલાવ્યા અને તેની મદદથી પોતે ગધેડાને પાટો બાંધી સ્નાન કરવા પધાર્યા.

× × × ×

તાજપુરમાં રહેતા શિવાનંદ સ્વામી પોતાના મઠમાંજ દેવલોક પામ્યા. તે સમયે શ્રી સરયુદાસ મહારાજ તથા અન્નક્ષેત્રના બીજા સંન્યાસીઓ, તેમની સમાધિ કરવા માટે સમસ્ત્રાષિના આરે ગયેલા. બધા મળીને લગભગ દોઢસો માણસ હતા.

સમાધિના કાર્યથી પરવારી સર્વેએ નદીમાં સ્નાન કર્યું અને બાજુના ખેતરમાં લૂગડાં સૂકવવા ગયા. ખેતરમાં બટાકા વાવેલા અને ક્યારાની આજુબાજુ માટીની પાળ બાંધેલી તે માણસોના અવરજવરથી ઠેકઠેકાણેથી તૂટી ગઇ. એવામાં ખેતરનો રખેવાળ ત્યાં આવી પહોંચ્યો અને પાળ તૂટેલી જોઇને ખીજવાયો અને સાધુઓને લાકડી લઇ મારવા દોડયો. સાધુઓએ વિનતિપૂર્વક તેને સમજાવવા માંડયો અને સરયુદાસ મહારાજનું નામ પણ આપ્યું. રખેવાળ કોઈ પણ ઉપાયે સમજ્યોજ નહિ અને પાળો હતી તેવી કરી આપવા કહ્યું. આથી સરયુદાસ મહારાજે તેમની સાથેના બીજા ત્રણચાર સાધુઓ સિવાયના બીજા સર્વેને ઘેર જવા કહ્યું. પછી તેમણે સાંજ પડતાં સુધી ભૂખ્યા–તરસ્યા પોતાના સોબતીઓ સાથે પાળો ફરી બાંધી આપી અને અંધારું થતાં ઘેર ગયા.

× × × ×

એક દિવસ મહારાજ કોઇએક ભૂખ્યા માણસને માટે કોઇ ગૃહસ્થને ઘેર ખાવાનું માગવા ગયા. તે ગૃહસ્થે તેમનું અપમાન કરીને કહ્યું કે, "ચાલ્યા જાઓ અહીંથી, તમારા જેવા તો ઘણાય આવે છે."

મહારાજે આથી નિરાશ ન થતાં નમ્રતાપૂર્વક જણાવ્યું કે, "ભાઈ! તમારે કેટલા દીકરા છે?"

તે ગૃહસ્થે જવાબ આપ્યો: "ત્રણ."

"ત્યારે મને તમારો ચોથો દીકરો જાણો અને એક ભૂખ્યા માણસ માટે કંઇક પણ ખાવાનું આપો." મહારાજે કહ્યું.

તે ગૃહસ્થનું હૃદય છેવટે પીગળ્યું ને ઘરમાંથી ખીચડી લાવી મહારાજને આપી. તે લઇ મહારાજ ત્યાંથી વિદાય થયા.

× × × ×

એક દિવસ દુધેશ્વરના ઘાટ પર કાશ્મીરી મહાદેવના મંદિરની જગ્યામાં રાતના શુમારે સાત આઠ વાગતાં સરયુદાસ મહારાજ પધાર્યા અને શ્રીનારાયણગીરજી મહારાજની સમાધિના ઓટલા ઉપર બેસી ભગવદ્સ્મરણ કરવા લાગ્યા. કેટલોક સમય વીત્યા પછી બહારના કોઈ એક સાધુપુરુષે એમને બેઠેલા જોયા અને અંદર જઈ આત્માનંદ સ્વામીને કહ્યું: "બહાર સમાધિના ઓટલા ઉપર કોઈક સાધુ ભજન કરે છે, તેમને પાથરવા માટે કંઈક આપો તો સારું." સ્વામીએ આ સાંભળી એક ગોદડી કાઢી આપી. પેલો સાધુપુરુષ ગોદડી લઈ મહારાજને આપવા ગયો; પરંતુ મહારાજ ભગવદ્ભજનમાં લીન હોવાથી ગોદડી એક બાજુએજ પડી રહી. પ્રાતઃકાળ થયો ત્યારે આત્માનંદ સ્વામી બહાર નીકળ્યા. એમણે મહારાજને જોયા, ઓળખ્યા ને પશ્ચાત્તાપપૂર્વક કહેવા લાગ્યાઃ "આપ અંદર કેમ ન પધાર્યા? અરેરે! આપ જેવા સાચા સંત ચાલીને મારે ત્યાં પધાર્યા ને મારાથી કાંઇ આદરસત્કાર ન થયો!"

મહારાજે જણાવ્યું કે, "એકાંતમાં બેસી પ્રભુસ્મરણ કરવાથી ઘણો આનંદ થાય છે; માટે આપને તસ્દી આપી નહિ. આજે પ્રભાતમાં આપનાં દર્શન થવાથી મને પરમ આનંદ પ્રાપ્ત થયો છે!"

× × × ×

એક દિવસ મહારાજ સરયુદાસજી પોતાના સેવકો સાથે બેઠા હતા. એમાંથી એક સેવક બોલી ઊઠ્યોઃ "મહારાજ! આપ આજ્ઞા આપો તો આપનો ફોટો પડાવીએ." મહારાજે કહ્યું કે, "જેવી તમારી મરજી; પરંતુ મારી એક વાત સ્વીકારવી પડશે."

સેવકે કહ્યું: "કબૂલ છે, બોલો."

મહારાજ બોલ્યાઃ "હું હાથમાં રામપાત્ર લઈને બેસીશ. પછી તમારે ફોટો લેવરાવવો."

આ સાંભળી સેવક તો ચૂપજ થઈ ગયો. પછી મહારાજે કહ્યું: "આપણે એવું તે કયું મહાન કાર્ય કર્યું છે, કે ફોટો પડાવીએ? મારી હયાતિમાં હજુ સુધી ફોટો પડ્યો નથી. બાકી બહાર જે વેચાય છે તે તો કલ્પિત છે. ભાવિક ભક્તોએ પોતપોતાની કલ્પનાથી પડાવ્યા હશે."

મહારાજના અવસાન બાદ એક સેવક, ફોટોગ્રાફરને બોલાવી લાવેલો; પરંતુ તેણે જણાવેલું કે, "મહારાજની આજ્ઞા નહિ હોવાથી હું ફોટો નહિ લઉં." એ પછી કોઇ એક બીજો સેવક એક પારસી ફોટોગ્રાફરને શ્મશાનભૂમિ ઉપર બોલાવી લાવેલો; છતાં ફોટો લઇ શકાયો નહિ.

૨–શ્રીસરયુદાસ મહારાજનાં બોધવચનો

૧. શ્રીગુરુમહારાજમાંથી ઇષ્ટબુદ્ધિનો ત્યાગ ન કરવો.

૨. સ્રીનો, અશુચિ તથા મૃત્યુવત્ જાણીને સદા સર્વથા ત્યાગ કરવો.

૩. કોઈ પણ પરોપકારનું કામ જો થતું હોય, તો તેમાં પોતાના ભલા માટે, પોતાની ગરજે, તે આપણા ઉપર ઉપકાર કરતો હોય તેમ, આભારી બની ઇષ્ટબુદ્ધિ રાખી વર્તવું.

૪. પોતાની ભલાઇ અને પારકાની બૂરાઇ ભૂલી જઇ ઇષ્ટબુદ્ધિ રાખી વર્તવું.

૫. મૃત્યુ અને ઈશ્વર બેને વારંવાર યાદ રાખવાં.

૬. "આપ તો આપ દાસ તો દાસઇ" એમ જાણી સર્વે વસ્તુમાં સ્વામીત્વ ગણી દાસભાવથી રહેવું.

૭. પરધન પથ્થરસમાન અને પરસ્ત્રી માતાસમાન જાણવી.

૮. રૂપરસનો ત્યાગ કરી પ્રાણવૃત્તિથી આહાર કરવો; પણ તેમાં ભોગ કે સ્વાદબુદ્ધિ રાખવી નહિ. શરીરની આરોગ્યતા માટે ઓછું ખાવું ને મનની શાંતિ માટે ગમ ખાવી.

૯. કોઇને પણ વાત કરવી હોય અગર સમજણ આપવી હોય, તો વિધિવચનથી તે કામ કરવું. અથવા પ્રથમ અધ્યારોપ કરવો અને પછી યોગ હોય તો અપવાદ કરવો.

૧૦. સત્ય, હિતકારક તથા પ્રિય વચન બોલવાં; તેમજ વિના પૂછ્યે બોલવું નહિ, એવું મૌન રાખવું.

૧૧. આબરૂ કે સુખની ઇચ્છા રાખવી નહિ અને કોઇ પણ જડ કે ચેતનને સુખ થતું હોય તેવું નિષ્કામ કર્મ કરવું.

૧૨. ગુરુનાં વચનમાં વિશ્વાસ રાખવો, પોતામાં દીનપણાની ભાવના રાખવી, મનના દોષો પર જય મેળવવો તથા નિશ્ચલ બુદ્ધિથી કથાનું શ્રવણ કરવું.

૧૩. શ્રેય તે પ્રેય નહિ અને પ્રેય તે શ્રેય નહિ; માટે શ્રેય-નું પાલન કરવું.

૧૪. ભોગ્ય તે વંદ્ય નહિ અને વંદ્ય તે ભોગ્ય નહિ, માટે વંદ્યને ભોગવવું એ ગુનો છે.

૧૫. પોતાની આદ્ય અવસ્થા ભૂલવી નહિ, અર્થાત્ શરીરની ઉત્પત્તિ રજ-વીર્યથી છે એટલે મલિન છે.

૧૬. નકામો વખત જવા દેવો નહિ, કેમકે વખત અમૂલ્ય છે ને આળસુનું શ્રેય થતું નથી.

૧૭. સાધનવાળાને નિવૃત્તિમાં પ્રમાદ બગાડે છે ને પ્રવૃત્તિમાં અનિત્ય નડે છે, અર્થાત્ આત્મબુદ્ધિ રહેતી નથી; માટે બન્નેમાં સાવચેત રહેવું.

૧૮. અભ્યાસ ને વૈરાગ્યનો પ્રતિદિન વધારો કરવો એ જરૂરનાં સાધનો છે.

૧૯. નિદ્રા, લોકવાર્તા અને શબ્દ સાધનવાનને વિઘ્નરૂપ છે.

૨૦. મૈત્રીથી સ્પર્ધાનો નાશ થાય છે, કરુણાથી અભિમાનનો નાશ થાય છે, મુદિતાથી ઇર્ષ્યાનો નાશ થાય છે અને નિઃસ્પૃહતાથી ક્ષોભ(કલેશ)નો નાશ થાય છે. માટે આ ચાર રાજયોગનાં સાધન છે તથા શમ પ્રાપ્ત કરાવનારાં છે.

૨૧. સાહસ ન કરવું પણ પુષ્ટ વિચાર કરવો.

૨૨. વેરનો બદલો વેરથી નહિ પણ પ્રીતિથી વાળવો.

૨૩. વનો વેરીને વશ કરે, માટે સેવાથી સર્વને રાજી રાખવા.

૨૪. શરીરને દુઃખ પડે ત્યારે તેને પારકું શરીર સમજીને પ્રીતિથી તેની સેવા કરવી અને આનંદમાં રહેવું.

૨૫. ગમે તેવો ક્ષુદ્ર ભક્ત હોય, તોપણ તેના તરફ ગ્લાનિની દૃષ્ટિએ જોવું એ મહાઅપરાધ છે.

૨૬. જ્ઞાનીનું અંતઃકરણ કાચ જેવું હોય છે. કાચમાં ડુંગર, સમુદ્ર વગેરે યથાર્થ દેખાય છે; પરંતુ તે ડુંગરના ભારથી તૂટી જતો નથી અને સમુદ્રથી પલળતો પણ નથી.

૨૭. જ્ઞાનીનું હૃદય સમુદ્ર જેવું હોય છે. સમુદ્રમાં નદીઓ, ઝાડ, પહાડ ને ગામનાં ગામ ખેંચાઈ આવે, છતાં સમુદ્ર ધીરે ધીરે તે સર્વને કિનારે કાઢીને નિર્મળ રહે છે; તેમજ નદીઓનાં જળથી તે વધતો ઘટતો પણ નથી.

૨૮. કોઇ સ્તુતિ કરે તો મનમાં એમ જાણવું કે, આ આત્મા તો ઇંદ્રાદિક દેવો સ્તુતિ કરે એવો (મહાન) છે; આ દેહ તો અશુચિજ હોવાથી તેની સ્તુતિ એ તો તેની નિંદા સમાન છે. તેથી સ્તુતિ–નિંદામાં સમભાવે રહેવું. વળી કોઇ સ્તુતિ કરે તે સાંભળી મોહ નહિ પામતાં મનમાં ગ્લાનિ લાવવી.

૨૯. શ્રીરામજી મહારાજનું વચન છે કે, કોઇના ગુણઅવગુણ જોયા વિના પણ ઉપકાર કરવો; કેમકે બન્ને પોતાની કલ્પના છે. કોઇ વાર અવગુણ એ ગુણ થાય છે અને ગુણ એ અવગુણ થઇ જાય છે.

૩૦. શ્રીસુરમહારાજનું વચન છે કે, મનુષ્ય જ્યારથી જાણે ત્યારથી નવું પાપ ન કરે, તો આગળનાં પાપ માફ થાય છે; માટે કાયરતા તજી પુરુષાર્થ કરવો.

૩૧. ભોગ એટલે મોટા પુરુષ કે હિતેચ્છુના વચનમાં નહિ રહેવું ને સારું હોય પણ મોટા પુરુષ ના કહે તે કરવું તે ભોગ અને તેમના વચનમાં રહેવું તે ત્યાગ.

૩૨. કોઇ વિરોધી પદાર્થને કે મનુષ્યને અનુકૂળ વર્તવું તે પરમ શાંતિ છે.

૩૩. શુભ આચરણ કે શુભ મારગને ભણવાથી, જાણવાથી કે કહેવાથી ફળ નથી; પણ જેમ બને તેમ વર્તનમાં મૂકવું–અર્થાત્ પાળવું તે ઘણુંજ અગત્યનું છે અને પાળેલું, આચરણમાં મૂકેલું થોડું હોય તોપણ ઘણું ફળ આપે છે.

૩૪. શ્રીગુરુ મહારાજનું વચન છે કે, દેહનું મરણ તે મરણ નથી; તેમ જન્મ તે જન્મ નથી; પણ સારા ગુણનું પ્રાપ્ત થવું અને દુર્ગુણનો નાશ થવો તે જન્મ છે અને શુભ ગુણનો નાશ થવો તે મરણ છે. માટે શુભ ગુણો ધારણ કરી પ્રાણી-

માત્રમાં ભગવાનની ભાવના કરવી.

૩૫. સકામતાથી કરેલાં અનુષ્ઠાનમાં ક્રોધ કરવાથી તેના ફળની નાસ્તિ થાય છે; તો પછી ક્રોધથી મોક્ષ તો મળેજ ક્યાંથી? ક્રોધ એ સકામ ફળ ને મોક્ષ બન્નેનો નાશ કરે છે.

૩૬. બ્રહ્મ એટલે અલક્ષી અર્થાત્–દૃશ્ય નહિ તે. સર્વના સાક્ષી બ્રહ્મસ્વરૂપ.

ઈશ્વર એટલે જગદીશ, કર્મફલપ્રદાતા ઈશ્વરસ્વરૂપ.

જીવ એટલે ભોક્તા, દીન એ જીવનું સ્વરૂપ.

કોઇ સાથે લડવું નહિ; કેમકે જે વસ્તુ માટે લડીએ તે વસ્તુ તો રહે અને લડી મરનાર જાય. સૌ આપણા બંધુઓ છે, કેમકે સૌ ઈશ્વરથી ઊપજ્યા છે. એટલે આત્મભાવથી તો લઢનાર પણ આપણોજ આત્મા છે.

સારા ગુણ સંપાદન કરવા હોય, તો બીજાની જે ક્રિયા આપણને ન ગમે તે ક્રિયા આપણે કરવી નહિ; પરંતુ સર્વેને પ્યાર આવે તેમ વર્તવું.

૩૭. દેહ છે તે પાકો શત્રુ છે. જેમ શત્રુ સાથે મિત્રતા રાખવાથી દેહનો નાશ થાય છે; તેમ દેહમાં મોહ રાખવાથી આત્માનો નાશ થાય છે. માટે સુખદુઃખમાં સમાનભાવે વર્તવું.

૩૮. વૈરાગ્યનું લક્ષણ—જેમ એરંડિયું દવા પીવામાં ખપ જેટલું પરાણે પિવાય છે અને બીજું વધારે લેવાની તો મરજીજ થતી નથી, તેમ તમામ ભોગ્ય પદાર્થોને માત્ર દેહનિર્વાહ જેટલા સંયમપૂર્વક ઈશ્વરનો ઉપકાર માની વાપરે તેજ વૈરાગ્યનું લક્ષણ છે.

૩૯. આત્માકાર વૃત્તિની ભાવનાવાળાએ કોઇના સારાનરસા

સ્વભાવ કે પ્રકૃતિ જોઇને ક્ષોભ કરવો નહિ; કેમકે તેમાં રહેલો આત્મા તેને સત્તા આપે છે અને આપણામાં પણ આત્મા છે એટલે એનો અને આપણો આત્મા અભેદ છે, જેથી આપણે આત્મભાવના કરવી.

૪૦. સંતોષ એટલે મળેલી (પ્રાપ્ત) વસ્તુ. અનુકૂળ–પ્રતિકૂળ (ઇષ્ટ–અનિષ્ટ)માં રાગદ્વેષરહિત વર્તવું. કોઈપણ વસ્તુ મેળવવા માટે ઇચ્છા ન કરવી–ઉદ્યમ ન કરવો; પણ પ્રારબ્ધના વશથી સારુંનરસું અને વત્તુંઓછું જે કાંઈ મળે તેના ઉપર નિભાવ કરવો.

૪૧. માયા એટલે જેના આશ્રયે રહે તેને મોહ ન કરે તે માયા તથા જેના આશ્રયે રહે તેનેજ મોહ કરે તે અવિદ્યા.

૪૨. જ્યાં વહેવારની કોઇ ક્રિયામાં દ્વેષ થાય ત્યાં ગુરુ મહારાજની કે ઇષ્ટની ભાવના કરવી અને તે એકજ સ્થળે (વ્યાપક) છે કે સર્વવ્યાપક છે; જો સર્વવ્યાપક હોય, તો દ્વેષવાળામાં પણ તે છે, એમ જાણવાથી બીજા સાથેના વહેવારમાં દ્વેષનું સ્ફુરણ રહેતું નથી.

૪૩. પ્રકૃતિ પોતાને સ્વતંત્રતામાં ગોઠવીને સ્વતંત્રતાથી સાક્ષાત્કાર જેવું સુખ આપે છે અને પોતે માને પણ છે; પણ વિરોધી પદાર્થની પ્રાપ્તિથી જેનું મન શાંત થઇ ગયું હોય, તેને પણ તે વાસનાઓ દુઃખ દે છે. માટે વાસનાઓ હોય ત્યાંસુધી મોટા પુરુષના સંગથી વિખૂટા રહેવું નહિ.

૪૪. આપણાથી ઉંમરે તથા સર્વ વાતે નાના અગર મોટા હોય તેમાં નાના–મોટાની બુદ્ધિ નહિ રાખતાં અહંકાર છોડી, સારા ગુણ હોય તો તેના આજ્ઞાકારી થવું ને પૂજ્યભાવ રાખવો.

૪૫. આપણે કોઇ માણસની સ્વાભાવિક વાત કરતા હોઇએ ત્યારે અથવા વેપાર સંબંધી કાર્યપ્રસંગે કંઇ વાત થતી હોય

ત્યારે કોઇનું છિદ્ર, બુરાઇ, દુર્ગુણ કે દુષ્ટભાવ હોય તે છુપાવીને તેને જરૂર હોય તે ગુણ વર્ણવવા ને સારા ગુણસ્વભાવ દેખાડવા. કોઇની એબ ઢાંકવી એ પરમધર્મ છે. જેમ બિંદુમાં સમુદ્ર ને સમુદ્રમાં બિંદુ સમાય છે તેમ. એટલે સજ્જન હોય તે બિંદુ જેટલા શુભ ગુણને સમુદ્રવત્ માને છે ને દુષ્ટ હોય તે સમુદ્ર જેટલા શુભ ગુણને બિંદુરૂપ માને છે.

૪૬. શુભકર્મ કોઇને કહેવું નહિ અને કદાચ કહેવું પડે તો પ્રેરક–સહાયકને મોટાઇ આપી કહેવું. જો કે એ ઘણુંજ કઠણ છે, કારણ કે એ દેહાભિમાન છૂટેલાનુંજ લક્ષણ છે.

૪૭. પ્રભુ મારી પાસે છે, પ્રભુ મને દેખે છે, પ્રભુ મારા અંતર્યામી છે, એવી ભાવના સદા રાખ્યા કરવી.

૪૮. પંચ વિષયો તથા મન દુઃખરૂપ છે, માટે તેનો ત્યાગ કરવો.

૪૯. જેમ વીંછી પોતાના ગુણ છોડતો નથી તેમ સાધુ-પુરુષે પણ શાંતિ આદિ સદ્ગુણોને છોડવા નહિ.

૫૦. અડગ નિશ્ચયથી કોઇ પણ કાર્યનો આરંભ કરવો. ડગમગતો નિશ્ચય હાનિ કરે છે.

૫૧. સત્યતા અને પ્રામાણિકતા સૌથી સારો વસીલો છે.

શ્લોકઃ–देहबुद्ध्यात्मदासोऽहं जीव बुद्ध्या सखा त्वहम् ।
आत्मबुद्ध्यात्ममेवाहं इति मे निश्चिता मतिः ॥१॥
धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी ।
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः ॥
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनम् ।
एते यस्य कुटुम्बिनो वद सखे कस्माद् भयं योगिनः ॥२॥

क्षमा वशीकृती लोके क्षमया किं न साध्यति ।
शान्तिः खड्गः करे तस्य दुर्जनः किं करिष्यति ॥३॥

અર્થાત્-દેહની દૃષ્ટિએ હું તમારો દાસ છું, જીવની દૃષ્ટિએ હું તમારો સખા છું, અને આત્માની દૃષ્ટિએ હું આત્માજ છું એમ મારો નિશ્ચિત મત છે. ૧.

ધૈર્યરૂપી જેને પિતા છે, ક્ષમારૂપી જેને માતા છે, શાંતિ-રૂપી જેને ગૃહિણી છે, સત્યરૂપી જેને પુત્ર છે, દયારૂપી જેને બહેન છે, મનઃસંયમરૂપી જેને ભાઈ છે, ધરતીના પડરૂપી જેને પથારી છે, દિશારૂપી જેને વસ્ત્ર છે, અને જ્ઞાનરૂપી જેને અમૃત-ભોજન છે-એવા કુટુંબીજનવાળા યોગીઓને હે ભાઇ! કહે, ક્યાંથી ભય હોય? ૨.

સંસારમાં ક્ષમા ભારે વશકારિણી છે. ક્ષમાથી શું શું સિદ્ધ થતું નથી? જેના હાથમાં શાન્તિરૂપી ખાંડું છે, તેને દુર્જન શું કરી શકે છે? ૩

૫૨. દ્વેષ, ધિક્કાર અને ક્રોધ એ બીજાની જાત કરતાં પોતાને વધારે નુકસાનકર્તા છે.

૫૩. સંપ એ જીવનરક્ષિત અજેય કિલ્લો છે.

૫૪. કુસંપ એ જીવનવિનાશક વિકરાળ રાક્ષસ છે.

૫૫. બોલવા કરતાં કરી બતાવવું એ પોતાના મુદ્દાને વધારે જોશ આપનાર થઇ પડે છે.

૫૬. પરોપકારસમાન બીજું પુણ્ય નથી અને અન્યને દુઃખ દેવાસમાન બીજું પાપ નથી.

૫૭. ધીરજ માતા સમાન છે ને લજ્જા બહેન સમાન છે; માટે મુમુક્ષુએ અંત સુધી એ બન્નેનો ત્યાગ કરવો નહિ.

૫૮. પ્રીતિ કરવી સહેલ છે પણ નિભાવવી કઠણ છે.

૫૯. અધ્યાત્મજ્ઞાન માટે જે કર્મ કરવામાં આવે, તે આરંભમાં વિષતુલ્ય હોય છે, પરંતુ પરિણામે અમૃતતુલ્ય થાય છે; માટે અધ્યાત્મજ્ઞાન માટે કર્મ કરવાં.

૬૦. વિષયપ્રાપ્તિ માટેનાં કર્મ આરંભમાં અમૃતતુલ્ય જણાય છે, પરંતુ પરિણામમાં વિષતુલ્ય નીવડે છે એટલે તે નર્ક આપનારાં થાય છે; માટે તેનો ત્યાગ કરવો.

૬૧. પુણ્યનું ફળ સુખ છે, પાપનું ફળ દુઃખ છે; માટે દુઃખ આવે ત્યારે પાપ મટે છે એમ જાણી આનંદમાં રહેવું.

૬૨. પોતાના અંતઃકરણને એવું રાખવું કે, કોઈ પણ વખતે તેનો કોઈ ફોટો લે તો તે વખતે હૃદય શુભ વિચારવાળુંજ હોય. તેમાં પારકા દોષ જોવારૂપ દુર્ગુણ પડવા દેવાજ નહિ. તે દોષ પડવાથી તો ઘણીજ હાનિ થાય છે.

૬૩. દુઃખ તો સર્વને છે; કેમકે જગત દુઃખરૂપ છે. જેમ માણસમાત્રને હાથપગ આદિ અંગ છે, તેમ દુઃખ પણ પોતાનાં કર્મનું ફળ છે. કોઈ કહે કે, મારે હાથ કેમ? તે જેમ ભૂલ છે, તેમ દુઃખનું સમજવું. માટે તેનો ઉપાય એ કે દુઃખનું સ્મરણ ન કરવું.

૬૪. તમામ તરફની અનુકૂળતા હોય, તોજ પરમાર્થ સાધી શકાય છે એવું નથી. એવી કોઈ સ્થિતિ નથી કે, જેમાં આતુર ઇચ્છાવાન શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સાધન સર્વોત્તમ પ્રકારે સાધી શકે નહિ. સાધારણ રીતે લોકો પારકાને દોષ ઓઢાડી પોતે નિર્દોષ રહે છે; પરંતુ ખરું જોતાં પોતાનો પ્રમાદજ હાનિના કારણરૂપ હોય છે.

૬૫. જે માણસ જેવી દૃષ્ટિથી જગતને જુએ છે, તેને તેવુંજ તે દેખાય છે.

૬૬. પોતાની જાતિ કે સમાન વર્ગમાં હલકી સ્થિતિવાળાને પણ ઉત્તમ માની તેની સાથે સર્વ વ્યવહારમાં નીચા અનુસંધાનથી રહેવું એજ ઉત્તમ પુરુષનું લક્ષણ છે.

દોહો–અધમાધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શુંય?

માટે એજ ખરું સાધન છે. શ્રીકૃષ્ણ ભગવાને એવું કહ્યું કે, જે તેમના જનજ કરી શકે છે. આ ઉપાયથી માન, બડાઇ અને ઇર્ષ્યા જીતી શકાય છે અર્થાત્ એ ત્રણેનો નાશ થાય છે.

૬૭. કોઈ દુર્ગુણ, દોષ કે અયોગ્ય આચરણને ટાળવા માટે પ્રયત્ન કરવા છતાં વિજયી થવાતું ન હોય તો તેનું કારણ એ હોય છે કે, પોતાના દોષ, દુર્ગુણ કે અયોગ્ય આચરણ પુનઃ યાદ આવવાથી, તે છૂટવાને બદલે વધારે દૃઢ થતાં જાય છે, જેથી તે ટાળવા માટે તેનું વિસ્મરણ કરવું. જો તે દોષોને મન યાદ કર્યાં કરે, તો તેને શુભ વિચારમાં કે શુભ વસ્તુના કે શ્રીરાધાકૃષ્ણ પ્રભુના ધ્યાનમાં જોડવું અને તેમાં રહેલો લાભ, મીઠાશ તથા સુખના અખૂટ ઝરા વગેરેના ચિંતનથી દુર્ગુણાદિનું વિસ્મરણ કરવું.

૬૮. સંબંધીજનોના વિચાર તથા વર્તનને ન જોતાં તેમનાં કલ્યાણ તરફજ ધ્યાન આપવું. જ્યારે તેઓ જોશે કે, આપણે તેમનાં કલ્યાણમાંજ તત્પર રહીએ છીએ, ત્યારે તેઓ આપણા પ્રત્યે પોતાનું પ્રતિકૂળ વર્તન છોડી દઇ આપણનેજ અનુસરશે.

૬૯. નિરંતર પ્રસન્ન હૃદય ઉપર શુભ સંસ્કાર પાડવાથી પ્રાપ્ત થનાર દરેક સ્થિતિમાં સુખને નીરખવાનો મનને અભ્યાસ પડે

છે. પછી તેને કોઇ વસ્તુ અરુચિકર જણાતી નથી. જેમાંતેમાં સુખ, આનંદ, રસજ્ઞતા અને માધુર્યને જોવાનો અભ્યાસ પાડવાથી પોતાના મનને શાંતિ મળે છે અને કૃપણતા તથા અંધકાર નાશ પામી અધિક તેજસ્વિતા આવે છે.

૭૦. શરીરમાં જ્યાંસુધી થોડાક પણ ઝેરનો આવેશ હોય ત્યાંસુધી અરોગ્યતા ગણાય નહિ; તેમ જ્યાંસુધી અહંકાર છે ત્યાંસુધી ભક્તિ થતી નથી. અહંકાર નિર્મૂળ કપાઈ ગયા છતાં ચિત્ત ક્ષણમાત્ર પણ તેને (ક્રોધને) લાવે, તો તે પાછો જીવતો થઇને, વર્ષાઋતુમાં વાયુએ પાછા આણેલા મેઘની પેઠે સેંકડો વિક્ષેપોને ઉત્પન્ન કરે છે. માટે તેના બીજરૂપ માયા, વાસના તથા તેના કાર્યરૂપ વિષયનો ત્યાગ કરવો ને આત્માનુસંધાનમાં તત્પર રહેવું.

૭૧. પરમાર્થ સાધવાની ઇચ્છામાં મનુષ્યમાત્રના કર્તવ્યનો અંત આવી જાય છે. તો તે કર્તવ્ય એજ છે કે, જેમ સમુદ્રમાં લહેરો સ્વભાવથીજ ઊઠે છે, તેમ બ્રહ્મના સ્વભાવથી થયેલું જગત બ્રહ્મરૂપ છે, પણ તેમાં કલ્પાયેલ મિથ્યા જડરૂપ અવિદ્યાના કારણથી નામરૂપ મિથ્યા છે અને સત્‌રૂપ અસ્તિ ભાસે છે તે, પ્રિયરૂપે આત્માજ છે એવું આત્માનુસંધાન રાખી, યથાર્થ સમજી, દ્વંદ્વધર્મો આત્માના નથી એવો નિશ્ચય કરી, સર્વ પ્રવૃત્તિ ભગવતસેવા માટે છે એમ માનીને શ્રીરાધાકૃષ્ણજીનું સ્મરણ કરવું એજ કર્તવ્ય છે.

૭૨. સર્વ ઇન્દ્રિયોના વિષયનું જ્ઞાન એકલી ચક્ષુ–ઇન્દ્રિયને થાય છે. સાધનવાળાના હૃદયને ક્ષોભ કરે એવા સ્ત્રી આદિ વિષયનું જ્ઞાન પણ ચક્ષુ ઇન્દ્રિયદ્વારાજ થાય છે. માટે ધ્યાન, ધારણા અને સમાધિમાં નાસાગ્ર દૃષ્ટિ રાખવી. હમેશાં દૃષ્ટિ નીચી રાખવી. વગરકારણે દૃષ્ટિ ફેલાવવી એ મહાહાનિકારક છે. જેમ કોઇ સજ્જન માટે દરવાજો ઊઘડે એટલે અસજ્જન અને પચીસ તોફાની પણ

દાખલ થઈ જાય છે અને સજ્જન ક્યાં ગયા તે તો કોઇ જાણી શકતું પણ નથી અને તોફાનીઓને સર્વત્ર ક્લેશ કરવા છતાં કાઢવા કઠણ પડે છે, તેમ ચક્ષુદ્વારા જે દુષ્ટ સંસ્કાર પડશે, તે ઘણા ઉપાયથી પણ મટશે નહિ, માટે દૃષ્ટિને નિયમમાં રાખવી.

૭૩. આપણે વર્તમાનમાં જે અનુકૂળતા–પ્રતિકૂળતા ભોગવીએ છીએ તે આપણાંજ કર્તવ્યનું ફળ છે; માટે ઈશ્વરનો ઉપકાર માની ધર્મપૂર્વક વધારે સમય વીતે તે માટે પ્રયત્નવાન રહેવું. જેલમાં કેદી જે શિક્ષા ભોગવે છે, તે પોતાના કૃત્યનું ફળ છે; તેમ છતાં જો તે તેમાં રાજી રહે નહિ અને ફરજ બજાવવામાં કસૂર કરે તો વધારે શિક્ષાને પાત્ર થાય છે; પરંતુ જો રાજી રહીને ફરજ બજાવે તો પરમ લાભ–શિક્ષાથી મુક્તિ–મેળવે છે. માટે અનુકૂળતા કે પ્રતિકૂળતાને પોતાનાં કર્તવ્યનું ફળ સમજીને અનુકૂળમાં રાજી અને પ્રતિકૂળમાં દુઃખી નહિ રહેતાં હમેશાં સમાનભાવે રહેવું.

૭૪. શ્રીગુરુમહારાજનો એજ સિદ્ધાંત છે કે, સ્વાર્થ–પરમાર્થમાં સર્વનું સારુંખોટું સહન કરવું. પોતે પ્રતિકૂળતા વેઠી કોઇના ગુણદોષ નહિ જોતાં સર્વને અનુકૂળતા કરી આપવી, એજ સ્વાર્થ–પરમાર્થમાં તથા ઈશ્વરપ્રાપ્તિમાં સાધનરૂપ છે.

૭૫. આપણને સુખ ભોગવવાં પ્રિય લાગે છે અને એમાં સમય વહી જતાં જણાતો નથી; તેમ દુઃખ, અપમાન આદિ પણ આપણાંજ કૃત્યોનું ફળ હોવાથી, તેમાં પણ મુમુક્ષુએ નિરાધાર રહીને શાન્તિ રાખવી અને ઈશ્વરનો ઉપકાર માનવો. આવા વિચારથી નિરાધારતામાં ધીરજ લાવતાં શીખવું એ સમાધિ કરતાં વિશેષ છે; એજ શ્રીગુરુમહારાજનો સિદ્ધાંત છે.

૭૬. આપણે પ્રથમ પુષ્ટ વિચાર કરી કર્મ કરવું; કેમકે મન,

વચન અને કર્મવડે થયેલું કર્મ ફળ આપ્યા વિના રહેતું નથી. જેમ દારૂડિયાના હાથમાં જ્યાંસુધી દારૂની બાટલી છે ત્યાંસુધી તેને તે જો ધારે તો ગટરમાં નાખી દઇ શકે છે, પણ જો તે તેનું પાન કરશે તો તે (દારૂની બાટલી) પોતાનેજ ગટરમાં નાખી દેશે. આથી પુષ્ટ વિચાર કરીને કર્મ કરવું.

૭૭. આ લોકના સુખની ઇચ્છા કરનારને પરલોકનું સુખ પ્રાપ્ત થતું નથી ને પરલોકના સુખની ઇચ્છાવાળાને મોક્ષ મળતો નથી. સર્વ વિષયસુખને કાગવિષ્ટા સમાન ગણનાર વૈરાગ્યવાનજ ઈશ્વરની પ્રાપ્તિ કરી શકે છે.

૭૮. મોટા પુરુષો પારકાના સરસવ જેટલા દુઃખને મેરુસમાન માને છે અને પોતાના મેરુ સમાન દુઃખને સરસવસમાન જાણે છે.

૭૯. શરીરની અંદર વિકાર થવામાં એકલું તન નથી, મન પણ છે. માટે મનને ઉચ્ચ ભાવનાવાળું રાખતાં શીખવું એ શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિના કારણરૂપ છે.

૮૦. સામાના ઉપકારનો બદલો વાળી ન શકાય તો તેની સાથે પૂજ્યબુદ્ધિ રાખવી; નહિ તો કૃતઘ્નતાનો દોષ આવે છે.

૮૧. સમજ્યા વિનાનું વાંચ્યું તે વાંચ્યું કહેવાય નહિ, પણ સમજવાના દ્વારને ઢાંક્યું કહેવાય; માટે સમજીને વાંચવું.

૮૨. ઈશ્વરપ્રાપ્તિના ઉપાયને જાણનાર કરતાં ઈશ્વરપ્રાપ્તિના વિઘ્નને જાણનાર ઉત્તમ ગણાય છે.

૮૩. હમેશાં સ્વાભાવિક કર્મમાં પણ પાપ થાય છે. પાપ સિવાયનાં જે કર્મ થાય તેજ ધર્મને ઉત્પન્ન કરે છે; પરંતુ જે ધર્મથી ઈશ્વરપ્રાપ્તિ ન થાય તે ધર્મ નથી પણ નિષ્કામકર્મ એજ ધર્મ છે.

૮૪. ભૂંડી ભાર્યા, કુભાંડી મિત્ર, સામું બોલનારો ચાકર તથા કાચા કાનનો ઉપરી એ પ્રાણઘાતક છે.

૮૫. સામાના ક્રોધને શમાવવાને ખરો ઉપાય મૌન છે અને પોતાના ક્રોધને શમાવવાનો ઉપાય એ છે કે, જગત ઈશ્વરાધીન માનવું અર્થાત્ જગત પરતંત્ર હોઈ જે કરે છે તે બધું ઈશ્વરજ કરાવે છે, તેમાં બીજા ઉપર ક્રોધ કરવો વૃથાજ છે.

૮૬. દુર્જનોને જીતવાનો ઉપાય ક્ષમાજ છે, ક્ષમાવાન તો શાંત હોય છે. વિનયથી દુર્જન વશ થાય છે.

૮૭. પ્રાણીમાત્ર સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ માટે ઉદ્યમ કરે છે, પણ સુખની પ્રાપ્તિ નહિ થતાં દુઃખની પ્રાપ્તિ થાય છે તેનું કારણ અયથાર્થ ઉદ્યમજ છે. જો સતશાસ્ત્ર અને સદ્ગુરુના ઉપદેશથી યથાર્થ ઉદ્યમ કરવામાં આવે તો નક્કી સુખ પ્રાપ્ત થાય છે અને દુઃખનો અંત આવે છે.

૮૮. સર્વનું–એટલે જાતિ, કુટુંબ કે સાધકવર્ગનું શ્રેય કરવું હોય, તેમણે ભેદ, દ્વેષ અને અહંકાર છોડી શુદ્ધ અંતઃકરણથી કરવું; નહિ તો આકાશથી ઉત્પન્ન થયેલા અંતઃકરણમાં જેમ રાગદ્વેષવાળા વિચારો બૂરાં ફળ આપે છે, તેમ ઉપલા દોષોવાળાં આંદોલનો ચિદાકાશમાં મળી, પોતાનાં સ્વજાતિ દોષોવાળાં આંદોલનોને આકર્ષીને તે વિચારનાં આંદોલનોનું ફળ સમષ્ટિ જગતમાં દુઃખ અને ક્લેશને ઉત્પન્ન કરે છે.

૮૯. આપણને કોઈ પ્રમુખ ઠરાવે અથવા ઉત્તમ આસને બેસાડે, તો આપણે એ અધિકારને લાયક નથી પરંતુ સર્વેના કૃપાપાત્ર છીએ એમ જાણવું. સર્વેએ કૃપા કરીને એ અધિકાર આપ્યો છે, એમ માની ગુનેગાર માફક સંકોચ રાખવો અને ઈશ્વરનો આભાર માની સર્વેની કૃપાકાંક્ષા રાખવી.

૯૦. પ્રથમ કથાકારે, પ્રભુના ગુણાનુવાદ શ્રવણ કરનાર પ્રત્યે આવો વિચાર કરવો કે, "મને પ્રભુના ગુણાનુવાદનું વિસ્મરણ થઇ જાત, તે આપે કૃપા કરી યાદ કરાવ્યા કે જેથી કરીને મારું મન શુદ્ધ થશે." તે લાભ શ્રોતાથી થયો છે એમ માની, લાભ થયા પછી પણ કૃતઘ્નતા ન આવે માટે શ્રવણ કરાવવું તથા શ્રોતામાં પૂજ્યભાવ રાખી દર્શન કરવાં; નહિ તો અહંકાર ઉત્પન્ન થઇ સોનાની બેડી જેવું બંધન થાય છે. શ્રોતાએ વક્તાને શ્રીશુકદેવજીસમાન માની તેના દોષ ન જોતાં–તે વચન તો મોટા પુરુષનાં છે–એમ માની સારગ્રાહી થવું, તેમાં બન્નેને લાભ છે.

૯૧. જપ, તપ, વ્રતાદિ કરીને તેમાં જૂઠ, નિંદા, પ્રપંચ આદિ દુરાચરણ કરવાં નહિ; કેમકે તેમ કરવાથી શુભ કર્મનું ફળ મળતું નથી અને ઊલટો શુભકર્મ કર્યાનો અહંકાર બંધાય છે.

૯૨. શુભ કર્મ કરવાથી શુભમાં પ્રીતિ થાય છે; કેમકે શુભ કર્મ પ્રકાશરૂપ છે, એટલે પુષ્પની માળા, ચંદન, સ્ત્રી આદિ વિષયો પ્રાપ્ત થાય છે. જ્યારે એથી પણ વધારે શુભ કર્મનું પુણ્ય એકઠું થાય છે, ત્યારે સર્વ સુખના સ્થાનરૂપ શ્રીકૃષ્ણચંદ્રમાં પ્રીતિ થાય છે. એમ શુભકર્મ પરિણામે ઈશ્વરપ્રાપ્તિ કરાવનારાં છે અને અશુભકર્મ અંધકારરૂપ છે. તેનું ફળ પાપ છે અને એ પાપથી તો દુઃખકર એવાં પરસ્ત્રી, ચોરી, મદિરાદિ અનિષ્ટ વિષયોમાં પ્રીતિ થાય છે અને નીચ ગતિને પમાય છે; માટે શુભકર્મી થવું.

૯૩. સંસારમાં મોક્ષમાર્ગનાં જે સાધનો છે, તે ધર્મ, અર્થ અને કામને તો જરૂર પ્રાપ્ત કરે છે. જેમ હીરો પ્રાપ્ત થતાં તેને રૂપિયા, આના ને પાઇ તો મળીજ ચૂકી ગણાય, પણ પારસમણિવાળાને તો તે ક્ષુદ્ર નાણાંમાં પ્રીતિ થાયજ નહિ. માટે મોક્ષની ઇચ્છાવાળાએ ધર્મ–અર્થમાં પ્રીતિ કરવી નહિ.

૯૪. મોક્ષની પ્રાપ્તિ વિચારથી કે કહેણીથી થતી નથી, પણ વિચાર પ્રમાણે કહેણી ને કહેણી પ્રમાણેજ રહેણીથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે મુમુક્ષુએ એ ત્રણેની પ્રાપ્તિ કરવી.

૯૫. જે સ્થિતિની પ્રાપ્તિ કરવા તથા જેનો અનુભવ લેવા ધાર્યો હોય તે સ્થિતિના સંસ્કારો આંતરમન ઉપર પાડવા; એટલુંજ નહિ પણ તે કરવામાં જોઇતું બળ, શ્રદ્ધા અને દૃઢ સંકલ્પ હશે, તોજ તે સ્થિતિનો અનુભવ થશે.

૯૬. વિશેષ ધર્માચરણ કરનાર કે અલ્પ ધર્માચરણ કરનાર એ બન્નેને ફળ વખતે પસ્તાવો થવાનો છે; કેમકે સ્વલ્પ આચરેલો ધર્મ મહાન ભયથી ઉગારે છે, એટલે સ્વલ્પ ધર્માચરણ કરનારને તે વધારે કરવાનો ને વધારે ધર્માચરણ કરનારને મોક્ષ નહિ મળ્યાનો પસ્તાવો થશે. માટે વર્તમાનમાં આળસ તજી દેવભૂમિ જેવા વિશાળ અંતઃકરણવાળા થવું; જેથી ઉત્તમ વિચારરૂપી કલ્પવૃક્ષ જામે, પરંતુ ખારોડ–ભૂમિ જેવા આળસુ અંતઃકરણવાળા થવું નહિ કે જેથી તેમાં બીજ ઊગી શકેજ નહિ.

૯૭. મોક્ષમાર્ગમાં ઉત્સુક થનારને પણ પોતાપણાનું એટલે દેહાત્મભાવનું બલિદાન આપ્યા સિવાય ઈશ્વરપ્રાપ્તિ થતી નથી. માટે હું દેહ છું એ પ્રથમ છોડી, 'હું આત્મા છું' એમ માની આત્મભાવના કરવી.

૯૮. આપણા પ્રત્યેક વિચાર ગમે તે રીતે આપણા અંતઃ–કરણમાં, આપણા શરીરમાં તથા આપણા આધ્યાત્મિક જીવનમાં ફેરફાર કરે છે; માટે ઉત્તમ વિચાર કરી ઉત્તમ સ્થિતિ માટે ત્વરા રાખવી; કેમકે ઘણા માણસો ઉત્તમ વિચાર કરે છે, પણ તેને ફળ, ફૂલ, પત્ર વગેરેથી અલંકૃત કરનારી ન્યૂનતા રાખે છે. વૃક્ષ વાવવાથી ફાયદો નથી પણ પુષ્પ–પલ્લવથી ફલિત થયે

લાભ છે, તેથી માત્ર વિચાર નકામા છે.

૯૯. આ વિશ્વવિદ્યાલયમાં શિક્ષકો ઘણા છે. હર્ષ–શોક, સુખ–દુઃખ, જય–પરાજય ઇત્યાદિ સઘળા શિક્ષકનું કામ કરે છે અને પ્રત્યેક ભિન્નભિન્નરૂપે ઘણાં શરીર ધારણ કરીને આવે છે. તેમાં કોઈ પ્રસન્નતાથી સુખપૂર્વક બોધ આપે છે અને કોઈ અપ્રસન્નતાથી ક્રોધે ભરાઇ બોધ આપે છે; પણ પ્રત્યેક કાંઇ ને કાંઈ હિતકર શિક્ષા આપી જાય છે. માટે જગતમાં સૂપડાની માફક સારગ્રાહી થવું. જેમ શ્રીદત્તાત્રય મહારાજે ચોવીસ ગુરુ કર્યા હતા, તેમ સારગ્રાહી થઈ શિક્ષા લેનાર ઉત્તમતાને પામે છે.

૧૦૦. દોષદર્શન એ નિંદા છે અને નિંદા કરનાર પારકાં પાપ પોતાને શિર લે છે અને પોતાનાં પુણ્ય સામાને અર્પણ કરે છે. માટે દોષદર્શનરૂપ નિંદા કરવાથી મહાહાનિ થાય છે.

૧૦૧. જેમને પોતાના કુટુંબમાં કે જાતિમાં સંપ રાખવાની તથા પોતાને અનુકૂળ વર્તાવવાની ઇચ્છા હોય, તેમણે તેમની પ્રીતિ, વર્તન કે તેમના દોષ સામું ન જોતાં, નિરંતર તેઓને તન, મન ને ધનથી સુખ થાય તેમ વર્તવું. એથી સંપ રહેશે, તેઓ આપણને અનુકૂળ વર્તશે અને પોતે પણ સુધરશે. તેમજ આપણને પણ શાંતિ તો રહેશેજ.

૧૦૨. વેપારીની તથા સંસારી મુમુક્ષુની (ઓછો આચાર, અન્નની ઓછી શુદ્ધિ તથા કુટુંબની શુદ્ધ જીવિકા નહિ હોવાથી) કમાઇ સારી નથી એવો કલેશ વેઠી ત્યાગી પણ અંતઃકરણ બગાડે છે; પરંતુ તેણે સમજવું જોઇએ કે, બધી દુનિયા પાપ-વાળી થઈ જાય તોપણ ઈશ્વરના જનને શુદ્ધ આહાર મળે છે. ત્યાગીએ ક્ષુધાથી ચાર આની ઓછું, શરીરને અનુકૂળ અને ઓછા રસકસવાળું ભોજન ભગવત–અર્પણ કરી લેવું એ પવિત્ર છે અને ભગવત–નૈવેદ્ય થયેલી શુદ્ધ જીવિકા ઉપરના નિયમે

લેવી એજ શુદ્ધ છે; ભૂખ કરતાં વધારે ને તીખા—ખાટા રસકસવાળા પદાર્થ અંતઃકરણને બગાડે છે.

૧૦૩. સ્વાત્મબળમાં દૃઢ શ્રદ્ધા રાખનાર આજે સર્વ મૂડી ખરચી નાખે, તોપણ કાર્યપ્રસંગે જે જોઇએ તે તેને આવી મળે છે અને ભવિષ્યમાં અનિષ્ટની ચિંતાએ સંગ્રહ કરનાર અનિષ્ટને આમંત્રણ કરે છે, પણ આ વાતમાં અધિકારનો વિચાર રાખવાનો છે.

૧૦૪. ઘણા માણસ પારકાને સુધારવાને તથા બીજાના દોષ કઢાવવાના ક્લેશમાં પોતાના દોષ દેખી શકતા નથી. કાંટા વાગે નહિ તે માટે પૃથ્વીને ચામડાથી મઢવા કરતાં જોડા પહેરનાર સમજુ છે.

૧૦૫. દાન કરનારે આ લોક કે પરલોકના સુખની કે આબરૂની ઇચ્છા રાખવી નહિ. સર્વ શ્રીપ્રભુનુંજ અને તે આપણા હાથે અપાવે છે તેમાં તે પ્રભુની પોતાની કૃપાજ છે. તેણે જે કામ આપણને સોંપ્યું તે આપણી ફરજજ છે, એમ સમજવું અને વચ્ચે પોતાનું નામ દાતા તરીકે આવે તો તે ગ્લાનિની વાત છે.

૧૦૬. આત્મ—અનુભવનો થોડો પણ પ્રકાશ ઘણી બાબતોને પ્રત્યક્ષ જણાવે છે. જેમ સૂર્યના કિરણનું ચાંદરણું પાસે ઊડતા પરમાણુને પ્રત્યક્ષ દેખાડે છે તેમ.

૧૦૭. સર્વાત્મભાવ થાય ત્યારે સર્વ પોતાને ચાહે છે અને વેરવાળા મનુષ્યો પણ તેમની નજીક સ્નેહભાવથી વર્તે છે. તેવીજ રીતે પ્રાણીમાત્ર તેની સાથે વેર છોડી સ્નેહભાવથી વર્તે, તે મહાદશા છે.

૧૦૮. સર્વથી અગત્યની બાબત તો એ છે કે, દરેક શુભ કર્મમાં કે ધ્યાનભજનાદિમાં પણ દીનતા—નમ્રતા આવે, અહંકાર મટે, દેહાત્મભાવ થાય અને સર્વમાં ઇષ્ટબુદ્ધિપૂર્વક દાસભાવથી ઈશ્વરસ્મરણ થાય, તેજ છૂટવાનો ઉપાય છે.

श्लोकः—अभिमानं सुरापानं गौरवं घोररौरवं ।
प्रतिष्ठा सुकरिविष्टा त्रयंत्यक्त्वा सुखी भवेत् ॥

અર્થાત્:—અભિમાન એ મદ્યપાનરૂપ છે, ગૌરવ એ ઘોર નરકરૂપ છે અને પ્રતિષ્ઠા એ ભૂંડણની વિષ્ટારૂપ છે—એ ત્રણે છોડીને સુખી થવું.

૧૦૯. મોટા પુરુષો દરેક કાર્ય બહુજ ધીરજથી કરે છે અને એની એ વાત વારંવાર મુમુક્ષુને પણ કહે છે. તેથી જાણે પુનરુક્તિ દોષ જેવું દેખાય છે; પણ તેમ નથી. પોતાને જે ધર્મ સૂઝે છે તે સામાને સુઝાડવા માટેજ ઉલટાવીને કહે છે, તરત કહે તો શ્રદ્ધા રહે નહિ. કોઈ વાર ઊલટી લાગતી ક્રિયા હોય, પરંતુ તેના ફળ વખતે તે જણાવે છે તે ક્રિયા ધર્મવાળી ને સુફળવાળી હોય છે ત્યારે ઘણોજ સ્નેહ થાય છે.

श्लोकः—नपाणिपाद चपलो न नेत्रचपलोऽनृजुः ।
न च वाक्चपलश्चैवमिति शिष्टस्य लक्षणम् ॥

અર્થાત્:—હાથપગ હલાવ હલાવ ન કરવા, આંખ ફેરવ ફેરવ ન કરવી, કુટિલતા ન રાખવી અને બડબડ બોલ્યા ન કરવું, આ શિષ્ટનાં લક્ષણ છે.

૧૧૦. દસ ઇન્દ્રિયો તથા અગિયારમું મન વશ કરવાં. પોતાને તથા જગતને બ્રહ્મરૂપ માની, પરબ્રહ્મ એવા પરમાત્મા યુગલસ્વરૂપ શ્રીરાધાકૃષ્ણનાં શ્રવણ, કીર્તન, ભજન તથા ધ્યાનમાં રહેવું, એજ કલિયુગમાં ઈશ્વરને પામવાનો રસ્તો છે.

૧૧૧. શબ્દને શ્રીરાધાકૃષ્ણના નામધ્વનિમાં જોડવો. ટાઢ, તડકો અને ત્વચાને જીતવી. બધે શ્રીરાધાકૃષ્ણની ભાવના કરી અગર પ્રભુમૂર્તિ સામું ત્રાટક કરી, નેત્રેઇન્દ્રિયને (રૂપને) જીતવી ને

ચાલતી વખતે નીચી દૃષ્ટિ રાખવી. દેહનિર્વાહ જેટલું ઓછા રસ-કસવાળું અને શરીરને અનુકૂળ ભોજન ક્ષુધાથી બાર આની લેવું. રૂપરસનો ત્યાગ કરી ભગવતનૈવેદ જમીને રસના (જિ-હ્વા)ને જીતવી. જ્યાં જ્યાં દુર્ગંધ હોય ત્યાં ત્યાં આપણા શરીરથી તે સારું છે એમ સમજવું; કેમકે તે બીજી વસ્તુ-ને બગાડતાં નથી; પરંતુ શરીરના સંગથી તો તમામ વસ્તુ બગડે છે. માત્ર તુલસી આદિની સુગંધી લેવી અને એ રીતે ગંધને જીતવી. સત્ય, હિતપ્રિય તથા ભગવત્સ્મરણ વિના બીજું ન બોલતાં મૌનથી વાણીને જીતવી. ભગવત્સેવા અને સંતસેવા કરવી કે માળા ફેરવવી અથવા વેપારવાળાએ શુદ્ધ જીવિકા મેળવવામાં હાથને રોકીને તેને જીતવા. પાદને આસનથી જીતવા. પાયુને સૂક્ષ્મ ભોજન કરી ધ્યાનભજનમાં અધોવાયુ કે મલોત્સર્ગ ન થાય તેમ જીતવી. મનને પ્રાણાયામથી એટલે પ્રાણ જીતવાથી કે ઉપસમ (વૈરાગ્ય) વડે જીતી પ્રભુનું સ્મરણ, શ્રવણ, કીર્તન, ભજન–ધ્યાન કરવું એજ કર્તવ્ય છે.

श्लोक

अक्रोध वैराग्यजितेन्द्रियत्वं। क्षमा दया सर्वजनप्रियत्वं ॥
निर्लोभ दाता भयशोकहर्ता। ज्ञानस्य चिह्नं दश लक्षणानि ॥१॥

धर्मे तत्परता मुखे मधुरता दाने समुत्साहिता।
मित्रेऽवंचकता गुरौ विनयता चित्तेति गंभीरता ॥
आचारे शुचिता गुणे रसिकता शास्त्रेति विज्ञानिता।
रूपे सुन्दरता हरौ भजनिता सत्स्वेव संदृश्यति ॥२॥
गर्वं नोद्वहति न निंदति परान्नो भाषते निष्ठुरं।
प्रोक्तं केनचिदप्रियं च सहते क्रोधं च नालंबते ॥

श्रुत्वा काव्यमलक्षणं परकृतं संतिष्ठते मूकवत् ।
दोषांश्च्छादयते स्वयं न कुरुते ह्येतत्सतां लक्षणम् ॥३॥
वाञ्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौर्नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषितिरतिर्लोकापवादाद्भयम् ॥
भक्तिः शूलिनि शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले- ।
ष्वेते येषु वसन्ति निर्मलगुणास्तेभ्यो नरेभ्यो नमः ॥४॥

अविरुद्धमनुद्वेगं समभावचराचरम् ।
अहं मम परित्यज्य परोधर्मः स उच्यते ॥५॥
अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥६॥
संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥७॥
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥८॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥९॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥१०॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥११॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥१२॥

ये तु धर्म्मामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः॥१३॥

અર્થાત્ઃ—ક્રોધ ન રાખવો, વૈરાગ્ય રાખવો, ઇંદ્રિયો જીતવી, ક્ષમા રાખવી, દયા રાખવી, માનવમાત્રને પ્રિય થવું, લોભ-રહિત રહેવું, દાન આપવું, ભય હરવો અને શોક હઠાવવો એ દશ જ્ઞાનનાં લક્ષણ છે. ૧.

ધર્મ વિષે પરાયણતા, વાણી વિષે મધુરતા, જ્ઞાન વિષે ઉત્સાહ, મિત્ર વિષે નિષ્કપટતા, ગુરુ વિષે વિનય, ચિત્ત વિષે ગંભીરતા, આચાર વિષે પવિત્રતા, ગુણ વિષે રસિકતા, શાસ્ત્ર વિષે જ્ઞાન, રૂપ વિષે સુંદરતા અને હરિ વિષે ભક્તિ એ સત્પુ-રુષોમાંજ દર્શન દે છે. ૨

ગર્વની ઝાળ કાઢતો નથી, પારકાના અન્નને નિંદતો નથી, નઠોર બોલતો નથી, કોઇ અપ્રિય બોલે તોય ક્રોધનો આશરો લેતો નથી, તેમજ બીજાનું બનાવેલું લક્ષણહીન કાવ્ય સાંભ-ળીને મૂગાની જેમ રહે છે, પરાયા દોષોને ઢાંકે છે ને પોતે દોષ કરતો નથી—આ સત્પુરુષનું લક્ષણ છે. ૩.

જેને સજ્જન સમાગમનીજ ઇચ્છા છે, પારકાના ગુણ વિષે જેને નીતિ છે, જે ગુરુને વિષે નમ્રતા રાખે છે, જેને વિદ્યાનો વ્યાસંગ છે, જે સ્વપત્ની વિષે પ્રીતિયુક્ત છે, જે લોકના અપ-વાદથી ભય રાખે છે, જે શૂલધારી ભગવાન શંકરમાં ભક્તિ રાખે છે અને જે ખળોના સંસર્ગથી મુક્ત છે—તે નિર્મલ ગુણ-વાળા એ નરોને નમન હો. ૪.

સત્યથી વિરુદ્ધ નહિ એવું, કોઈનેય ઉદ્વેગ ન કરનારું ચર તથા અચરને વિષે સમભાવ રાખનારું, તેમજ અહંતા અને મમતાથી પર એવું જે વર્તન તે પરમ ધર્મરૂપ કહેવાય છે. ૫.

જે મારો ભક્ત સર્વ ભૂતોનો દ્વેષ નહિ કરનાર, મિત્રભાવે વર્તનાર, કરુણાવાળો, મમતારહિત, અહંકારરહિત, સુખ-દુઃખમાં સમદૃષ્ટિવાળો, ક્ષમાશીલ, સદા સંતોષી, સમાહિત ચિત્તવાળો મનને વશ રાખનારો, દૃઢ નિશ્ચયવાળો અને મારામાં અર્પણ કરેલાં મન-બુદ્ધિવાળો હોય છે તે મને પ્રિય છે. ૬,૭.

જેનાથી લોક ઉદ્વેગ પામતા નથી અને જે લોકથી ઉદ્વેગ પામતો નથી તથા જે હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી મુક્ત છે, તે મને પ્રિય છે. ૮.

જે મારો ભક્ત સ્પૃહાવિનાનો, પવિત્ર, દક્ષ-ચતુર, પક્ષપાત રહિત, વ્યથાથી મુક્ત અને સર્વ આરંભોને તજનારો છે, તે મને પ્રિય છે. ૯.

જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, ઇચ્છા કરતો નથી અને શુભાશુભનો ત્યાગ કરનારો તથા ભક્તિમાન હોય છે, તે મને પ્રિય છે. ૧૦.

વળી જે શત્રુ કે મિત્ર ઉપર, માન કે અપમાનમાં તથા ટાઢ, તાપ, સુખ કે દુઃખમાં સમાન ભાવવાળો અને સંગરહિત હોય છે; તથા નિંદા અને સ્તુતિને સમાન માને છે, મૌન ધારણ કરે છે, જે કોઇ પણ પ્રકારે સંતુષ્ટ રહે છે, સ્થાન વિનાનો હોય છે અને સ્થિર બુદ્ધિવાળો તથા ભક્તિમાન હોય છે તે મનુષ્ય મને પ્રિય છે. ૧૧,૧૨.

મારા પરાયણ અને શ્રદ્ધાળુ એવા જે ભક્તો ઉપર કહેલા આ ધર્મરૂપ અમૃતનું સેવન કરે છે તેઓ મને અત્યંત પ્રિય છે. ૧૩.

૧૧૨. જીવન્મુક્ત અર્થાત્ જેને દેહનું ભાન નથી એવા પુરુષ વિના મુમુક્ષુએ એકલા કે એકાંતમાં રહેવું નહિ.

૧૧૩. થોડામાં થોડો પણ સ્વધર્મ આચર્યો હોય તો,

અર્થાત્ માતાપિતાની સેવા, ગુરુસેવા કે વર્ણાશ્રમધર્મ પણ આચર્યો હોય, તો તે મહાભયથી છોડાવે છે

૧૧૪. મુમુક્ષુએ રોગ મટાડવા માટે કે પુષ્ટિ માટે ધાતુ, માત્રા આદિ ખાવું નહિ; કેમકે તેથી કામરૂપ પરમ વૈરી વૃદ્ધિ પામે છે અને જન્મમરણના રોગને પ્રાપ્ત કરે છે.

૧૧૫. આત્મચિંતનરૂપ વેલીને ઉદાસીનતારૂપ જળથી સિંચન કરવું.

૧૧૬. મુમુક્ષુએ કોઈ પ્રાચીન ગ્રંથના આધાર વિના વ્યાખ્યાન કરવું નહિ; જેથી મરજી મુજબ બોલાય નહિ.

૧૧૭. ઈશ્વરપ્રીત્યર્થે કર્મ કરવાં. ઈશ્વરભજનમાં વિરોધી વસ્તુનો ત્યાગ કરવો.

૧૧૮ હરિ ભજતાં દુઃખને અમૃતસમાન જાણવું અને પ્રભુવિમુખ વિષયસુખને વિષસમાન જાણવું.

૧૧૯. સ્વાર્થ-પરમાર્થમાં દેહાત્મભાવજ હાનિકારક છે. કેમકે દેહમાં અભિમાન થવાથી ભય-શોકાદિ થાય છે અને આત્મભાવ કરે તો ઉન્નતિ થાય છે; કેમકે આત્મા અજર-અમર છે તો ભય અને શોકનું કારણ શું છે?

૧૨૦. જ્યાં પૈસા સંબંધી આપવા-લેવાની તકરાર પડે અને લેણદાર અન્યાયથી વધારે લે અથવા દેણદાર ઓછા આપે, તો ત્યાં તકરાર નહિ કરતાં, તેટલી રકમ પરમાર્થમાં વાપર્યાનો ભાવ કરી આનંદ માનનાર કોટિગણા પુણ્યને અને પરમ શાંતિને પામે છે.

૧૨૧. જ્ઞાન થાય ત્યારેજ પારકા દોષ દેખાય નહિ. પોતાના સ્વરૂપમાં દોષ કે સંશય વિના પારકામાં દોષની પ્રતીતિ થતી નથી; કેમકે ચૈતન્ય વ્યાપક હોઇ પારકામાં દોષ જોતાં પોતેજ

દોષવાળો બને છે. એટલે અન્યમાં પણ રાગદ્વેષ ન થાય તેજ જ્ઞાન.

૧૨૨. સ્વપ્ન ન આવે ત્યારેજ નિરોધ દશા કહેવાય.

૧૨૩. મૂર્ખો સાથે વિશેષ લાભહાનિ ન હોય તો હાજી હાજી કરવું તેમાં પરમ શાંતિ છે.

१२४–अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

અર્થાત્:–એકત્વભાવને પામેલા અને મારું ચિંતન કરતા જે મનુષ્યો મને સંપૂર્ણ રીતે ઉપાસે છે, તે નિત્ય મારામાં જોડાયલા મનુષ્યોના યોગ (અપ્રાપ્તની પ્રાપ્તિ) તથા ક્ષેમ (પ્રાપ્તની રક્ષાને) હું ચલાવું છું.

આથી નરસિંહ મહેતા, મીરાંબાઇ આદિએ વેપાર સામું જોયુંજ નહિ; કેમકે શરીર સાથે પ્રારબ્ધ તો પહેલુંજ બંધાયું છે માટે પુરુષાર્થની જરૂર નથી. કર્તવ્ય તો ઈશ્વરપ્રાપ્તિ માટેજ છે; જેથી તેજ કર્તવ્ય કરવું કે જેથી ઈશ્વરપ્રાપ્તિ થાય.

૧૨૫. વિષ્ટા–મૂત્રના આ દેહમાં મમત્વ થાય તો બહાર પણ એવા પદાર્થો ઘણા છે. એ મલિન પદાર્થોમાં મમત્વ કરનારના જેવો, દેહ વિષે મમત્વ કરનાર અધમ કહેવાય; માટે આ દેહ અધમ છે એમ જાણી દેહમાં મમત્વ રાખવું નહિ.

૧૨૬. આવરદા રક્ષા કરે, પ્રારબ્ધ કરે સેવ;
મનમાં ધારજ ધાર કે, ભજ નિરંજન દેવ.

એટલે ધનાદિ પોતાની રક્ષા કરશે એવી આશા રાખવી નહિ, તેમજ સ્ત્રી–પુત્રાદિ કે શિષ્યાદિ સેવા કરશે એવી પણ આશા રાખવી નહિ. પણ આવરદાજ જિવાડશે ને પ્રારબ્ધમાં હશે તેજ સેવા કરશે એમ માની નિશ્ચિંત થઇ ભગવાનનું ભજન કરવું.

૧૨૭. ચાહ ચમારી ચૂહરી, ચાહ નીચ કી નીચ;
તૂ તો પુરણ બ્રહ્મ થો, ચાહ ન હૂતિ બીચ.

એટલે જે પરમાત્મામાંથી યાવત્ સુખ ઉત્પન્ન થયાં છે તે રૂપ હું છું, તો બીજી કોઈ ચાહના મારામાં ન ઘટે. ચાહ એજ દુ:ખ છે, એમ માની સ્વરૂપાનંદમાં રહેવું.

૧૨૮. અમર થાય જે મરે પ્રીતે, જીવે તે મરી જાય;
અવળી વાણી સવળી સમજે, સદ્દગુરુ હોય સહાય.

ઉપર પ્રમાણે કામ, ક્રોધ, લોભથી રહિત થઈને, જે આત્મામાં પ્રીતિથી મળી જાય તેજ અમર થાય. એટલે એને અજર–અમર આનંદરૂપ આત્મા પ્રાપ્ત થાય છે અને તે અમર થાય છે. પરંતુ જ્યાં સુધી કામ–ક્રોધ–લોભને વશ થઈ તેના આધારરૂપ શરીરમાં જીવવાની બુદ્ધિ રહે છે, ત્યાંસુધી જનમ-મરણ થાય છે.

श्लोक–श्लोकार्धे च प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव केवलम् ॥१॥
विश्वामित्रपराशरप्रभृतयो वाताम्बुपर्णाशिना-।
स्तेऽपि स्त्रीमुखपंकजं सुलालितं दृष्ट्वैव मोहंगताः॥
कामेन विजितो ब्रह्मा कामेन विजितो हरिः।
कामेन विजितो विष्णुः शक्रः कामेन निर्जितः॥२॥
गजरथतुरगं गां भूमिदानं शतेन।
कनकमृषिपात्रं वेदग्रंथं तथैव ॥
उभयकुलविशेषं कोटीकन्याप्रदानं ।
न भवति शिवतुल्यं अन्नदानं समानम् ॥३॥

અર્થાત્ જે કરોડો ગ્રંથોએ કરીને કહેવામાં આવ્યું છે, તે

હું શ્લોકના એક અડધિયામાં કહીશ–બ્રહ્મ એ સત્ય છે, જગત એ મિથ્યા છેઃ જીવજ કેવલ બ્રહ્મ છે. ૧.

વાયુ, જલ, અને પાંદડાં ખાઇ રહેનારા વિશ્વામિત્ર તથા પરાશર આદિ ઋષિઓય સ્ત્રીઓનાં સુલલિત મુખકમલને જોઇને મોહવશ થયા છે. કામે કરીને બ્રહ્મા હાર્યા છે, કામે કરીને શિવજી હાર્યા છે, કામે કરીને વિષ્ણુ હાર્યા છે અને કામે કરીને ઇન્દ્ર હાર્યા છે. ૨

હાથી, રથ, ઘોડા, ગાય, ભૂમિ, સુવર્ણ, ઋષિપાત્ર અને વેદગ્રંથ, એ સેંકડોથી દાનમાં અપાય તેમજ બન્ને કુળને વિશેષકારી એવી કરોડો કન્યાઓનું દાન કરવામાં આવે, તોય શિવરૂપ જે અન્નદાન કરવામાં આવે છે, તેની સરખામણીમાં તે ઊભાં નહિ રહી શકે. ૩

૧૨૯. જ્યાં તકરારના પ્રસંગે સમાધાન કરવું હોય, ત્યાં આપણા સંબંધીએ અને આપણે શુદ્ધ અંતઃકરણથી ગુનેગાર થવું. આપણો દોષ ન હોય ને સંબંધીનો દોષ હોય, તો તેની શિક્ષા પોતે ભોગવવા સામા પાસે માગણી કરીને માફી માગવી. જેથી સામો માણસ ક્રોધ છોડીને શાંત થશે અને આપણને પણ તરત શાન્તિ વળશે. આમ બન્ને પક્ષને શાંતિ આપવી એ મહાન યજ્ઞ કરતાં શ્રેષ્ઠ છે.

૧૩૦. આયુષ નિરંતર અંજલિ, ટપકત શ્વાસોશ્વાસ;
એસેહિ ચલિ જાત હૈ, અવસર ઇશ્વરદાસ.
જ્ઞાન બઢે ગુણવાન કી સંગત, ધ્યાન બઢે તપસિ સંગ કીજે;
મોહ બઢે પરિવાર કી સંગત, લોભ બઢે ધન મે ચિત દીજે;
ક્રોધ બઢે નર મૂઢ કી સંગત, કામ બઢે ત્રિય કે સંગ કીને.
બુદ્ધિ વિવેક વિચાર બઢે, કવિ દીન સુસજ્જન સંગત કીને.
બોત ગઇ થોડી રહી, થોડી હિ અબ જાત;
કહે નાટ્ય સુણ માલદેવ, તાલભંગ ન થાય.

સ્થાવર જંગમ અવનિમં, જાં લગી જીવ જહાન;
એકરૂપ નિશ્ચય ભયો સો અન્ય ન વિજ્ઞાન.

૧૩૧. કોઇના વચનમાં દોષ મૂકી વચનભેદ કરવો નહિ. એમ કરવામાં પોતાનું ગૌરવ અને સામાનું હલકાપણું દર્શાવાય છે. એથી સામાનું અપમાન થાય છે અને તે આત્મસાધનમાં હાનિકારક છે.

૧૩૨. જ્ઞાનીને ભેદ નહિ એમ માની સાધારણ આચાર કે ક્રિયામાં જે જડતા જણાય, તે પ્રમાદ એટલે તમોગુણની વૃત્તિ છે; વ્યવહાર ક્રિયામાં તથા ખાનપાનમાં પ્રીતિ અને પ્રવૃત્તિમાં આનંદ અને ચપળતા, તે રજોગુણની વૃત્તિનું કારણ છે અને અનુકૂળતાથી સુખ, શાંતિ ને ગંભીરતા એ સત્ત્વગુણી વૃત્તિ–સુખનું કારણ છે.

૧૩૩. આ શરીરમાં જે અધિકારી કર્તવ્યભોક્તવ્યનું અભિમાન માને છે, તેજ બંધન છે; કેમકે આત્મા શુદ્ધ છે, દેહ મિથ્યા છે. માટે તેમાં કર્તૃત્વ સંભવતું નથી. તેમજ જગતની ઉત્પત્તિ–સ્થિતિ–લયના કર્તા ઈશ્વર છે, એટલે કર્તા–કર્મ–કરણ પોતેજ છે. એટલે અભિન્ન નિમિત્ત ઉપાદાન કારણ છે. તો અધિકારીને બંધન તો માત્ર વાસનાનુંજ છે અને એ વાસના એક સ્વપ્ન માફક મિથ્યા છે. માટે મિથ્યા વાસનાનો ત્યાગ કરી ઈશ્વરની મરજીમાં રાજી રહેવું અને પ્રભુ જે કરે તે સારું માની કર્તાપણાનું અભિમાન મૂકી 'હું શુદ્ધસ્વરૂપ આત્મા છું' એમ માનવું, એજ પરમ શાંતિનું કારણ છે. કર્તા, કર્મ, કરણ ઈશ્વરરૂપ છે–એ શ્રીભગવાનનું વચન છે.

१३४. श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥

અર્થાત્ઃ–અભ્યાસ (પઠન) કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે, જ્ઞાન કરતાં

ધ્યાન શ્રેષ્ઠ છે, ધ્યાન કરતાં સર્વ કર્મનાં ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે; (એ) કર્મફળના ત્યાગથી શીઘ્ર શાંતિ પ્રાપ્ત થાય છે.

માટે જે પ્રકારે શાંતિ મળે તેમ વર્તવું. કોઇ કાંઇ વસ્તુ લઇ જાય તો સંતોષ માનવો. કોઇનો અપરાધ થાય તો માફી માગવી. કોઇ વસ્તુ ગ્રહણ કરવાથી ક્લેશ રહેતો હોય તો તેનો ત્યાગ કરવો. સંસર્ગથી રાગદ્વેષ થાય તો સંસર્ગથી દૂર રહેવું. વિહિત વસ્તુની અપ્રાપ્તિથી વિક્ષેપ રહે તો નીતિ તથા ઉદ્યમથી તે પ્રાપ્ત કરવી. પણ કોઇ પણ પ્રકારના ફળની ઇચ્છા વિના પ્રભુ મરજીથી મળેલા સર્વ સંજોગોમાં સર્વ સુખરૂપ માની શાંતિ રાખવી. બધે ભગવદ્ભાવના કે બ્રહ્મભાવના (પોતારૂપ ભાવના) કરી કર્મફળને મિથ્યા માનવાથી તે સ્વપ્નવત્ થાય છે. પછી શોક કે રાગદ્વેષ ક્યાં રહે? અર્થાત્ શાંતિ રહે છે.

૧૩૫. હરેક વસ્તુ ઈશ્વરરૂપે, બ્રહ્મરૂપે, સત્યરૂપે સત્યજ છે; પણ પુરુષને તેનો સંગજ દુઃખદ છે. પુરુષ શુદ્ધ ચૈતન્ય છે, માયા એ પણ શુદ્ધ શક્તિ છે, પણ જગત માયાના સંગેજ ઉદ્ભવે છે.

૧૩૬. વર્તુળનું મધ્યબિંદુ, વર્તુળના પરિઘ ઉપરની કોઇ પણ જગ્યાએ ઊભા રહીએ ત્યાંથી સરખુંજ દૂર હોય છે. કોઇ પશ્ચિમમાં, કોઇ ઉત્તરમાં કે કોઇ દક્ષિણમાં ઊભો હોય; તેમાંના હરેકને મધ્યબિંદુ તો સરખા અંતરે રહે છે. તેવીજ રીતે ઈશ્વર અગર બ્રહ્મનું સ્વરૂપ **सत्यं ज्ञानमनन्त ब्रह्म** છે. એટલે વર્તુલાકારે અનંત છે. અનંત કહેતાં છેડો ન આવે તેવું. તે વર્તુળના મધ્યબિંદુ તરીકે બ્રહ્મધામને પહોંચવા માટે કોઇ કર્મમાર્ગી (પૂર્વદિશા)માં હોય, કે કોઇ જ્ઞાનમાર્ગી (ઉત્તરદિશા)માં હોય, તોપણ તે બન્ને મધ્યબિંદુએ જવાના. પણ જો પોતાનો સ્વધર્મ છોડી, એટલે જેનો કર્મનો અધિકાર છે તે કર્મદિશા

છોડી દઇ, જ્યાં જ્ઞાનમાર્ગી ઊભો છે ત્યાં જાય, તો તેટલો ફેર તેને વિશેષ પડે છે. એટલે વર્તુળના મધ્યબિંદુને પહોંચવામાં જ્યાં જ્યાં ઊભા હોઇએ ત્યાં ત્યાંથી સીધા ચાલવું તેજ ટૂંકો રસ્તો છે, તેમ પોતાના વર્ણાશ્રમ અનુસાર ધર્મ પાળી ઈશ્વર ભજવા એ સહેલો રસ્તો છે. વૈરાગ્યવાનને માટે ટૂંકો રસ્તો ત્યાગ છે.

૧૩૭. દુઃખમાં ધીરજ ને સુખમાં પ્રભુને ધન્યવાદ એ ઉત્તમ ભજન છે.

૧૩૮. આપત્તિમાં ઉચ્ચ ભાવનાનો ઉદય થાય છે.

૧૩૯. સંપત્તિ એ વિપત્તિનું બીજ છે.

૧૪૦. અર્થ ને અનર્થથી બચીને વહેવાર કરવામાં આવે તો તે પરમાર્થરૂપ છે.

૧૪૧. મનુષ્યજન્મનું કર્તવ્ય સત્સંગદ્વારા ઈશ્વરપ્રાપ્તિ છે.

૧૪૨. ઇન્દ્રિયો જીતવાનો ઉપાય એ છે કે, ઇન્દ્રિયોના નાયક એવું જે મન તેને બાહ્યવિષયાકાર થતાં પહેલાં ઈશ્વરાકારક બ્રહ્માકાર કે નામાકાર રાખવું, એટલે જેમ દરિયામાં પડ્યા પહેલાં વહાણમાં બેસનાર બૂડે નહિ તેમ.

૧૪૩. સંસારનો ત્યાગ તે ઉપરનો ત્યાગ ને પાપકર્મનો ત્યાગ તે બુદ્ધિનો ત્યાગ અને તેજ અંતરનો ત્યાગ છે.

સાધનસહિત કર્મને છોડવાં તે ઉપરનો સંન્યાસ ને શુભાશુભ કર્મનાં ફળની ઇચ્છાનો ત્યાગ તે આંતરસંન્યાસ છે.

આંતરબાહ્ય બન્ને ત્યાગ શ્રેષ્ઠ છે; પરંતુ બહારના ત્યાગ કરતાં અંતરનો ત્યાગ વિશેષ અગત્યનો છે.

જે માણસ પ્રાપ્ત કરેલા ધર્મનો અધર્મથી નાશ કરે છે, તેની અધોગતિ થાય છે.

૧૪૪. પદાર્થોની પ્રાપ્તિ હો કિંવા ન હો, પણ જે થોડા

પદાર્થથી સંતોષ માને તે સુખી છે અને જે ઘણા પદાર્થ હોવા છતાં ઇચ્છા રાખે તે દુઃખી છે.

૧૪૫. કામાદિક દોષ સાધુપુરુષે સંગરહિત થઈને જીતવા, પણ સંગ રાખી જીતવા કઠણ છે. શાસ્ત્રનો સિદ્ધાંત પણ એમજ છે કે, સંગથી યતિનો એટલે યતિધર્મનો નાશ અને લોભથી લાજનો નાશ થાય છે; માટે અસંગ રહેવું. સિદ્ધપુરુષે કામાદિ જીત્યા હોય તોપણ મનનો વિશ્વાસ કરવો નહિ. દેહ છે ત્યાંસુધી મનનો નાશ થતો નથી.

૧૪૬. જે વસ્તુ ભૂત, ભવિષ્ય ને વર્તમાન ત્રણે કાળમાં નથી અને છે એમ દેખાય તે માયા. જેમ બાજીગરના હાથમાં ઠીકરામાં રૂપિયો ત્રિકાલાબાધિત છતાં દેખાય છે તેમ.

આત્મસ્વરૂપને પોતાના આવરણથી આચ્છાદિત કરી અન્ય સ્વરૂપે દેખાડે તે માયા. જેમ મદારીની માયા ઠીકરાનું આવરણ કરી રૂપિયો દેખાડે તેમ.

જે વસ્તુ યથાર્થ જ્ઞાન થયા પછી સમૂળથી નિવૃત્ત થઇ જાય તે માયા. જેમ મદારીને ને તે માયા જાણનાર જંબૂરાને યથાર્થ જ્ઞાન ન હોવાથી રૂપિયો છેજ નહિ.

જેમ જડ લોઢું અગ્નિના સંગથી દાહ કરે, તેમ બ્રહ્મની અચિંત્ય શક્તિ તથા બ્રહ્મનો વિવર્તભાવે જગતરૂપ થવાનો સ્વભાવ તે માયા. જેમ જળના તરંગ અથવા પુરુષનું સ્વપ્ન પુરુષમાંથી બિનવિકારે થાય છે પણ તે મિથ્યા હોય છે તેમ.

અશુચિમાં શુચિબુદ્ધિ, અનાત્મમાં આત્મબુદ્ધિ, દુઃખમાં સુખ–બુદ્ધિ તે માયા.

બ્રહ્મથી શક્તિ જુદી નહિ પણ સામાન્ય વિશેષરૂપ અર્થાત્ રૂપાંતર તે માયા. જેમ સુવર્ણ ઘાટરૂપે હોય છે તેમ.

૧૪૭. સંસારનો ત્યાગ બીજા કોઇ પણ ઉપાયથી થતો નથી. પણ આ સંસારની ઉત્પત્તિના સ્થાનરૂપ મનના ત્યાગથીજ થાય છે. એટલે તે માયાનું કાર્ય છે ને તેનું કરેલું સર્વ મિથ્યાજ છે, એમ જાણી મનથી બ્રહ્માકાર સિવાય બીજો આકારજ કરવો નહિ. જ્યાં કાંઇ અન્યથા સ્ફુરણ થાય તે મનનુંજ પાખંડ છે અને તે દુઃખનું મૂળ છે એમ જાણીને મનનો સર્વથા ત્યાગ એટલે નિર્વિકલ્પ તેજ મોક્ષ. પછી તે ગમે તો સમાધિથી રહે કે જાગ્રતમાં વહેવાર કરતું રહે.

૧૪૮. સર્વેમાં મારો આત્મા છે, એમ સર્વાત્મભાવ રાખવો. આત્માનો એ નાતોજ સત્ય છે; પરંતુ મિથ્યા માયા કે તેથી બનેલા પદાર્થ માટે સાચો નાતો હોતો નથી.

દોહો–મિથ્યા માયા જાણીને આતમ શું ચિત્ત જોડ;
મિથ્યા માયા કારણે સાચો નાતો ન તોડ.

તેમજ વહેવારમાં સગાંસ્નેહિ સાચા નાતાવાળાં છે. લક્ષ્મી, જમીન અને સ્ત્રીઓ માટે પુરુષે સંબંધીમાં ક્લેશ કરવો નહિ, "જર, જમીન ને જોરૂ, ત્રણે કજિયાનાં ભેરુ." પોને કામ ક્રોધાદિથી રહિત થઇ પૂર્ણ સમતાએ પહોંચવું એ બીજાને સુધારવાની કૂંચી છે.

૧૪૯. જ્ઞાનીએ પણ એ ત્રણે ઈષણાનો ત્યાગ કરવો. તેમાં મોટા માને મોટાઓ સાથે સંબંધ બાંધવારૂપી લોકેષણા આત્મસુખમાં મહાન હાનિકારક છે. માટે ભગવતભરોસે રહેવું પણ મોટાઓની ઇચ્છા કરવી નહિ.

જ્ઞાનમાં ઉત્તમ ભૂમિકાએ જનારે અધ્યાત્મ, આધિભૌતિક અને આધિદૈવિક–આધિ, વ્યાધિ ને ઉપાધિ તથા ભૂત, ભવિષ્ય ને વર્તમાન દુઃખથી ન ડરવું; પણ પ્રારબ્ધનો તથા ભગવાનનો

ભરોસો રાખવો, સુખ માટે ઉદ્યમ કરવો નહિ.

૧૫૦. શરીરમાં નડતા એવા મળમૂત્રનો ત્યાગ કર્યા બાદ ફરી તેનું શું થશે તેની કોઈ ફિકર કરતું નથી ને તે મળત્યાગ માટે ઉત્સુક રહે છે તેમ આત્માને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ ત્રણેનું અભિમાન જન્મ–મરણ આપનાર છે, માટે તેનો ત્યાગ કરવા ઉત્સુક રહેવું. અપમાનને અમૃત સમજી સેવનાર અને માનને ઝેર-સમાન સમજી તેનાથી સદા સાવચેત રહેનાર ઉત્તમ પુરુષ છે. માનથી દેહાભિમાન વધે છે.

असंमाने तपोवृद्धि संमानाच्च तपक्षयः ।
पूजया पुण्यहानिः स्यान्निन्दया सद्गति भवेत् ॥

અર્થાત્‌:–માન ન મળ્યે તપની વૃદ્ધિ થાય, માન મળ્યે તપનો ક્ષય થાય, સત્કારથી પુણ્યની હાનિ થાય અને નિન્દાથી અસદ્‌ગતિ થાય.

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठस्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविंदाल्लवनिमिषार्धमपि यः स वैष्णवाग्र्यः ॥

અર્થાત્‌:–ત્રણે ભુવનના વૈભવના કારણે પણ જેની સ્મૃતિ કુંઠિત થતી નથી, અજિત મનવાળા દેવાદિઓ જેને શોધે છે, તે ભગવાન ચરણારવિન્દમાંથી એક તલમાત્ર પણ ચળતો નથી, તે ધર્મપ્રિય વૈષ્ણવોમાં અગ્રણી છે.

દુઃખ, ભૂખ, અપમાન ને પ્રતિયોગીમાં પ્રીતિ રાખવાથી અનુકૂળતા પ્રિય હોવાથી સઘળે પ્રિયતા થાય છે ને સમાનત્વ પ્રાપ્ત થાય છે. એમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું પ્રમાણ છે કેઃ—

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःख सुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥

અર્થાત્‌:–હે પુરુષશ્રેષ્ઠ ! સુખદુઃખને સમાન માનનારા જે

ધીરજવાળા પુરુષને આ (ઇંદ્રિયોના વિષયો સાથેના) સંબંધો વ્યાકુળ કરતા નથી, તે અમરપણાને પામવાને સમર્થ થાય છે.

દોહા—ચાલ ચલે સંસાર કી મિલન ચલે કરતાર,
કહો તુલસી કૈસે બને દો ઘોડે અસવાર.
ચાલ ચલે સંસાર કી રામનામ સે ટેક,
તુલસી તિન કી બન ગઈ દો ઘોડે રથ એક.
માલા મન સે લડ પડી તુ મત વિસારે મોય,
વિના શસ્ત્ર કે સુરમા લડતન દેર ન હોય.

ભજન—વેદાંતી

બ્રહ્મદર્શી ગુરુ મળિયા મનના ભાવતા,
તેણે કીધો મુને દેહ છતાં વિદેહ જો;
'હું—મારું' એ ટળી ગઈ મનની માનતા,
જેથી ટળિયાં ચિત્તથી ધન—સુત ગેહ જો.
બ્રહ્મદર્શી ગુરુ મળિયા મનના ભાવતા ૧

પોતાનો જાણીને કૃપા મુજને કરી,
જોયા નહિ કાંઇ અપરાધીના ફંદ જો;
આપીને વરદાન ભવોભવ ટાળિયા;
પાયું મુજને અમૃત બ્રહ્માનંદ જો—બ્રહ્મદર્શી૦ ૨

ગુરુએ કીધું તું પૂરણ બ્રહ્મ પરમાતમા,
એ મારગમાં કીધો મેં પરવેશ જો;
જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ મૂકી ચાલવું,
આગળ દીઠી તુર્યાવસ્થા છેક જો—બ્રહ્મદર્શી૦ ૩

તુર્યાથી આઘેરી ઉન્મુની પાંચમી,
તેને કહીએ નિર્વિકલ્પ સમાધિ નામ જો;
તે સ્થળ જોતાં આવાગમન ત્યાં વિરમે,
ત્યાં વાધ્યો મારો મહિમા નિજસુખધામ જો—બ્રહ્મદર્શી૦ ૪

જાગ્રતમાં હું ધરીશ ચોવીસ સંઘાતને,
ઇન્દ્રિયદ્વારે કરું નાના વહેવાર જો;
સ્વપ્નામાં નવ તત્ત્વ કલેવર આથડે,
તેના તે સુખદુઃખનો જાણનહાર જો—બ્રહ્મદર્શી૦ ૫

બિન જાને એ વાત સુષુપ્તિ પાધરી,
કોઇ નહિ ત્યાં હુંજ પ્રકાશિત એક જો;
જાણનહારી તુરિયા ત્યાંથી વેગળી,
જ્ઞાતા જ્ઞાન જ્ઞેય તણી ત્યાં ટેક જો—બ્રહ્મદર્શી૦ ૬

બોલું તોપણ મુન્ય ટળે નહિ માહરું,
દેખીને નવ દેખું એવી રીત જો;
સાંભળું તોપણ સાંભળું નહિ કંઈ વાતને,
એ છે મારો અનુભવ વેદવિદિત જો—બ્રહ્મદર્શી૦ ૭

અગ્નિ સંગે શીતળ લોઢું તાવિયું,
લોહ બળે પણ અગ્નિ તે કહેવાય જો;
મારી ચેતનતા એ લોહને આશરે,
તન-મન-ઇન્દ્રિય એ ત્રણ વ્રત કહેવાય જો—બ્રહ્મદર્શી૦ ૮

હું અસંગ છું સંગ નહિ મારા અંગને,
તક્ર પડે જેમ માખણ અળગું થાય જો;

ભાસું સૌ સરખો પણ સૌથી વેગળો,
રંગ તણો સ્ફાટિકમાં ભાસ ન કોઇ જો—બ્રહ્મદર્શી૦ ૯

સર્વે વ્યાપી અમલ જેમ આકાશ છે,
ઘટ મઠનો કાંઇ ભેદ કર્યો નવ જાય જો;
અનઘટ હું પરિપૂરણ એક પરમાતમા,
જીવ ને ઈશ્વર ભેદ અવિદ્યા માંય જો—બ્રહ્મદર્શી૦ ૧૦

એવો હુ પરિપૂરણ ચિદ્દ્ઘન એકલો,
બીજું કલ્પિત જેવરીમાં જેમ સાપ જો,
વાચારભણ નામ રૂપ પરપંચ છે,
નિશ્ચયો કે ત્હ્ય ચૈતન્ય આપોઆપ જો—બ્રહ્મદર્શી૦ ૧૧

ચેતન કહું તો જડતા બીજી કલ્પીને,
કાંઈ વિશેષણ દીધું નવ દેવાય જો;
મૂંગો શું કહે સાકર કેરા સ્વાદને,
જેમનું તેમજ બાપુ ને કહેવાય જો—બ્રહ્મદર્શી૦ ૧૨

श्रीभूधर भक्तनुं संक्षिप्त चरित्र

[આ ભૂધર ભક્તનું ચરિત્ર તેમના પુત્ર શ્રી. ઉત્તમભાઈએ પોતાની યાદદાસ્ત મુજબ લખાવ્યું છે. આ સિવાય બીજી વિગત જે કોઈ ગૃહસ્થની જાણમાં હોય તે લખી મોકલવા કૃપા કરે. જેથી તેનો નવી આવૃત્તિ વખતે યથામતિ ઉપયોગ થશે.]

શ્રીભક્તનો જય! ભગવાનને પણ ભક્તને આધીન કહેલા છે; એથી ભક્ત, ભગવાનથી મોટા ગણાય છે, માટે ભક્તનો જય! ભક્તનો જય!

ભૂધર ભક્તનો જન્મ સંવત ૧૯૦૧ માં ધોળકા તાલુકાના ચંડીસર ગામમાં થયો હતો. એમના પિતાનું નામ કિશોરભાઈ અને માતાનું નામ કંકુબહેન હતું. તેઓ ગામમાં પોતાનો લુહારી ધંધો સારી રીતે ચલાવતા હતા.

કિશોરભાઇને એક ભાઈ હતા જેમનું નામ મનોરદાસ હતું. બન્ને ભાઇઓ પોતાનો ધંધો–રોજગાર સારી રીતે ચલાવતા હતા. એવામાં એક દિવસ કંઇ કારણસર કિશોરભાઇને પોતાના ભાઈ સાથે અણબનાવ થયો અને મનોરદાસે તેમને કહી દીધું કે, "આજથી તમારે અમારા ઘરાકનું કામ કરવું નહિ અને કરો તો તમને રામદુહાઇ છે." આ સાંભળતાંજ કિશોરભાઇએ પોતાનું કામકાજ બંધ કરી દીધું.

આ રીતે કામ બંધ તો કર્યું; પરંતુ પછી શું કરવું એ

વિચાર એમના મગજમાં ઘોળાવા લાગ્યો અને છેવટે ગામ છોડીને ચાલ્યા જવાનું નક્કી કર્યું. પોતાનાં પત્ની કંકુ તથા બે પુત્ર છગનલાલ તથા ભૂધરભાઇને સાથે લઇ તેમણે ગામ બહાર નીકળી એક ઝાડ નીચે મુકામ કર્યો.

કિશોરભાઈ પોતાના કુટુંબસહિત ગામ છોડીને ચાલ્યા જાય છે, એ વાતની ગામલોકોને જાણ પડી એટલે સર્વે ગામના મુખીને સાથે લઇ, તેમને જતા અટકાવવા, તેમણે જ્યાં મુકામ કરેલો તે સ્થળે આવી પહોંચ્યા અને કિશોરભાઇને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા; પરંતુ કિશોરભાઇએ જણાવ્યું કે, "મને કામ કરવાના સોગંદ દીધેલા હોવાથી હવે મારાથી પાછા આવીને કામ તો થવાનું નથી; તેથી મારું પાછા આવવું નિરર્થક છે."

આ સાંભળી ગામલોકોએ આગ્રહપૂર્વક કહ્યું કે, "કામ ભલે ન કરશો પણ એક વખત ગામમાં આવો તો સારું." છતાં કિશોરભાઈનું મન માન્યું નહિ અને ગામમાં આવવાની પણ ના પાડી દીધી.

મનોરદાસને પણ ભાઇના ગયા પછી ઘણો પસ્તાવો થવા લાગ્યો, એટલે તે પણ ત્યાં આવી પહોંચ્યા. પોતાથી થયેલી ભૂલની માફી માગી ભાઇને પાછા વળવા ઘણું સમજાવ્યા; પરંતુ કિશોરભાઇ એકના બે થયા નહિ. આ રીતે જ્યારે કોઇનો કાંઈ પણ ઉપાય ચાલ્યો નહિ ત્યારે ગામલોકો નિરાશ થઈ પાછા જવા લાગ્યા. પરંતુ તેમનાં પત્ની કંકુબહેનથી આ જોઇ શકાયું નહિ; એટલે એમણે ત્યાં આવેલા ગામના સજ્જનોને કહ્યું કે, "તમને માઠું લાગતું હોય તો તમે માત્ર તમારા કારીગરને એક રાત્રી માટે તેડી જાઓ. બીજે દિવસે તે પાછા આવશે ત્યાંસુધી અમે અહીંજ રહીશું અને સવારે એમના આવ્યા પછી આગળ જઇશું." ગામલોકો એ સાંભળી રાજી થયા અને કિશોરભાઇને ગામમાં

પાછા લઇ ગયા. કંકુબહેને એજ ઝાડ નીચે પોતાનાં બાળકો સહિત રાત્રિ વિતાવી.

બીજે દિવસે સવારે કિશોરભાઈ પાછા આવ્યા, એટલે સર્વેએ મળીને આગળ ચાલવા માંડ્યું. માર્ગમાં ચાલતાં નજીકના એક ગામના મુખીનો મેળાપ થયો. તે ઘોડા પર સવાર થઇને બીજે ગામ જતા હતા. તેમણે કિશોરભાઈને સહકુટુંબ દુઃખી હૃદયે જતા જોઈ પૂછ્યું, "તમે બધાં ક્યાં જાઓ છો?" કિશોર-ભાઈએ જવાબ આપ્યો કે, "જ્યાં પ્રભુ લઈ જાય ત્યાં. અમારો વિચાર અમદાવાદ તરફ જવાનો છે." આ સાંભળી મુખીએ કહ્યું, "ભલે, જાઓ સુખી થાઓ." તેમણે પોતાની પાસેથી (ગોળ, રોટલા, કોકડીઓ વગેરે) ખાવાનું આપ્યું. એ શુભ શુકન લઇ ત્યાંથી નીકળ્યા અને સરોડા ગામે આવી વિશ્રામ કર્યો. ત્યાં નદીકિનારે સ્નાન કરી ભોજન કર્યું અને ત્યાંથી પછી સર્વેએ અમદાવાદ તરફ ચાલવા માંડ્યું.

આ પ્રમાણે સંવત ૧૯૦૫ માં એ કુટુંબ અમદાવાદમાં આવ્યું. તે સમયે ભૂધર ભગતની ઉંમર માત્ર પાંચેક વર્ષની હતી. એ સમયે અમદાવાદ–કાલુપુરમાં ભુવાલડીના નાગરદાસ નામના એક ગૃહસ્થ રહેતા હતા. એ ભૂધર ભક્તના મોસાળ તરફના સંબંધી હોવાથી કિશોરભાઈ કુટુંબસહિત તેમને ત્યાં ઊતર્યા. બેચાર દિવસ ત્યાં રહ્યા બાદ સર્વે આંબલિયાસણવાળા બહેચરદાસ ખુશાલદાસને ઘેર ગયા અને કિશોરભાઇએ તેમને પોતાના દુઃખની બધી વાત કહી સંભળાવી. બહેચરદાસે એમને આશ્વાસન આપ્યું અને તેમના છોકરાને કામે લગાડી આપવા જણાવ્યું.

બહેચરદાસ પોતે ઓવરસિયર હતા. કિશોરભાઇના મોટા પુત્ર છગનલાલને તેઓ પોતાની સાથે લઇ ગયા અને દરરોજના અઢી આનાના રોજથી તેને કામ પર ચડાવી દીધો.

આ સમયે અમદાવાદમાં રેશમનો ઉદ્યોગ સારો ચાલતો હતો. શેઠ અચરતલાલ વૈરાગીને ત્યાં રેશમની હાથની શાળો ચાલતી હતી. કિશોરભાઇએ પોતાના નાના પુત્ર ભૂધરભાઇને, ત્યાં દોરા ખેંચવાના કામ પર ગોઠવ્યો. ત્યાંથી મહેનતાણું રોજનું દોઢ આનો મળવા માંડયું. આ રીતે માત્ર ચાર આનાની આવકમાંથી તે કુટુંબનું ગુજરાન ચાલવા લાગ્યું અને દિવસો સુખેદુઃખે નિર્ગમન થવા લાગ્યા.

એ અરસામાં એક દિવસ દિલ્હી દરવાજે આવેલી હઠીભાઇની વાડીના ખાતમુહૂર્તનો પ્રસંગ હતો. છગનલાલ તથા ભૂધરભાઈ એ ઉત્સવ જોવા ગયા હતા. ત્યાં મુહુર્ત વખતે સોનારૂપાનાં ફૂલ ઉછાળવામાં આવ્યા હતાં. તેમાંનું એક ફૂલ ભૂધરભાઇના હાથમાં આવ્યું. ભૂધરભાઇએ એ ફૂલ ગુલાબબાઇ કે જે અચરતલાલ વૈરાગીને ત્યાં શાળમાં કામ કરતાં હતાં તેમને આપ્યું. ગુલાબબાઇએ તેની કિંમત બદલ ભૂધરભાઇને સવા રૂપિયો રોકડો આપ્યો.× એમાંથી કિશોરભાઇએ ઘરવખરી વસાવી

× આ હઠીભાઇની વાડીનું ચણતર કામ તુરત ચાલુ થયું. એવામાં શેઠ હઠીભાઇ દેવલોક પામ્યા પછી હરકોર શેઠાણીએ પોતાની જાતે કામ ચલાવવા માંડયું. તે પોતાના બેસવાના આસન નીચેથી પૈસા ગણ્યા સિવાય મૂઠી ભરીને દરેક મજૂરને મજૂરી આપતાં હતાં. આ પ્રમાણે દરરોજ મજૂરોને મજૂરી આપતાં હતા, તેવામાં એક મજૂરની દાનત બગડી. તેને વિચાર આવ્યો કે શેઠાણીના આસન નીચે બહુ ધન છે એટલે બધા મજૂરોના ગયા પછી તેણે પાછા આવીને તે આસન નીચે ખોદી જોયું તો તેમાથી કંઈ નીકળ્યું નહિ. એટલે જમીન હતી તેવી સરખી કરીને તે ચાલ્યો ગયો. બીજે દિવસે તે કામ ઉપર પણ ચઢી ગયો. રોજના રિવાજ મુજબ મજૂરી લેવાનો તેનો વારો આવ્યો ત્યારે શેઠાણીએ તેને બે મૂઠી ભરીને પૈસા આપવા માંડયા, ત્યારે તે મજૂર બોલ્યો કે, "આજે મને બે મૂઠીઓ ભરીને કેમ આપો છો?" ત્યારે શેઠાણી